Veer Narmad
South Gujarat University, Surat
Re-accredited by NAAC with 'B++' grade
सत्यम् ज्ञानम् अनन्तम्



# ઈ–દક્ષિણાયન

**Dakshinayan e-Newsletter**

For Private Circulation Only

Vol. 15, Issue. 265, September 2024

**પ્રિય વાચક મિત્રો,**

વર્તમાન સમયમાં આપણી સામે અનેક પડકારો છે તે ભિન્નસ્વરૂપે આપણી સામે આવે છે. કોઈ પણ દષ્ટિકોણથી નિહાળીએ તો વર્તમાન પરિસ્થિતિ આપણા માટે એક પડકાર પણ છે અને એક તક પણ છે. આપણા રાષ્ટ્રીય જીવનનાં તમામ મહત્વનાં ક્ષેત્રોમાં આત્મનિર્ભરતા હાંસલ કરવી એ એક બહુ જ મોટો પડકાર છે. જેનો સામનો કરવાનું આપણને આહ્વાન મળ્યું છે.

રાષ્ટ્રીયજીવનનું એ મહાન સત્ય કે પ્રત્યેક સ્વાધીન અને ઉન્નતિશીલ રાષ્ટ્રની કરોડરજ્જુ સ્વાવલંબન હોય છે. એ જેટલું પ્રબળ સ્વરૂપે આજે આપણી સમક્ષ આવ્યું છે, એટલું, ક્યારેય આવ્યું ન હતું. સંરક્ષણ અંગેની આપણી આત્મનિર્ભરતા એનું પ્રથમ અને સૌથી મહત્વનું ક્ષેત્ર છે. આ માટે આપણે આપણાં પોતાનાં સંરક્ષણ સાધનોનું ઉત્પાદન વધુને વધું કરવું જોઈએ અને વિદેશી સહાય પર નિર્ભર રહેવામાંથી સ્વયંને મુક્તિ આપવી જોઈએ. ભારતીય ઉદ્યોગ સાહસિકો, વૈજ્ઞાનિકો અને તાંત્રિક વિશેષજ્ઞોને આહ્વાન કરવું જોઈએ અને એમના સહયોગથી શકય એટલી ઝડપથી એવાં શસ્ત્રોનું ઉત્પાદન થાય જે શત્રુઓને મળતાં શસ્ત્રો કરતાં પણ શ્રેષ્ઠ બની રહે. આપણા અંતિમ વિજયની પ્રાપ્તિની ક્ષમતા અંગે લોકો તથા સૈન્યના હૃદયમાં વિશ્વાસ જગાડશે. સિદ્ધાંત અને તાત્વિક બંધનોને અડચણરૂપ બનાવી માર્ગમાં આવવા દેવા જોઈએ નહિ.

આપણે સૌ કિસાન, શ્રમિક, ઉદ્યોગપતિ તથા જીવનનાં અન્ય તમામ ક્ષેત્રોમાં કાર્ય કરનારાઓ આવશ્યક વસ્તુઓના ઉત્પાદનની વૃદ્ધિ માટે તથા આપણા દેશને રોજના રોટલા માટે પણ અન્ય દેશો પરની સામાન્ય નિર્ભરતામાંથી મુક્ત કરાવવા માટે દઢ સંકલ્પ કરે. આપણા દેશના વૈજ્ઞાનિક કોઈ અન્ય દેશના મોટામાં મોટા વૈજ્ઞાનિકની સરખામણીમાં મેગા–શક્તિ અને મૌલિકતામાં કોઈ વાતે કમ નથી. તેઓ સમયનો પડકાર ઝીલી લે અને એવા પ્રકારનાં સંશોધનો કરે કે જેની જાણકારી માત્રથી દુશ્મનોના હાંજા ગગડી જાય. જેને શાંતિકાળમાં રાષ્ટ્રીય સંપન્નતાના સાધનો ધીમે ધીમે વધી રહ્યા છે અને વિવિધ ક્ષેત્રોમાં પણ ભારત અગ્રેસર બની રહ્યું છે. જે આપણા સૌ માટે ગૌરવની વાત છે.

આપણે એ તથ્યને ખૂબ સારી રીતે સમજી લઈએ કે રાષ્ટ્રીય સન્માન અને સ્વતંત્રતાની રક્ષાનું લક્ષ્ય 'મોહક સરળ ટૂંકા માર્ગો' વડે પ્રાપ્ત થઈ શકે એમ નથી. આ લક્ષ્યની પ્રાપ્તિ માટે પ્રત્યેક રાષ્ટ્રને આત્મવિશ્વાસ અને બલિદાનના કઠોર માર્ગે જ ધપવું પડે છે.આપણા દેશવાસીઓને દેશભક્તિના આ વ્યવહારુ પાસાનું શિક્ષણ આપવું જરૂરી છે. દેશહિતની કેવળ ઇચ્છા જ પૂરતી નથી. આપણે એ પણ જાણવું જોઈએ કે રાષ્ટ્રીય કલ્યાણની આપણી આકાંક્ષાઓને કેવી રીતે સારામાં સારી રીતે આપણા વ્યવહારમાં સક્રિય રીતે વ્યક્ત કરી શકીએ.

રાષ્ટ્રના મનોબળને ઉચ્ચતમ સ્થિતિમાં જાળવી રાખવાનો સૌથી મહત્વનો પ્રશ્ન આપણી સમક્ષ છે. સુરક્ષા, ખાદ્ય તથા ઔદ્યોગિક ઉત્પાદનો વગેરેમાં આત્મનિર્ભરતા અને સ્વાવલંબનની પ્રાપ્તિ માટે તાત્કાલિક અને લાંબા ગાળાની યોજનાઓ અનુસાર કાર્ય કરવા માટે આપણા પ્રત્યેક દેશવાસીની તૈયારી અપેક્ષિત છે. રાષ્ટ્રીય ચેતનાનો ઉત્કટ આવિર્ભાવ જ દેશવાસીઓમાં આવી સ્વાર્થત્યાગની સ્વયંસ્ફૂર્ત અને આનંદદાયી ભાવનાનું નિત્ય ઝરણું ઉઘાડી શકે. આથી વર્તમાન ઓજસ્વી રાષ્ટ્રીય મનોબળને ટકાવી રાખવા માટે આ પળની સૌથી વધુ મહત્તા એમાં જ છે કે દરેક ક્ષેત્રમાં આપણા રાષ્ટ્રીય પ્રયત્નોમાં જાગૃતિનો ઉભાર આવે.

રાષ્ટ્ર જીવનના આ મૌલિક તત્વની જેટલી વહેલી આપણે અનુભૂતિ કરીશું, એટલું જ આપણા માટે સારું છે. પ્રેરણાનો વાસ્તવિક અને ચિરંજીવ સ્ત્રોત રાષ્ટ્રીયતાની વિશુદ્ધ ભાવનામાંથી જ સાંપડી શકે એમ છે. આપણા સૌની મહાન અને પવિત્ર જનની ભારતમાતા માટે જાજ્વલ્યમાન પ્રેમની ભાવના, એક જ માતાના પુત્ર હોવાના નાતે એક તેમજ અભેદ્ય ભ્રાતૃત્વની ચેતના અને આપણ રાષ્ટ્રના વૈભવશાળી અતીતમાં આપણા અનુપમ સાંસ્કૃતિક વારસા માટે ગર્વ તથા આપણી ભારતમાતાને વિશ્વનાં રાષ્ટ્રો વચ્ચે એના પુરાતન વૈભવ અને સન્માન સાથે નિહાળવાની આકાંક્ષા જ સતત અને સશક્ત પ્રેરણાના સ્વરૂપે કાર્ય કરી શકે એમ છે. આ પ્રેરણાથી દેશનો મોટામાં મોટો અને નાનામાં નાનો માનવ પણ એક સાથે ઊભો રહીને એનામાં જે કંઈ શ્રેષ્ઠતમ છે તે દેશહિતમાં અર્પણ કરી શકે છે. કેવળ આ જ આપણા લોકોની અજેય શક્તિને, જે આટલી વિપુલ માત્રામાં પ્રદર્શિત થઈ છે. વર્તમાન સંકટકાળમાં સંપૂર્ણ રીતે સક્રિય બનાવશે તથા અજેય અને એકાત્મ ભારતમાતાના પ્રેરણાદાયી એવા સ્વરૂપની અનુભૂતિ એમને કરાવશે. જેના એક હાથમાં કમળ અર્થાત્ ઉત્તમ લોકોને વરદાન આપવાની શક્તિ તથા બીજા હાથમાં વજ્ર અર્થાત્ દુર્જનોના સંહારની શક્તિ હશે અને જે હશે સાક્ષાત્ બ્રહ્મતેજ અને ક્ષાત્રતેજની મૂર્તિ. સમાજ શક્તિ રાષ્ટ્ર વિકાસમાં અગ્રેસર બને તેવી અપેક્ષા નવી પેઢી પાસે રહે છે.

**તા. ૧ ઓક્ટોબર, ૨૦૨૪ (ડૉ. કિશોરસિંહ એન. ચાવડા)**

**કુલપતિશ્રી**

## વિશ્વવિદ્યાલય સમાચાર

### ખેલકુદ મહોત્સવ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરતના યુવક કલ્યાણ વિભાગ અને શારીરિક શિક્ષણ વિભાગ દ્વારા વિશ્વવિદ્યાલયના કન્વેન્શન હોલ ખાતે ખેલ રત્ન મેજર ધ્યાનચંદજીની જન્મ જયંતિના ભાગરૂપે 'રાષ્ટ્રય ખેલકૂદ દિવસ'નું આયોજન કરવામાં આવેલ હતું. આ કાર્યક્રમમાં કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવશ્રી ડૉ. આર.સી.ગઢવી દ્વારા કાર્યક્રમને અનુરૂપ ઉદબોધન આપવામાં આવ્યું હતું. ક્રિડાભારતી, સુરતના મંત્રીશ્રી મનોજભાઈ સાવલિયા દ્વારા મેજર ધ્યાનચંદજીના જીવનની કારકિર્દીની ઝાંખી કરાવી હતી. વિશ્વવિદ્યાલયના યુવક કલ્યાણ અને શારીરિક શિક્ષણ વિભાગના ઓ.એસ.ડી. ડૉ. પ્રકાશચંદ્ર પી. પટેલ હાજર રહીને મહેમાનો અને ભાગ લેનાર ખેલાડીઓનું શાબ્દિક સ્વાગત અને આભારવિધિ કરવામાં આવી હતી. ક્રિડાભારતી, સુરતનાં રમતવીર દ્વારા પિટ્ટુ રમતનો ડેમો બતાવવામાં આવેલ હતો. ખેલકૂદ દિવસ નિમિત્તે વોલીબોલ ૧૦૦ મીટર દોડ, લંગડી, કોથળા કૂદ, લીબું ચમચી, ટેબલ–ટેનિસ , ચેસ, દોરડા કૂદ જેવી દેશી રમતો રમાડવામાં આવી હતી. સદર સ્પર્ધામાં વિશ્વવિદ્યાલય પરિસર વિદ્યાર્થી ભાઈઓ, બહેનો, વહીવટી શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓએ મોટી સંખ્યામાં ભાગ લીધેલ હતો.
























## Library Orientation Programme

તા.૩/૯/૨૦૨૪ના રોજ વિશ્વવિદ્યાલયના સમાજશાસ્ત્ર વિભાગમાં એમ.એ.સેમેસ્ટર–૧નાં વિદ્યાર્થીઓ દ્વારા Library Orientation Programme અંતર્ગત વિશ્વવિદ્યાલયની મધ્યસ્થ ગ્રંથાલયની મુલાકાત લેવામાં આવી. જેમાં ગ્રંથાલયના સ્ટાફ દ્વારા વિદ્યાર્થીઓને ગ્રંથાલયથી માહિતગાર કરવામાં આવ્યાં. ગ્રંથાલયનાં વાંચન વિભાગ, રેફ્રન્સબૂક વિભાગ, અપ્રાપ્ય પુસ્તક વિભાગ, સાથે સાથે ઇ–રીસોર્સિસનો ઉપયોગ કેવી રીતે કરવો તેમજ SOUL Software પરથી પુસ્તક શોધવા અંગેની વિગતવાર સમજ આપવામાં આવી હતી. આ મુલાકાતમાં વિદ્યાર્થીઓ સાથે વિભાગના વડા ડૉ. એમ.એન. ગાયકવાડ તેમજ વિભાગના અધ્યાપકો પણ સહભાગી બન્યા હતાં. આ મુલાકાતમાં વિભાગના વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ સાથે સેન્ટર ફોર સોશ્યલ સ્ટડીઝની લાયબ્રેરીની મુલાકાત લેવામાં આવી હતી. જ્યાં CSSનાં ઇ.ચા.ડાયરેકટર ડૉ. ગગન સાહુ દ્વારા સેન્ટરના સંશોધન કાર્ય વિશે વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા. સાથે CSSના લાયબ્રેરીયન સીમાબેન દ્વારા સમાજવિજ્ઞાનના પુસ્તકો વિશેની સમજ આપવામાં આવી હતી.














## અંગદાન જાગૃતિ સેમીનાર









વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના સમાજશાસ્ત્ર વિભાગ અંતર્ગત ચાલતા એમ.એસ.ડબલ્યુ પ્રોગ્રામ તથા ઇન્ડિયા રીનલ ફાઉન્ડેશન, સુરતનાં સંયુક્ત ઉપક્રમે તા. ૪/૯/૨૦૨૪ના રોજ 'અંગદાન જાગૃતિ' વિષય પર સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વિશ્વવિદ્યાલયનાં કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, સિનિયર નેફ્રોલોજિસ્ટ ડૉ. દિપક તમાકુવાલા, ઇન્ડિયા રીનલ ફાઉન્ડેશન સુરતના પ્રોગ્રામ ઓફિસર શ્રીમતી મનીષાબેન પટેલ, સુરત સિટિજન કાઉન્સિલ, સુરતના સભ્યશ્રી એસ.વી. રાણા તથા શ્રીમતી વર્ષાબેન રાણા ઉપસ્થિત રહ્યાં હતાં. આ સાથે સમાજશાસ્ત્ર વિભાગના અધ્યક્ષશ્રી ડૉ. એમ.એન. ગાયકવાડ, એમ.એસ.ડબલ્યું પ્રોગ્રામના કૉ–ઓર્ડિનેટરશ્રી ડૉ. અરૂણ પંડયા તથા અન્ય અધ્યાપકશ્રીઓ અને MSW સેમેસ્ટર–૧ અને ૩નાં કુલ ૧૨૭ જેટલા વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં. આ પ્રસંગે સમાજશાસ્ત્ર વિભાગના અધ્યાપકશ્રીઓ દ્વારા કુલપતિશ્રી તરીકે ડૉ. કિશોરસિંહ એન. ચાવડાને બીજી ટર્મ મળવા બદલ ટ્રી પ્લાન્ટ આપીને તેઓનું વિશેષ સન્માન કરી શુભેચ્છાઓ પાઠવવામાં

આવી હતી. ઇન્ડિયા રીનલ ફાઉન્ડેશન દ્વારા પણ કુલપતિશ્રીને કીડની જાગૃતિ વિષયના પુસ્તકોની કીટ આપીને શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. કુલપતિશ્રીએ કાર્યક્રમનાં સંદર્ભમાં વિદ્યાર્થીઓને આર્શીવચન સાથે અંગદાનનું મહત્વ સમજાવી તેન જનઆંદોલનમાં પરિવર્તિત કરવાની હાંકલ કરી હતી. કાર્યક્રમનાં મુખ્ય વકતા ડૉ. દિપક તમાકુવાલાએ અંગદાનને લગતી વિસ્તૃત માહિતી પૂરી પાડી હતી અને સાથે અંગદાન સંદર્ભે સમાજમાં પ્રવર્તતી વિવિધ ગેરમાન્યતાઓનું નિરૂપણ કર્યુ હતું. કાર્યક્રમમાં અધ્યાપકો તેમજ વિદ્યાથીઓએ અંગદાન તેમજ આરોગ્યને લગતી પ્રશ્નોતરી કરી હતી. જે અંગે ડૉ. દિપક તમાકુવાલા દ્વારા માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. ઉપરાંત સદર કાર્યક્રમમાં ઇન્ડિયા રેનલ ફાઉન્ડેશનના પ્રોગ્રામ ઓફિસર શ્રીમતી મનીષા પટેલે ઇન્ડિયન રીનલ ફાઉન્ડેશનની કામગીરી અને અંગદાનોનાં ડોનેશન અંગે વિદ્યાર્થીઓને વિશેષ માહિતી આપી હતી. કાર્યક્રમનું આયોજન સમાજશાસ્ત્ર વિભાગના અધ્યક્ષશ્રી ડૉ. એમ.એન.ગાયકવાડ તથા એમ.એસ.ડબલ્યુ પ્રોગ્રામના કૉ–ઓર્ડિનેટરશ્રી ડૉ. અરુણ પંડયાની દેખરેખ હેઠળ MSW પ્રોગ્રાના અધ્યાપક શ્રી નવીનકુમાર રોહિત દ્વારા વિદ્યાર્થીઓ સાથે રહીને કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું એંકરીગ MSW સેમેસ્ટર–૧ની વિદ્યાર્થીની સૈયદ મુબસ્સીરા તથા આભારવિધિ સ્નેહા પટેલ દ્વારા કરવામાં આવી હતી.

## 'શિક્ષક સન્માન ઉત્સવ ૨૦૨૪'ની ભવ્ય ઉજવણી

વિશ્વવિદ્યાલયમાં કાર્યરત ઈન્કયુબેશન સેન્ટર અને નવજીવન હ્યુન્ડાઇ, સુરતનાં સંયુકત ઉપક્રમે તા. ૫/૭/૨૦૨૪નાં રોજ ડૉ. રાધાકૃષ્ણના જન્મદિવસ નિમિત્તે 'શિક્ષક સન્માન ઉત્સવ ૨૦૨૪'ની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. જેનો ઉદ્દેશ પ્રગતિશીલ સમાજના નિર્માણમાં શિક્ષકોની અનોખી ભૂમિકા પ્રત્યે માન્યતા આપવાનો હતો. કાર્યક્રમની શરૂઆત પરંપરાગત રીતે દીપપ્રાગયટયથી કરવામાં આવી હતી. આ પ્રસંગે વિશ્વવિદ્યાલય વિભાગોના તમામ શિક્ષકોને તેમના ઉત્કૃષ્ટ કાર્યો માટે સન્માનિત કરવામાં આવ્યાં. પ્રસ્તુત કાર્યક્રમમાં વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા અને કુલસચિવશ્રી ડૉ. આર.સી.ગઢવી ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે શ્રીમતી જીજ્ઞા ઓઝા (મુખ્ય મહેમાન) પ્રાદેશિક વડા–ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (GPCB) ઉપસ્થિત રહ્યાં હતાં. તેમણે સમાજના વિકાસ માટે શિક્ષકોના યોગદાનને ઉજાગર કર્યુ તેમજ શૈક્ષણિક પ્રક્રિયાઓમાં નવીનતા અને ગુણવત્તા વધારવાના પ્રયાસો માટે અભિનંદન પાઠવ્યા હતા. સદર કાર્યક્રમમાં નવજીવન હ્યુન્ડાઈ, સુરતનાં સભ્યો ઉપસ્થિત રહ્યાં હતાં.

આ કાર્યક્રમની આમંત્રણ પત્રિકા સંસ્કૃત ભાષામાં બનાવી સૌ અધ્યાપકોને મોકલવામાં આવી હતી. કાર્યક્રમમાં કુલપતિશ્રી દ્વારા જીવન ઘડતર કરતાં શિક્ષકોના મહત્વ વિશે વાત કરી હતી. તેમજ કુલસચિવશ્રીએ પ્રેરણાત્મક દ્રષ્ટાંતો સાથે જીવનમાં શિક્ષકનાં મૂલ્ય વિશે વાત કરી. શિક્ષક સન્માન ઉત્સવ નિમિત્તે વિશ્વવિદ્યાલયના સર્વે અધ્યાપકશ્રીઓને પુસ્તક અને સ્મૃતિભેટથી સન્માનિત કરવામાં આવ્યાં.
























## એન્ટીરેગીંગ સેલ અંગે સેમિનાર








તા. ૧૦/૦૯/૨૦૨૪ના રોજ એન્ટીરેગીંગ સેલ અંગેના સેમિનારનું આયોજન વિશ્વવિદ્યાલયના વહીવટી ભવનનાં સેનેટ હોલ ખાતે કરવામાં આવ્યું હતુ. જેમાં અધ્યક્ષ સ્થાને વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવી, એન્ટીરેગીંગ સેલના કૉ–ઓર્ડિનેટર ડૉ. ભરતજી ઠાકોર તથા મુખ્ય વકતા તરીકે કોમ્પ્યુટર સાયન્સ વિભાગના આસિ. પ્રોફેસર મયુર ધ્વજસિંહ ગોહિલ ઉપસ્થિત રહ્યા હતા.

મુખ્ય વકતા મયુર ધ્વજસિંહ ગોહિલ દ્વારા એન્ટીરેગીંગની માર્ગદર્શિકા તેના નિયમો અંગેની માહિતી હેસ્ટેલમાં નિવાસ કરતા વિદ્યાર્થીઓને પુરી પાડવામાં આવી હતી. આ સેમિનારમાં હોસ્ટેલના નવા સત્રમાં પ્રવેશ મેળવ્યા બાદ સિનિયર વિદ્યાર્થીઓ દ્વારા જુનિયર વિદ્યાર્થીઓને કરવામાં આવતી જાતીય સતામણી કે માનસિક રીતે કરવામાં આવતું ટોર્ચરિંગથી માહિતગાર કરવામાં આવ્યા હતા. સૌ વિદ્યાર્થીઓને સાથે મળીને એકબીજાને સાથ આપી 'સૌનો સાથ સૌનો વિકાસ' જેવી ભાવના કેળવાય તેવી વાતો કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓને 'નશા મુકત' અભિયાન અંતર્ગત

વિદ્યાર્થીઓને ડ્રગ્સ, ગાંજા, કેફી પીણા જેવા દ્રવ્યોથી કઈ રીતે દૂર રહી શકાય તથા તેનાથી કઈ રીતે મુકિત મેળવી શકાય તે અંગેની માહિતી પણ આપવામાં આવી હતી. કાર્યક્રમના અંતે વિદ્યાર્થીઓને રેગીંગ સંદર્ભે શોર્ટ વિડીયો બતાવી વિદ્યાર્થીઓને માહિતગાર કરવામાં આવ્યાં હતાં. અંતે સંયોજક ડૉ. ભરતજી ઠાકોર દ્વારા આભાર વિધિ કરવામાં આવી હતી.

## 'રોજગાર કચેરી, સુરત અને વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયનો નવતર પ્રયોગઃ ડિગ્રી વિતરણ કાર્યક્રમ સાથે નોકરીની તકો માટેનું આયોજન'

ગુજરાત સરકારની રોજગાર કચેરી, સુરત, યુ.બી. સુરત અને વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરતના સંયુકત ઉપક્રમે તા. ૯/૯/૨૦૨૪ થી ૧૩/૯/૨૦૨૪ના રોજ વિશ્વવિદ્યાલયના કન્વેન્શન હોલ ખાતે પદવીદાન વિતરણ કાર્યક્રમ સાથે રોજગાર ભરતી મેળાનું આયોજન કરવામાં આવેલ હતું. સુરત જીલ્લાની વિવિધ કંપનીઓ તેમજ સંસ્થાઓના પ્રતિનિધિઓની હાજરીમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના માનનીય કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા, કુલસચિવશ્રી ડૉ. આર.સી.ગઢવીના વરદહસ્તે શુભારંભ કરવામાં આવ્યું હતું.

આ ભરતી મેળામાં સુરત જીલ્લાની વિવિધ સેકટરની ૨૩ કંપનીઓએ ભાગ લીધો જેમાં કિરણ મોટર્સ, આઈ.એસ.એન્જીનીયર, ડી.માર્ટ, ધ્રુવ મોટર્સ, એચ.ડી.બી. ફાઈનાન્સ, ફલોટેક ટેકનો સ્માર્ટ પ્રા.લિ., મોનાર્ક ઓટોમોટીવ પ્રા.લિ., બેન્કેરા, રાજહંસ સિનેમા, એમ.સી. થરનારીવાલા એન્ડ કંપની, ડૉ. રેડી ફાઉન્ડેશન, બર્ગરકિંગ, આગાખાન રૂરલ સપોર્ટ પ્રોગ્રામ (ઇન્ડિયા), સકાટા ઇન્ડિયા પ્રા.લિ., ડાઈનેમિક ડ્રીમ્સ વેબ સોલ્યુશન વગેરે કંપનીઓ ઉપસ્થિત રહી હતી. જેમાં સ્નાતક અને અનુસ્નાતક બી.એ., એમ.બી.એ., બી.એસસી., એમ.એસ.સી., એમ.કોમ., બી.એડ., એમ.એસ.ડબલ્યુ, એલ.એલ.બી. જેવી લાયકાત ધરાવતા કુલ ૧૭૪૨ ઉમેદવારોનું રજીસ્ટ્રેશન થયેલ હતું. જેમાં વિવિધ કંપનીઓની ૬૭૬ વેકેન્સી સામે કુલ ૧૨૭ ઉમેદવારોના ઇન્ટરવ્યું લીધા અને ઉમેદવારોની પ્રાથમિક પસંદગી કરવામાં આવી. આ પસંદગીમાં કુલ ૧.૫૦ લાખથી ૪.૨૦ લાખ સુધીના વાર્ષિક પેકેજની ઓફર કરવામાં આવી. કંપનીઓ આખરી પસંદગી પામેલ ઉમેદવારોને ઇન્ટરવ્યું માટે કંપની ખાતે બોલાવશે.

આ ઉપરાંત ડીગ્રી વિતરણ કાર્યક્રમમાં હાજર તમામ વિદ્યાર્થીઓને કારકિર્દી માર્ગદર્શન, સરકારશ્રીના જોબ પોર્ટલ તેમજ સ્કીલ ડેવલોપમેન્ટ સંબંધિત ચાલતી યોજનાઓની વિગતવાર માહિતી આપવામાં આવેલ હતી. વિદ્યાર્થીઓ વધુમાં વધુ અનુબંધમ પોર્ટલ પર રજીસ્ટ્રેશન કરી તેનો લાભ મેળવે તેવો અનુરોધ કરવામાં આવેલ હતો.

આ ઉપરાંત આગામી દિવસોમાં સેકટર સ્પેસીફીક ખાસ ભરતીમેળાનું આયોજન થનાર છે. સમગ્ર કાર્યક્રમનું સંકલન વિશ્વવિદ્યાલયના પ્લેસમેન્ટ ઓફિસરશ્રી દર્શનભાઈ પુરોહિત અને રોજગાર કચેરીના શ્રી બિપિનભાઈ માંગુકિયા તેમજ પ્લેસમેન્ટ ટીમ દ્વારા કરવામાં આવ્યું હતું.












## વિશ્વવિદ્યાલય કક્ષાની સ્પર્ધા

રાજ્યકક્ષાના NSS દિવસની ઉજવણી–૨૦૨૪ અંતર્ગત ભાગ લેવા માટે વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના રાષ્ટ્રીય સેવા યોજના વિભાગ દ્વારા તા. ૧૩/૦૯/૨૦૨૪ના રોજ 'વિશ્વવિદ્યાલય કક્ષાની સ્પર્ધા'નું કન્વેશન હોલ ખાતે આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધામાં અધ્યક્ષ તરીકે વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા, NSSના કૉ–ઓર્ડિનેટર ડૉ. પ્રકાશચંદ્ર અને બાયોટેકનોલોજી વિભાગના વડાશ્રી ડૉ. ગૌરવ શાહ ઉપસ્થિત રહ્યા હતા. કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા દ્વારા કાર્યક્રમને અનુરૂપ ઉદબોધન આપવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં જુદી જુદી NSS સંલગ્ન કૉલેજોના ૧૮૦ થી વધુ સ્વયંસેવકો/સેવિકાઓ નિબંધ સ્પર્ધા, વકતૃત્વ સ્પર્ધા, શીઘ્ર કાવ્ય સ્પર્ધા, વાધ્ય સ્પર્ધા, ગરબા હરીફાઈ, એક પાત્રીય અભિનય, રંગોળી સ્પર્ધા અને શીઘ્ર સંસ્કૃત શ્લોક સ્પર્ધા વગેરે જેવી વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો. કાર્યક્રમમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમાંક પ્રાપ્ત કરનારને વિશેષ ટ્રોફી અને પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ સાથે ઓલ ઇન્ડિયા આંતર વિશ્વવિદ્યાલય સ્પર્ધામાં પ્રથમ, દ્વિતીય અને તૃતિય ક્રમ મેળવનાર વિશ્વવિદ્યાલયના રમતવીરોને રોકડ પુરસ્કાર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. વિશ્વવિદ્યાલય તરફથી મા. કુલપતિશ્રી ડૉ. કે.એન.ચાવડા અને ડૉ. પ્રકાશચંદ્રજી દ્વારા વિશ્વવિદ્યાલયનું નામ આગળ લાવવા બદલ રમતવીરોને શુભેચ્છા પાઠવવામાં આવી હતી. સદર કાર્યક્રમમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમાંક પ્રાપ્ત કરનાર સ્વયંસેવકો તા. ૨૨ થી ૨૪ સપ્ટેમ્બર, ૨૦૨૪ સુધી ગુજરાત વિશ્વવિદ્યાલય ખાતે આયોજિત થનાર રાજ્ય કક્ષાની NSS દિવસ ઉજવણી–૨૦૨૪ કાર્યક્રમમાં ભાગ લઈ વિશ્વવિદ્યાલયનું રાજ્યસ્તરે પ્રતિનિધિત્વ કરશે.




















## વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરત અને ગુજરાત માટે ગૌરવમય ક્ષણ




વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરતની સંલગ્ન કૉલેજ શ્રીમતી આર.પી.ચૌહાણ આર્ટસ અને કોમર્સ કૉલેજ, વ્યારાનો વિદ્યાર્થી શ્રી સ્મિત રમેશભાઈ મોરડીયા ખેલો ઇન્ડિયા વિશ્વવિદ્યાલયમાં ૫ માં ક્રમે આવતા તે માનવ રચના ઇન્ટરનેશનલ ઇન્સ્ટિટયૂટ ઓફ રીસર્ચ અને સ્ટડીઝ, ફરીદાબાદ (સ્થળ: ડૉ. કરની સિંઘ શુટીગ રેન્જ, ન્યુ દિલ્હી) મુકામે દિનાંક ૧૦ થી ૧૪ સપ્ટેમ્બર, ૨૦૨૪ દરમિયાન વર્લ્ડ વિશ્વવિદ્યાલય શૂટિંગ (ભાઈઓ/બહેનો) ચેમ્પિયનશીપની સિલેકશન ટ્રાયલ આપવા માટે ગયેલ હતા. સ્મિત સિલેકશન ટ્રાયલમાં ત્રીજા ક્રમે આવતાં વર્લ્ડ વિશ્વવિદ્યાલય શૂટિંગ ચેમ્પીયનશીપ–૨૦૨૪માં ભાગ લેવા માટે દિનાંક ૯ થી ૧૩ નવેમ્બર, ૨૦૨૪ ન્યુ દિલ્હી મુકામે જશે. વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયનું પ્રતિનિધિત્વ કરવા બદલ વિશ્વવિદ્યાલયના કુલગુરૂશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવી અને યુવક કલ્યાણ અને શારીરિક શિક્ષણ વિભાગનાં ઓ.એસ.ડી. ડૉ. પ્રકાશચંદ્ર પટેલ દ્વારા અભિનંદન પાઠવવામાં આવેલ છે. કોચશ્રી સાગર ઉખેરને સ્મિતની સિદ્ધિ બદલ અભિનંદન પાઠવેલ છે.

## એક દિવસીય વિશિષ્ટ વૃક્ષારોપણનું આયોજન

વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે રજૂ થયેલ આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજીના વિઝન મુજબ સસ્ટેઇનેબલ એન્વાયરમેન્ટ અભિયાનના ભાગરૂપે 'એક પેડ માં કે નામ' ચળવળ અંતર્ગત અને AICTEના પત્રના અનુસંધાનમાં તા. ૧૭/૦૯/૨૦૨૪ના રોજ 'One Day Special Plantation Drive'ના આયોજન હેઠળ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય દ્વારા કુલ ૭૪૦૦ વૃક્ષોના રોપણની શરૂઆત કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન.ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી તથા સુરત શહેરના માજી મેયરશ્રી જગદીશભાઈ પટેલ અને ખાસ આ કાર્યક્રમ માટે વૃક્ષોનાં રોપાનું દાન આપનાર શ્રી ભગવાનભાઈ ગોવિંદભાઈ ગુજરાતી તથા આ કાર્યક્રમના પ્રેરકશ્રી સુરેશભાઈ ગોટી અને શ્રી પાર્થભાઈ ગોટી આ કાર્યક્રમમાં હાજર રહી સહભાગી થયા હતા. આ ઉપરાંત વિશ્વવિદ્યાલય પરિસરના વિવિધ અનુસ્નાક વિભાગોના અધ્યાપકશ્રીઓ, કર્મચારીઓ તથા વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યાં હતાં. આ વૃક્ષારોપણના કાર્યક્રમ અંતર્ગત અને ચોમાસાની ઋતુ દરમિયાન હાલ સુધીમાં ૬૦૦૦ થી વધુ વૃક્ષોનું વાવેતર કરવામાં આવેલ છે. જેમાં ખાસ કરીને ફળ–ફળાદી અને છાયા વાળા વૃક્ષો કે જેનો ફળો પક્ષીઓના આહાર માટે અને વિશ્રાંતિ માટે ઉપયોગી થઈ શકે તેવા ઘટાદાર વૃક્ષોનું વાવેતર કરવામાં આવેલ છે. વિશ્વવિદ્યાલયને સમાજના બહોળા વર્ગનો વૃક્ષારોપણ અભિયાનમાં સહકાર મળી રહ્યો છે.





## ગ્રોથ હબ તરીકે સુરત ઇકોનોમિક રિજનના 'ઇકોનોમિક ડેવલોપમેન્ટ પ્લાન'નું લોન્ચિંગ કરતા ગુજરાત રાજયના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ

ભારત સરકાર નીતિ આયોગ, ગુજરાત સરકાર અને સુરત મહાનગરપાલિકા દ્વારા પ્રાયોજિત ઇકોનોમિક માસ્ટર પ્લાન્ટ ઓફ સુરત ઇકોનોમિક રિજનના લોન્ચિંગ કાર્યક્રમનું આયોજન તા. ૧૯/૦૯/૨૦૨૪ના રોજ સુરત ખાતે રાખવામાં આવ્યું હતું. આ લોન્ચિંગ ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને કેન્દ્રીય જલશકિત મંત્રીશ્રી સી.આર. પાટીલના હસ્તે કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ પાછળનો આશય કેન્દ્ર સરકાર દ્વારા સુરત અને તેની આસપાસના વિસ્તારો નવસારી, ભરૂચ, ડાંગ, તાપી તથા વલસાડ જિલ્લાઓને ગ્રોથહબ તરીકે વિકસાવવાનો છે. આ ઇકોનોમિક્સ ડેવલોપમેન્ટ પ્લાનમાં આર્થિક, સામાજિક, ઔદ્યોગિક, શૈક્ષણિક, રોડ કનેકિટવિટીના વિવિધ વિકાસલક્ષી માપદંડોનો સમાવેશ કરવામાં આવેલ છે.

આ કાર્યક્રમ કુલ પાંચ સત્રમાં વહેંચાયેલો હતો. જેમાં પ્રથમ સત્ર પર્યટનની સંભાવનાઓ, બીજું સત્ર જળવાયું પરિવર્તન, ત્રીજું સત્ર ઉચ્ચ શિક્ષણ અને ઉચ્ચ કૌશલ્યપૂર્ણ જીવન જીવવા માટેની પરિસ્થિતિનું નિર્માણ કરવું, ચોથું સત્ર વેપાર અને સેવાઓને વૈશ્વિક પ્રવેશ, પાંચમું સત્ર ભવિષ્યની જરૂરિયાતો મુજર શહેરોને તૈયાર કરવા પર કેન્દ્રિત હતું.

આમાં ત્રીજું સત્ર ઉચ્ચ કૌશલ્ય જીવન જીવવા માટેની પારિસ્થિતીકીના નિર્માણ પર કેન્દ્રિત હતું. જે ૩:૦૦ થી ૪:૩૦ કલાક દરમિયાન યોજાયું હતું. આ સત્રનાં અધ્યક્ષ AIUના મહાસચિવ સુશ્રી પંકજ મિત્તલ અને મોડરેટર હતાં. શિક્ષણ અને કૌશલ વિકાસ, કેપીએમજીના ભાગીદાર અને વડાશ્રી નારાયણ સ્વામી. જ્યારે પેનાલિસ્ટરોમાં લાઈફ સ્ટાઈલ એસેસરી ડિઝાઈન સાથે જોડાયેલા શ્રી અમરિશ પાણીગ્રહી, ટાટા કન્સલ્ટન્સીના શ્રી વિપુલ શાહ, શેઠ એમ આર જયપુરિયા સ્કૂલના નિર્દેશકશ્રી કનક ગુપ્તા અને બાબાસાહેબ આંબેડકર વિશ્વવિદ્યાલયનાં કુલપતિ ડૉ. અમી ઉપાધ્યાયનો સમાવેશ થતો હતો. તેમના દ્વારા આ સત્રમાં કુલ ૬ બાબતો પર ચર્ચા કરવામાં આવી હતી. જેમાં (૧) શૈક્ષણિક ધોરણોને ઉચ્ચસ્તરે લઈ જવા અને સમાજની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને શિક્ષણની વ્યૂરચનાનું આયોજન કરવું, (૨) ઉચ્ચ શિક્ષણને ઉદ્યોગોની જરૂરિયાતો સાથે સાંકળવું, (૩) ઉદ્યોગ સાહસિતા અને આવિષ્કારોને પ્રોત્સાહિત કરવા, (૪) કર્મચારીઓની કૌશલ્યતામાં વધારો કરવો અને તેમની કારકિર્દીના ઘડતર માટે પગલા ભરવા, (૫) સંશોધન અને વિકાસમાં વૃદ્ધિ કરવી અને (૬) સર્વ સમાવેશીપણું અને સમાનતાની ખાતરીનો સમાવેશ થયો હતો.

આ કાર્યક્રમમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા અને કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવી તથા જુદા જુદા વિભાગો અને કૉલેજોના શૈક્ષણિક કર્મચારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં. કાર્યક્રમમાં અંતમાં કુલ ૧૫ સંસ્થાઓએ પરસ્પર કરેલ એમઓયુની આપ–લે કરી હતી.

























## 'સુપોષિત ભારત અભિયાન'

રાષ્ટ્રીય સેવા યોજના વિભાગ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય દ્વારા તા. ૧૮/૦૯/૨૦૨૪ના રોજ સવારે ૧૧:૩૦ કલાકે મીટીંગ રૂમ, વિશ્વવિદ્યાલય કેમ્પસ ખાતેકુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા  અને કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવી તેમજ એન.એસ.એસ. પ્રોગ્રામ કૉ–ઓર્ડિનેટર ડૉ. પ્રકાશચંદ્રની હાજરીમાં સુરત શહેર વિસ્તારમાં કાર્યરત એન.એસ.એસ. સંલગ્ન કૉલેજોના પ્રોગ્રામ ઓફિસરશ્રીઓ સાથે 'સુપોષિત ભારત અભિયાન' અંતર્ગત એક મીટીગનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના મહાનગર કાર્યવાહ શ્રી કેતનભાઈ લાપસીવાલા, શ્રી નીતીન ભાઈ પટેલે 'સુપોષિત ભારત અભિયાન' વિષય વિશે વિસ્તૃત વાત રજૂ કરી હતી. પ્રત્યેક મહાવિદ્યાલયના નજીકની સેવાવસ્તી ને દત્તક લઈને ત્યાંના રહેવાશી લોકોનું જીવન સ્તર સુધરે અને સુપોષણના કાર્યને પ્રત્યેક વ્યકિત સુધી પહોંચાડીને સુપોષિત કરવો તે વિષયે કાર્ય યોજના બનાવામાં આવી સાથે માન. કુલપતિશ્રી કે.એન. ચાવડાએ વિગતવાર માહિતી આપી દરેક કૉલેજે જન–જન સુધી આ વિષય પહોંચાડવાની આહવાન કરીને કાર્ય કરવા માટે યોગ્ય માર્ગદર્શન પુરૂ પાડયું હતું.

## ઇન્ડોનેશિયા પેરા બેડમિન્ટન ઇન્ટરનેશનલ લેવલ–૨ ચેમ્પિયનશિપમાં બ્રોન્ઝ

ઇન્ડોનેશિયાના સારાકાર્તામાં ભારતે શાનદાર પ્રદર્શન કર્યું અને ઇન્ટરનેશનલ લેવલ–૨ ચેમ્પિયનશિપમાં ૩૪ જેટલા મેડલ જીત્યા હતા. તેમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના પબ્લિક એડમિનીસ્ટ્રેશન વિભાગની એલ્યુમની મિસ વૈશાલી નીલેશ પટેલ (૨૦૦૫–૦૬) પેરા–બેડમિન્ટન ઇન્ટરનેશનલ ટુ ચેમ્પિયનશિપ ઇન્ડોનેશિયા ખાતે ડબલ્સ SL3-SU5 કેટેગરીમાં બ્રોન્ઝ (Bronze) મેડલ મળેલ છે. અગાઉ યુગાન્ડા પેરા–બેડમિન્ટન ઇન્ટરનેશનલ ૨૦૨૨, કમ્પાલામાં પરા શટલર વૈશાલી પટેલએ SU-5 વર્ગમાં મહિલા સિંગલ્સમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો. તેણે મહિલા ડબલ્સમાં સિલ્વર મેડલ અને મિકસ ડબલ્સમાં બ્રોન્ઝ પણ જીત્યો હતો. જે ડીપાર્ટમેન્ટ ઓફ પબ્લિક એડમિનીસ્ટ્રેશન અને વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય માટે ગૌરવની વાત છે. વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવશ્રી રમેશદાન સી. ગઢવી, ડીપાર્ટમેન્ટ ઓફ પબ્લિક એડમિનીસ્ટ્રેશનના વડાશ્રી ડૉ. મધુ થવાની તથા સમગ્ર વિશ્વવિદ્યાલય પરિવાર દ્વારા તેણીને શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.






## વિશ્વવિદ્યાલયના વિદ્યાર્થીઓ બામ્બુ દિવસ નિમિત્તે એક અઠવાડિયાના બામ્બુ વર્કશોપમાં જોડાયા






તા. ૧૮ સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજ બામ્બુ દિવસ નિમિત્તે નવસારી એગ્રીકલ્ચર વિશ્વવિદ્યાલય દ્વારા એક અઠવાડીયાના બામ્બુ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના ઇન્ટિરીયર ડિઝાઈન વિભાગના શ્રી અંકિત ચાંગવાલા અને ફાઈન આર્ટ્સ વિભાગના શ્રી જેનીશ વાઘને એકસપર્ટ તરીકે આમંત્રિત કરવામાં આવ્યા હતા. વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કુલ ૧૮ વિદ્યાર્થીઓ અને નવસારી એગ્રીકલ્ચર વિશ્વવિદ્યાલયના ૪૦ વિદ્યાર્થીઓ કુલ મળીને ૫૮ વિદ્યાર્થીઓ આ વર્કશોપનો લાભ લીધો હતો અને લોકલ બામ્બુમાંથી વિવિધ પ્રોડકટ્સ તૈયાર કરવામાં આવી હતી. વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય અને નવસારી એગ્રીકલ્ચર વિશ્વવિદ્યાલય વચ્ચે આ ત્રીજો બામ્બુ વર્કશોપ છે. અને એના પરથી ફલિત થાય છે કે આપણી વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય સસ્ટેનિબિલિટી તરફ ખૂબ જ આગળ વધી રહી છે. જેની વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી તથા ફાઈન આર્ટર્સ વિભાગના કૉ–ઓર્ડિનેટરશ્રી મેહુલ પટેલ દ્વારા શ્રી અંકિત ચાંગાવાલા અને સમગ્ર ટીમને સન્માનિત કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત આ વર્કશોપમાં વિદ્યાર્થીઓ દ્વારા બનાવવામાં આવેલી પ્રોડકટ્સ વિશે જાણકાર કરવામાં આવ્યા હતા.

## વિશ્વવિદ્યાલયને નીનાબેન ભાવનગરી તરફથી સનાતન ધર્મ નામનું પુસ્તક ભેટ મળ્યું






સનાતન ધર્મ નામનું પુસ્તક જે હિંદુ ધર્મ અને નીતિશાસ્ત્ર વિષયક પુસ્તક છે. સેન્ટ્રલ હિન્દુ કૉલેજ, બનારસની સંચાલન સમિતિએ ૧૯૧૬માં 'સનાતન ધર્મ' શીર્ષકથી અંગ્રેજીમાં એક પુસ્તક પ્રકાશિત કર્યું હતું. કેટલાક સમય પહેલા આ પુસ્તક સોશિયલ મીડિયામાં પણ ખૂબ વાયરલ થયેલ હતું. પ્રકાશકોના નિવેદન અનુસાર આ પુસ્તકનો ઉદ્દેશ ઉચ્ચતર માધ્યમિક કક્ષા (જુનિયર કૉલેજ)ના અધ્યેતાઓને (સામાન્ય રીતે હિન્દુ ધર્મ તરીકે ઓળખાતા) સનાતન ધર્મના પાયાની બાબતો, સિદ્ધાંન્તો અને તેના યર્થાથ સ્વરૂપનો ધર્મબોધિત નીતિશાસ્ત્રસહિત ખ્યાલ આપવાનો હતો. આ પુસ્તકની નોંધપાત્ર વિશેષતા એ છે કે એમાં સાંપ્રદાયિકતા અને વૈચારિક સંકુચિતતાનો સર્વથા અભાવ છે.

સનાતન ધર્મના પ્રામાણિત શાસ્ત્રો ગણાતા ઉપનિષદો, પુરાણો, મહાભારત, મનુસ્મૃતિ, ભગવદ્‌ગીતા–ઇત્યાદિના મંત્રો–શ્લોકોના પ્રમાણસહિત આ પુસ્તકમાં સનાતન ધર્મનું વૈચારિક, વ્યવહારિક અને નીતિશાસ્ત્રીય સ્વરૂપ આધારભૂત રીતે નિરૂપવામાં આવ્યું છે. આ અંગ્રેજી પુસ્તકને નીનાબેન ભાવનગરી એ ગુજરાતી ભાષામાં અનુવાદ કર્યુ છે. નીનાબેન ભાવનગરી એ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય સંલગ્ન એમ.ટી.બી. કૉલેજના સંસ્કૃતના પ્રાધ્યાપિકા હતાં. તેઓ સંસ્કૃત, ગુજરાતી અને અંગ્રેજી ત્રણ ભાષાના વિદ્વાન છે. સનાતન ધર્મ પુસ્તક કુલ ૩ વિભાગમાં ૧૧ પ્રકરણમાં છે. જેમાં પ્રથમ વિભાગમાં હિંદુ ધર્મની પાયાની વિશેષતાઓ, દ્વિતીય વિભાગમાં હિંદુ ધર્મના સર્વસામાન્ય રીતિરિવાજો અને તૃતીય વિભાગમાં નૈતિક ઉપદેશો ટાંકવામાં આવ્યા છે. આ પુસ્તકની અનુક્રમણિકા પર નજર ફેરવતા જ પુસ્તકની સામગ્રીનો સામાન્ય ખ્યાલ વાચકને ત્વરિતપણે આવી જાય છે. આ પુસ્તક વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના હિંદુ અધ્યયન કેન્દ્ર (સેન્ટર ફોર હિંદુ સ્ટડીઝ)માં ચાલતા અભ્યાસક્રમ માટે પણ વિદ્યાર્થીઓને ઉપયોગી થઈ શકે છે. જેનાથી વિદ્યાર્થીઓમાં વ્યાપેલા ભૂલ ભરેલા ખ્યાલોને દુર કરીને સનાતન ધર્મની સંપૂર્ણ માહિતી મળી શકે. કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા તથા કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી દ્વારા હકારાત્મક પ્રતિભાવ આપ્યો હતો. અનુવાદક નીનાબેન ભાવનગરી અને તેમની ટીમને શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

## રાજ્યકક્ષાના રાષ્ટ્રીય સેવા યોજના દિવસની ઉજવણી–૨૦૨૪

તા. ૨૨ થી ૨૪ સપ્ટેમ્બર, ૨૦૨૪ સુધી ગુજરાત વિશ્વવિદ્યાલય, અમદાવાદ ખાતે આયોજિત થયેલા રાજ્ય કક્ષાની રાષ્ટ્રીય સેવા યોજના દિવસ ઉજવણી–૨૦૨૪ કાર્યક્રમમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય એન.એસ.એસ.સંલગ્ન જુદી જુદી કૉલેજમાંથી વિશ્વવિદ્યાલય કક્ષાએ વિજેતા થયેલ પ્રથમ ત્રણ ક્રમાંકના કુલ ૩૧ સ્વયંસેવક/સેવિકાઓ અને ૦૧ ટીમ મેનેજરએ ભાગ લીધેલ હતો. જેમાંથી નીચે મુજબના સ્વયંસેવક/સેવિકાઓએ રાજ્યકક્ષાએ ક્રમાંક પ્રાપ્ત કરી વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરતનું નામ રાજ્યસ્તરે રોશન કર્યુ હતું. આ કાર્યક્રમમાં ટીમ મેનેજર તરીકે કે.બી.એસ.કોમર્સ એન્ડ નટરાજ પ્રોફેશનલ સાયન્સ કૉલેજ, વાપીના એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસરશ્રી ડૉ. ખુશ્બુ દેસાઈ ઉપસ્થિત રહ્યાં હતાં. તેમના કુશળ નેતૃત્વ દ્વારા સ્વયંસેવક/સેવિકાઓએ રાજ્યકક્ષાએ ક્રમાંક પ્રાપ્ત કર્યા હતાં.

| ક્રમ | સ્વયંસેવક/ સેવિકાનું નામ | કૉલેજનું નામ | સ્પર્ધાનું નામ | રાજ્યસ્તરે પ્રાપ્ત ક્રમાંક |
|---|---|---|---|---|
| ૧ | ઉજ્જવલદિપ ગુરમીત સિંહ | કે.બી.એસ.કોમર્સ એન્ડ નટરાજ પ્રોફેશનલ સાયન્સ કૉલેજ, વાપી. | વાદ્યસંગીત | પ્રથમ |
| ૨ | મોહિત અનીલકુમાર રાણા | ડી.આર.પટેલ & આર.બી.પટેલ કોમર્સ કૉલેજ & નવનિર્માણ કૉલેજ ઓફ મેનેજમેન્ટ, સુરત. | વાદ્યસંગીત | દ્વિતીય |
| ૩ | કે.બી.એસ.કોમર્સ એન્ડ નટરાજ પ્રોફેશનલ સાયન્સ કૉલેજ, વાપી. | | ગરબા | દ્વિતીય |
| ૪ | માધવી એન. ગોસ્વામી | શ્રી જે.બી. ધારુકાવાળા મહિલા આર્ટસ કૉલેજ, સુરત. | સંસ્કૃત શ્લોક પઠન | દ્વિતીય |

રાજ્યકક્ષાએ ક્રમાંક પ્રાપ્ત કરનાર સ્વયંસેવક/ સેવિકાઓને વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી.ગઢવી અને એન.એસ.એસ. કૉ–ઓર્ડિનેટર ડૉ. પ્રકાશચંદ્ર દ્વારા શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.











## 'જળસંચય જન ભાગીદારી' કાર્યક્રમ

તા. ૨૭ સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરત પરિસર ખાતે જળસંચય જન ભાગીદારીનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં આદરણીય શ્રી સી.આર.પાટીલ, માનનીય કેન્દ્રીયમંત્રીશ્રી, જળશકિત મંત્રાલય, ભારત સરકારના વરદ હસ્તે વિશ્વવિદ્યાલય પરિસર ખાતે જળસંચય અભિયાનનો શુભારંભ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં મેયરશ્રી દક્ષેશભાઈ માવાણી, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેનશ્રી રાજનભાઈ પટેલ, ડેપ્યુટી મેયરશ્રી ડૉ. નરેન્દ્રભાઈ પટેલ, શાસક પક્ષના નેતા શ્રીમતી શશીબેન ત્રિપાઠી, ધારાસભ્યશ્રી મનુભાઈ પટેલ અને અરવિંદભાઈ રાણા, ભૂતપૂર્વ સિન્ડિકેટ સભ્યશ્રી પરેશભાઈ પટેલ, વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવી, બોર્ડ ઓફ મેનેજમેન્ટના સભ્યશ્રીઓ, એક્ઝીક્યુટીવ કાઉન્સિલના સભ્યશ્રીઓ, શૈક્ષણિક વિભાગના વડાશ્રીઓ, પ્રાધ્યાપકશ્રીઓ, વહીવટી વિભાગના વડાશ્રીઓ, કર્મચારીઓ તથા વિદ્યાર્થીઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં. કાર્યક્રમની શરૂઆત તુલસીના છોડને જળસિંચન કરીને અનોખી રીતે શુભારંભ કરવામાં આવ્યો હતો. કાર્યક્રમને આગળ વધારતા વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા દ્વારા ઉપસ્થિત સૌ મહેમાનશ્રીઓનું સ્વાગત કરવામાં આવ્યું હતું.

કેન્દ્રીયમંત્રીશ્રી સી.આર.પાટીલે પ્રાંસંગિક ઉદ્‌બોધનમાં જળનું મહત્વ જળસંચય એટલે શું? જળસંચય કેવી રીતે થાય, વરસાદી પાણીનો સંગ્રહ કરીને કઈ રીતે પાણીની બચત કરવી, ધરતીમાં પાણીનો રીચાર્જ અને પાણીના સંરક્ષણ વિશે ખૂબ જ ઊંડાણપૂર્વક માહિતી આપીને સૌને જળસંચય માટે જાગૃત કર્યા હતા. અંતે કુલસચિવશ્રી ડૉ. આર.સી.ગઢવીએ આભારવિધિ કરીને કાર્યક્રમ પૂર્ણ જાહેર કર્યો હતો.



























## 'પેન્શન કેમ્પ'

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય ખાતે તા. ૨૫ થી ૨૭ સપ્ટેમ્બર, ૨૦૨૪ દરમિયાન વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા અને કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવીની ઉપસ્થિતિમાં ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રી, ગાંધીનગરની કચેરી દ્વારા વિશ્વવિદ્યાલય અને અનુદાનિત મહાવિદ્યાલયના શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓ કે જેઓ વયમર્યાદાને સને ૨૦૨૫માં સેવા નિવૃત થનાર છે તેઓ માટે 'પેન્શન કેમ્પ' યોજાયો હતો. જેમાં સમગ્ર દક્ષિણ ગુજરાતમાંથી ૮૦ આસપાસ પેન્શન કેસો રજૂ થયા હતા. જેમાં ૭૦ આસપાસ કેસોનો સ્વીકાર અને મંજુરી આપેલ છે અને આગળની ઘટતી કાર્યવાહી કરવામાં આવી છે.





## Department of Biotechnology

### મણકો ૨ – માસિક પુસ્તક સમીક્ષા

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના બાયોટેકનોલોજી વિભાગ દ્વારા માસિક પુસ્તક સમીક્ષા કલબ અંતર્ગત બીજા મણકાની જાહેરાત કરવામાં આવે છે. પ્રથમ સત્રની ગર્વભરેલી સફળતાને અનુસરીને, આ સમૃદ્ધ પરંપરાને ચાલુ રાખવામાં ઉત્સાહિત છીએ. તા. ૧૨મી સપ્ટેમ્બર ૨૦૨૪ના રોજ સાંજે ૩:૩૦ થી ૪:૩૦ કલાક દરમિયાન, બાયોટેકનોલોજી વિભાગના ઓડિટોરીયમમાં પુસ્તક સમીક્ષા આયોજિત કરવામાં આવશે. આ સત્રમાં વિભાગના બે ઉત્સાહી વિદ્યાર્થીઓ દ્વારા દૃષ્ટિપ્રદાનક પુસ્તક સમીક્ષાઓ રજૂ કરવામાં આવશે.

- પ્રિયંકા રાજેન્દ્રસિંહ ભદીરિયા, બી.એસસી. માઈક્રોબાયોલોજી ત્રીજા સેમેસ્ટર, 'પ્રેમ યોગ' પુસ્તકની સમીક્ષા કરશે, જે ગીતા પ્રેસ, ગોરખપુર દ્વારા પ્રકાશિત છે.
- જેનિસ પ્રકાશભાઈ મોણાપારા, બી.એસસી. બાયોટેકનોલોજી ત્રીજા સેમેસ્ટર, 'વાસ્તવિક વિકાસ'' પુસ્તકની વિગતવાર વિશ્લેષણ કરશે, જે સ્વામી વિવેકાનંદ દ્વારા લખાયેલી છે.

વિભાગના અધ્યાપિકા ડૉ. માનસી મહેતા દ્વારા સમગ્ર પ્રોગ્રામ સંકલિત કરવામાં આવી રહ્યો છે. જે પુસ્તક સમીક્ષા કલબના ફેકટરી ઈન ચાર્જ પણ છે. આ પ્રોજેકટની પ્રશંસા વીર

નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના માનનીય કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા દ્વારા પ્રથમ મણકામાં કરવામાં આવી હતી. આ પ્રોગ્રામ, વિદ્યાર્થીઓ અને શિક્ષકો માટે વિચારશીલ સાહિત્ય સાથે જોડાવા અને વિવિધ દૃષ્ટિકોણો શોધવાની એક શ્રેષ્ઠ તક રહેશે. આપ સૌને આમંત્રણ કે જીવંત સાહિત્યિક સમુદાયમાં આપ જોડાઓ અને યોગદાન આપો.










## Department of Commerce

### વાણિજ્ય વિભાગમાં શિક્ષક દિવસની ઉજવણી

**गुरु गोविन्द दोऊ खड़े, काके लागूं पांय।**
**बलिहारी गुरु अपने गोविन्द दियो बताय ॥**

**શિક્ષક એટલી શી –શિસ્ત, ક્ષા–ક્ષમા અને K- કરુણા**

આપણા દેશના પ્રથમ ઉપરાષ્ટ્રપતિ અને બીજા રાષ્ટ્રપતિ ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણની જન્મજયંતિ તારીખ ૫ સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજ, અમે વિદ્યાર્થીના જીવનમાં શિક્ષકની ભૂમિકાના મહત્વને યાદ કરવા શિક્ષક દિવસની ઉજવણી કરીએ છીએ. વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કોમર્સ વિભાગ દ્વારા શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવી હતી. દિવસની ઉજવણીના ભાગરૂપે વિદ્યાર્થીઓ દ્વારા સંપૂર્ણ આયોજન કરવામાં આવ્યું હતું. વિભાગના વિદ્યાર્થી કાચ કૃણાલે સંયોજકની ભૂમિકા ભજવી હતી. ૨૬ વિદ્યાર્થીઓએ શિક્ષક તરીકે કામ કર્યુ હતું. ભૂમિકા ખૂબ સારી રીતે ભજવી. અંતે ભાગ લેનાર વિદ્યાર્થીઓ માટે પ્રતિભાવ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત સરસ્વતી વંદના અને દીપ પ્રાયટયથી કરવામાં આવી હતી. ડૉ. પ્રીતિ શાહે જીવનમાં શિક્ષકની ભૂમિકાના મહત્વ વિશે વાત કરી હતી. આ સાથે ભાગ લેનાર વિદ્યાર્થીઓએ તેમના અનુભવો શેર કર્યા હતા. તેમજ વિશ્વવિદ્યાલયના માનનીય કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા અને કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવીએ શિક્ષકોને અભિનંદન પાઠવ્યા હતા. સંયોજક ડૉ. ફાલ્ગુની ઠક્કરના માર્ગદર્શન હેઠળ સમગ્ર ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રો. મુકેશ રોહિત અને ડૉ. પ્રિયંકા કથીરીયા દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની પૂર્ણાહૂતિ આભારવિધી પ્રો. રક્ષા પટેલે કરી હતી.






## University Central Library

### IQAC અને વિશ્વવિદ્યાલય મધ્યસ્થ ગ્રંથાલયના સંયુકત ઉપક્રમે એક દિવસીય કાર્યશાળા (વર્કશોપ)નું આયોજન

તા. ૩/૯/૨૦૨૪ને મંગળવારના રોજ બપોરે ૩:૦૦ થી ૫:૦૦ કલાક દરમિયાન વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કોમ્પ્યુટર સાયન્સ વિભાગના સેમીનાર હોલ ખાતે વિશ્વવિદ્યાલયના માન. કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી અને IQACના ડાયરેકટરશ્રી ડૉ. અપૂર્વ દેસાઈના માર્ગદર્શન હેઠળ Internal Quality Assurance Cell (IQAC) અને વિશ્વવિદ્યાલય મધ્યસ્થ ગ્રંથાલયના સંયુકત ઉપક્રમે "IEEE Resource and IEEE Xplore: A Guide for Veer Narmad South Gujarat University" વિષય પર એક દિવસીય કાર્યશાળા (વર્કશોપ)નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યશાળા (વર્કશોપ)માં મુખ્ય અતિથિ તરીકે વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કે.એન.ચાવડા Internal Quality Assurance Cell (IQAC)ના કૉ–ઓર્ડિનેટરશ્રી ડૉ. ગૌરવ શાહ, IQACના ડાયરેકટર અને કોમ્પ્યુટર સાયન્સ વિભાગના વડાશ્રી ડૉ. અપૂર્વ દેસાઈ અને મધ્યસ્થ ગ્રંથાલયના ઇ.ચા.ગ્રંથપાલ ડૉ. પારૂલ આર. પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમની શરૂઆત IQACના કૉ–ઓર્ડિનેટર ડૉ. ગૌરવ શાહ દ્વારા મહેમાનોનું શાબ્દિક તથા પુસ્તકો દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ IQACના ડાયરેકટરશ્રી ડૉ. અપૂર્વ દેસાઈ તથા માન. કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા દ્વારા વિષયને અનુરૂપ શાબ્દિક પ્રવચન આપવામાં આવ્યું હતું અને E-Resourceનો મહત્વનો ઉપયોગ કરવા સૂચન કર્યુ હતું. ત્યારબાદ IEEEના રીપ્રેસેન્ટેટીવ શ્રી ગૌરવભાઈ દાતે દ્વારા "IEEE Resource and IEEE Xplore: A Guide for Veer Narmad South Gujarat University"ના મહત્તમ ઉપયોગ અને ફાયદાઓ વિશે વિગતવાર માહિતી આપી હતી. આ ઉપરાંત તેમણે E-Resourceનો વિશ્વવિદ્યાલય પરીસર બહાર કેવી રીતે ઉપયોગ કરવો તેની વિગતવાર માહિતી આપી હતી. કાર્યક્રમના અંતે સદર વિષય પર ૩ પ્રશ્નોની સ્પર્ધાત્મક રમત રમાડવામાં આવી હતી. જેમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમાંમ જાહેર કરવામાં આવ્યા હતા. આ ત્રણે વિજેતાઓને IEEEના રીપ્રેસેન્ટેટીવ શ્રી ગૌરવભાઈ દાતે દ્વારા ગીફ્ટ/પુરસ્કાર પણ આપવામાં આવ્યા હતા. આ કાર્યશાળામાં વિશ્વવિદ્યાલય વિવિધ વિભાગના વડાશ્રીઓ, અધ્યાપકશ્રીઓ, વિવિધ વિષયના સંશોધકો અને ખૂબ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ તથા કર્મચારીઓ હાજર રહ્યાં હતાં. આ કાર્યક્રમનું સંચાલન (IQAC)ના ડાયરેકટરશ્રી ડૉ. અપૂર્વ દેસાઈ અને ગ્રંથપાલના ઇ.ચા.ગ્રંથપાલ ડૉ. પારૂલ આર. પટેલના માર્ગદર્શન હેઠળ ગ્રંથાલયના ટેકનીકલ આસિસ્ટન્ટ ડૉ. જીતેશ ટોપીવાલા, જુ. લાઈબ્રેરી આસિસ્ટન્ટ શ્રી પીન્ટુ આઈ. પટેલ તથા કોમ્પ્યુટર સાયન્સ વિભાગની કુ. નિવૃત્તિ દ્વારા કરવામાં આવ્યું હતું. અંતે રાષ્ટ્રગાન કરી કાર્યક્રમને પૂર્ણ જાહેર કરવામાં આવ્યો હતો.










### 'વૃક્ષારોપણ' કાર્યક્રમ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના મધ્યસ્થ ગ્રંથાલય ખાતે તા. ૨૦–૦૯–૨૦૨૩, શુક્રવારના રોજ બપોરે ૧૨:૩૦ કલાકે આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના વિઝન, 'સસ્ટેઈનેબલ એન્વાયરમેન્ટ'ના ભાગરૂપે 'एक पेड़ माँ के नाम' અભિયાન અંતર્ગત પર્યાવરણની જાળવણીને પ્રોત્સાહન આપવા તથા વૃક્ષારોપણના મહત્વ વિશે જાગૃતિ લાવવાના હેતુથી 'ગ્રીન કેમ્પસ' સંકલ્પના ભાગરૂપે માનનીય કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાની અધ્યક્ષતા અને

કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવીના માર્ગદર્શન હેઠળ 'વૃક્ષારોપણ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વૃક્ષારોપણ કાર્યક્રમમાં માનનીય કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા, ઇ.ચા.ગ્રંથપાલશ્રી ડૉ. પારૂલબેન આર. પટેલ, વિશ્વવિદ્યાલયના વિવિધ અનુસ્નાતક વિભાગના વડાશ્રીઓ, વહીવટી અધિકારીશ્રીઓ, અધ્યાપકશ્રીઓ, વહીવટી કર્મચારીઓ, ગ્રંથાલયના તમામ કર્મચારીગણ તથા વાચકોએ ઉત્સાહભેર ભાગ લઈ ૧૦૧ થી વધુ ફળ–ફળાદી અને છાયા વાળા વૃક્ષો કે જેના ફળો પક્ષીઓના આહાર અને વિશ્રાંત માટે ઉપયોગી થઈ શકે તેવા ઘટાદાર વૃક્ષોનું વાવેતર કરી તેના ઉછેર અને જાળવણીની પ્રતિજ્ઞા લીધી હતી.

વૃક્ષારોપણ કાર્યક્રમના આ પાવન અવસર પર ગ્રંથાલયના તમામ કર્મચારીગણોએ એક સમાન 'બ્લેક એન્ડ વાઈટ' કલરના ડ્રેસ કોડ પહેરી, મ્યુઝિક સિસ્ટમની વ્યવસ્થા કરી વૃક્ષારોપણના ગીતો વગાડી વૃક્ષારોપણ કર્યુ હતું, જે એક આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું. જેની માન. કુલપતિશ્રીઓ નોંધ લઈ ખૂબ પ્રશંસા કરી શુભેચ્છાઓ પાઠવી હતી.

વિશ્વવિદ્યાલયના ઇ.ચા.ગ્રંથપાલ ડૉ. પારૂલબેન પટેલે આ પ્રસંગે ખુશી વ્યક્ત કરતા જણાવ્યું હતુ કે, પર્યાવરણીય જાગૃતિ અને જાળવણીને પ્રોત્સાહન આપવા માટેની આ પહેલ આવનાર પેઢી માટે મહત્વની ભૂમિકા ભજવે છે. તેમજ પર્યાવરણ સંરક્ષણના મૂલ્યો પર ભાર મૂકી તેમણે જાહેર જનતા તથા વિદ્યાર્થીઓને આ દિશામાં સતત પ્રયત્ન કરવા પ્રોત્સાહિત કર્યા હતા. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન ઇ.ચા.ગ્રંથપાલ ડૉ. પારૂલબેન પટેલના માર્ગદર્શન હેઠળ ટેકનીકલ આસિસ્ટન્ટ ડૉ. જીતેશભાઈ ટોપીવાલા તથા જુ. લાઈબ્રેરી આસિસ્ટન્ટ શ્રી પિન્ટુભાઈ આઈ. પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. અંતે પ્રકૃતિ જાળવણીની પ્રતિજ્ઞા લઈ રાષ્ટ્રગાન કરી રાષ્ટ્રીય જયઘોષ સાથે કાર્યક્રમને પૂર્ણ કરવામાં આવ્યો હતો.











## Department of Economics

### શિક્ષકદિન નિમિત્તે શિક્ષક દિવસની ઉજવણી

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયમાં કાર્યરત અર્થશાસ્ત્ર વિભાગ ખાતે તા. ૦૫/૦૯/૨૦૨૪ના રોજ રાધાકૃષ્ણનાં જન્મદિવસ નિમિત્તે શિક્ષક દિવસની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું. શિક્ષક દિવસ નિમિત્તે એમ.એ. સેમ.–૧ અને ૩ના વિદ્યાર્થીઓ દ્વારા શિક્ષક બનીને વિદ્યાર્થીઓને ભણાવવામાં આવ્યું હતું. ત્યારબાદ શિક્ષકોનાં સન્માન માટે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રસ્તુત કાર્યક્રમમાં અર્થશાસ્ત્ર વિભાગનાં અધ્યક્ષ ડૉ. ગૌરાંગ ડી. રામી, અધ્યાપક ડૉ. યોગેશ એન. વાંસિયા, ડૉ. મનિષ આર. પટેલ, ડૉ. દિલીપ ચૌધરી, શ્રી મેરાભાઈ જમોડ, શ્રી દિવ્યાબેન રાવલ અને શ્રી વૈશાલીબેન ખારવા ઉપસ્થિત રહ્યાં હતાં. કાર્યક્રમની શરૂઆત ઉપસ્થિત અધ્યાપક અને વિદ્યાર્થીઓનાં શાબ્દિક સ્વાગત દ્વારા કરવામાં આવી હતી. ત્યારબાદ દરેક અધ્યાપકનું સ્વાગત પુસ્તક અને પુષ્પ ભેટ સ્વરૂપે આપીને કરવામાં આવ્યું હતું. કાર્યક્રમને આગળ વધારતા શિક્ષક દિવસ નિમિત્તે ડૉ. ગૌરાંગ ડી. રામી દ્વારા પોતાનું વકતવ્ય રજૂ કરવામાં આવ્યું. જેમાં શિક્ષક દિવસની ઉજવણી શા માટે કરવામાં આવે છે? તેના વિશે ચર્ચા કરવામાં આવી. તે ઉપરાંત શિક્ષકની વ્યાખ્યા આપતા જણાવવામાં આવ્યું હતું કે આપણે સત–અસત કોઈ પણ જીવ નિર્જીવ વસ્તુ પાસેથી આપણા જીવનમાં કઈપણ શીખવા મળે તેને આપણાં શિક્ષક માની શકીએ. ત્યારબાદ વિદ્યાર્થીઓ દ્વારા પોતાના એકદિવસીય શિક્ષક બનાવાનો અનુભવ વ્યકત કરવામાં આવ્યો. કાર્યક્રમના અંતે આભારવિધિ એમ.એ.સેમ.–૩ની વિદ્યાર્થીની પટેલ યશસ્વી દ્વારા રજૂ કરવામાં આવી અને

ઉપસ્થિત તમામ અધ્યાપક તથા વિદ્યાર્થીઓનો આભાર વ્યકત કરવામાં આવ્યો હતો. કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા અને કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી દ્વારા શિક્ષક દિવસ નિમિત્તે શુભેચ્છા વ્યકત કરી હતી.





## 'Review of Literature Using AI': Workshop

તા.૧૦/૯/૨૦૨૪નાં રોજ વિશ્વવિદ્યાલય ખાતે કાર્યરત અર્થશાસ્ત્ર વિભાગ, ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગ અને માનવ સંશાધન વિકાસ વિભાગનાં સંયુકત પ્રયાસ દ્વારા 'Review of Literature Using AI' એક દિવસીય કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રસ્તુત વિષય પર કાર્યશાળાનું આયોજન કરવાનો હેતુ સંશોધન કાર્યમાં સાહિત્ય સમીક્ષા કરતી વખતે પડતી મુશ્કેલીઓને સરળતાથી 'AI'નો ઉપયોગ કરીને ઉકેલી શકાય. તેનું માર્ગદર્શન અને માહિતગાર કરવા અંગેનો હતો. જેમાં મુખ્ય અતિથિ તરીકે વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા તથા અર્થશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ ડૉ. ગૌરાંગ ડી. રામી, અધ્યાપક ડૉ. મનિષ આર. પટેલ, ડૉ. યોગેશ એન. વાંસિયા તથા માનવ સંશાધન વિકાસ વિભાગનાં અધ્યાપક અને કાર્યશાળાનાં મુખ્ય વકતા એવા ડૉ. ભાવેશ વાનપરીયા હાજર રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત ડૉ. યોગેશ એન. વાંસિયા દ્વારા ઉપસ્થિત મહેમાનો તથા ભાગ લેનાર સભ્યોનું શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ઉપસ્થિત મહેમાનશ્રીઓનું સ્વાગત પુસ્તક, વિશ્વવિદ્યાલય ખેસ અને પુષ્પગુચ્છ દ્વારા કરવામાં આવ્યું હતું. ત્યારબાદ કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા દ્વારા પોતાનું વકતવ્ય રજૂ કરવામાં આવ્યું હતું. અર્થશાસ્ત્ર વિભાગમાં અવારનવાર જ્ઞાન ઉપાર્જન અંગે આ પ્રકારનાં કાર્યક્રમ, સેમીનાર અને વર્કશોપનું આયોજન કરવા માટે પ્રેરિત કરવામાં આવ્યા હતા. પ્રસ્તુત કાર્યશાળાની સફળતા અંગે શુભેચ્છા પણ પાઠવવામાં આવી હતી. ત્યારબાદ ડૉ. ગૌરાંગ ડી. રામી દ્વારા પ્રસ્તુત કાર્યશાળાની પૂર્વભૂમિકા રજૂ કરવામાં આવી. જેમાં સંશોધક કાર્ય કરતી વખતે સાહિત્ય સમીક્ષા કેટલું અગત્યનું પગલું છે. તેમાં કેટલી બાબતોનું ઘ્યાન રાખવું જોઈએ તે અંગે ચર્ચા કરવામાં આવી હતી. સાહિત્ય સમીક્ષામાં સમયનો ખૂબ મોટા પ્રમાણમાં ઉપયોગ થાય છે જે સરળતાથી કરવા માટે પ્રસ્તુત કાર્યશાળામાંથી જે શીખવા મળે તેનો ઉપયોગ કરીને સરળતાથી સાહિત્ય સમીક્ષા લખી શકાય છે. તેમના જણાવ્યા પ્રમાણે ટેકનોલોજી બધીજ વસ્તુને સરળ બનાવે છે, પરંતુ દરેક બાબતનાં બે પાસા હોઈ છે સકારાત્મક અને નકારાત્મક એટલે સકારાત્મક બાબતોને ઘ્યાનમાં રાખીને આર્ટીફીશિયલ ઈન્ટેલીજન્સનો ઉપયોગ કરવો જોઈએ. કાર્યશાળાને આગળ વધારતા મુખ્ય વકતા ડૉ. ભાવેશ વનપરીયા દ્વારા પોતાનું વકતવ્ય રજૂ કરવામાં આવ્યું. જેમાં સાહિત્ય સમીક્ષા 'AI' દ્વારા કઈ રીતે સરળતાથી બનાવી શકાય તેના અમુક Tools અંગે પ્રેકટીકલી માર્ગદર્શન આપવામાં આવ્યું જેમાં Chat Doc, humata ai, quillBot ai, Chat pdf, Jenni ai, SciSpace, Explainpaper, Humata, Elicit, Wordtune અને SpinBot વિશે પ્રેકટીકલી ઉપયોગ કરવાનું શીખવવામાં આવ્યું હતું, ત્યારબાદ કેટલાક AI Detection Tool જેમ કે, Copyleaks વગેરે વિશે પણ ચર્ચા અને પ્રેકટીકલ કરાવવામાં આવ્યું હતું. કાર્યશાળાનાં અંતે ડૉ. ગૌરાંગ ડી. રામી દ્વારા વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવીની વહીવટી મંજૂરી આપવા બદલ આભાર વ્યકત કર્યો હતો તથા ઉપસ્થિત મુખ્ય વકતા ડૉ. ભાવેશ વાનપરિયાનો પણ જ્ઞાન અને માર્ગદર્શન આપવા બદલ આભાર વ્યકત કરવામાં આવ્યો હતો. અંતે ઉપસ્થિત અધ્યાપકશ્રીઓ, સંશોધકશ્રીઓ અને વિદ્યાર્થીઓનો પણ હાજર રહેવા અને કાર્યશાળામાં ભાગ લેવા બદલ આભાર વ્યકત કરવામાં આવ્યો હતો. પ્રસ્તુત કાર્યશાળામાં કુલ ૬૦ જેટલા અધ્યાપક વિદ્યાર્થી અને સંશોધક હાજર રહ્યાં હતાં.










**પ્રથમ સેમેસ્ટરનાં વિદ્યાર્થીઓનો સ્વાગત સમારંભ**









તા. ૧૦/૯/૨૦૨૪ના રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયમાં કાર્યરત અર્થશાસ્ત્ર વિભાગમાં વિભાગીય અધ્યક્ષનાં માર્ગદર્શન હેઠળ એમ.એ. સેમેસ્ટર–૧માં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓ માટે એમ.એ. સેમેસ્ટર–૩નાં વિદ્યાર્થીઓએ સ્વાગત સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિભાગનાં અધ્યક્ષ ડૉ. ગૌરાંગ ડી. રામી અધ્યાપક ડૉ. મનીષ આર. પટેલ, ડૉ. યોગેશ એન. વાંસિયા તથા અન્ય મુલાકાતી અધ્યાપક હાજર રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત પરંપરાગત રીતે દીપ–પ્રાગટ્ય અને પ્રાર્થના દ્વારા કરવામાં આવી હતી. ત્યારબાદ ઉપસ્થિત વિભાગીય અધ્યક્ષ, અધ્યાપકગણ અને વિભાગનાં બિન–શૈક્ષણિક કર્મચારીઓનું સ્વાગત વિદ્યાર્થીઓ દ્વારા પુસ્તક અને પુષ્પ ભેટ સ્વરૂપે આપીને કરવામાં આવ્યું હતું. ત્યારબાદ વિભાગનાં અધ્યક્ષ ડૉ. ગૌરાંગ ડી. રામી દ્વારા પોતાનું વકતવ્ય રજૂ કરવામાં આવ્યું. જેમાં વિદ્યાર્થીઓ દ્વારા કાર્યક્રમનું આયોજન કરવા બદલ પ્રોત્સાહિત કરવામાં આવ્યા અને આગળ પણ સ્વાગત સમારંભની પરંપરા ચાલતી રહે તે માટે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવામાં આવ્યા. ત્યારબાદ એમ.એ.સેમેસ્ટર–૧ અને ૩નાં વિદ્યાર્થીઓ દ્વારા અલગ અલગ કૃતિઓ રજૂ કરવામાં આવી. જેમાં વિદ્યાર્થીની દ્વારા પોતે લખેલી કવિતા સંભળાવવામાં આવી, વિદ્યાર્થી દ્વારા ગીત ગાવામાં આવ્યું, આદિવાસી સમૂહ નૃત્ય કરવામાં આવ્યું અને કોમેડી નૃત્ય પણ કરવામાં આવ્યું હતું. પ્રસ્તુત કાર્યક્રમનાં આયોજન બદલ કુલપતિ ડૉ. કિશોરસિંહ ચાવડા અને કુલસચિવ ડૉ. રમેશદાન ગઢવી દ્વારા વિદ્યાર્થીઓને શુભેચ્છા અને પ્રેરણા સંદેશ મોકલવામાં આવ્યો હતો.

## Department of Fine Arts

### 'માતા ની પછેડી' ચિત્ર પર વર્કશોપ યોજાયો

"દેવીની છબી દોરવી એ માત્ર ચિત્ર નથી, તે પરમાત્માને પવિત્ર અર્પણ છે"

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના ફાઈન આર્ટસ વિભાગ દ્વારા તા. ૦૨/૦૯/૨૦૨૪ના રોજ રામચંદ્ર તુલશીયન આર્ટ ગેલેરી ખાતે પ્રથમ વખત 'માતા ની પછેડી' વર્કશોપનું ઉદઘાટન કરવામાં આવ્યું. જેમાં વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી કિશોરસિંહ ચાવડા તેમજ કુલસચિવશ્રી ડૉ. આર.સી.ગઢવી, ફાઈન આર્ટ્સના કૉ–ઓર્ડિનેટર શ્રી મેહુલ પટેલ, અધ્યાપકશ્રીઓ તથા વિદ્યાર્થીઓ જોડાયા હતાં. આ વર્કશોપમાં મુખ્ય અતિથિ, ડિરેકટર ઓફ IGNCA વડોદરાના કુમારી અરૂપા લહેરી હતાં. વર્કશોપના પ્રખ્યાત કલાકારશ્રી સુરેશભાઈ ચિતારા અમદાવાદના છે જેઓ રાષ્ટ્રીય સ્તરના સન્માનિત કલાકાર છે. મિશન ઓન કલ્ચરલ મેપિંગના ભારતીય સંસ્કૃતિ મંત્રાલય અને ઇન્દિરા ગાંધી નેશનલ સેન્ટર ફોર આર્ટસ સાથે જોડાણમાં આ તક પ્રાપ્ત કરવા બદલ તેઓનો આભાર માનવામાં આવ્યો હતો. ગુજરાતની દેવી, જેને 'માતા ની પછેડી'માં વારંવાર દર્શાવવામાં આવી છે, તે રાજ્યના સંસ્કૃતિક અને આધ્યાત્મિક વારસામાં નોંધપાત્ર મહત્વ ધરાવે છે. 'માતાની પછેડી' એ કળા અને

આધ્યાત્મિકતા કેવી રીતે એકીકૃત થાય છે તેનું અદ્ભૂત ઉદાહરણ છે. ચાલો ગરવી ગુજરાતની દિવ્ય નારી અને ભવ્ય સંસ્કૃતિની ઉજવણી કરીએ.

આ કાર્યક્રમમાં કલાકાર શ્રી સુરેશભાઈ ચિતારા દ્વારા તેમના ચિત્રોનું પ્રદર્શન તેમજ ચિત્રોની સમજ પણ આપવામાં આવી હતી. આ ચિત્રો કોટનના કાપડ પર ઉકાળીને પ્રોસેસ કરીને કુદરતમાંથી મળી આવતા રંગોમાંથી તેમજ બામ્બુની સ્ટિકની મદદથી કરવામાં આવે છે. મુખ્ય વિષય માતાજી તેમજ માતાજીની ભકિત હોય છે. આ ચિત્રો માતાની ભકિતનો એક માર્ગ છે. આ વર્કશોપનું આયોજન રામચંદ્ર તુલશીયન આર્ટ ગેલેરી, વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય સુરત ખાતે તા. ૨/૯/૨૦૨૪ થી ૫/૯/૨૦૨૪ સુધીનું કરવામાં આવ્યું છે. આ વર્કશોપમાં ૪૫ વિદ્યાર્થીઓએ ભાગ લીધો છે. આ વર્કશોપની તમામ વ્યવસ્થા ફાઈન આર્ટ વિભાગના પ્રોફેસર કિનલ આર પટેલ એ કરી હતી.









## Department of Law

### Conference: Discussion and Introduction of New Criminal Laws



On July 1, 2024, a conference was held at the Department of Law, Veer Narmad South Gujarat University, to introduce India's three new criminal laws, which were set to take effect on the same day. The event began with a welcome speech by Dr. Yashodhara Bhatt, Co-ordinator of the Department of Law, followed by remarks from Dr. Vimal Pandya, the Dean. Dr. Bhatt then presented a memento to the guest speaker, Senior Advocate Jatiin J. Gandhi.

As the chief speaker, Mr. Gandhi provided valuable insights on the new laws. He began by discussing the changes in procedural law, specifically the replacement of the Criminal Procedure Code of 1973 (CrPC) with the Bharatiya Nagarik Suraksha Sanhita of 2023 (BNSS), and explained the key modifications with relevant case laws. He then moved on to the Indian Penal Code of 1860 (IPC), now replaced by the Bharatiya Nyaya Sanhita of 2023 (BNS), focusing on the new offenses and updates from the previous law.

### Orientation

On July 1, 2024, the Department of Law at Veer Narmad South Gujarat University (VNSGU) hosted an enlightening session titled "Innovation & Entrepreneurship Outreach Program in Community and Angel Investment Insights: Navigating Early Stage Funding." The event was conducted by Mr. Pancham Baraiya, a noted expert in entrepreneurship and investment.

Mr. Baraiya shared valuable insights on fostering innovation within communities and provided guidance on securing early-stage funding for startups. The session aimed to equip aspiring entrepreneurs, particularly law students, with practical knowledge about the entrepreneurial ecosystem and investment landscape.

Key topics covered during the session included:

1. Strategies for promoting innovation in local communities
2. The importance of entrepreneurship outreach programs
3. Understanding angel investment and its role in startup growth
4. Navigating the challenges of early-stage funding
5. Legal considerations for startups seeking investment

The interactive session allowed students to engage with Mr. Baraiya, asking questions and gaining firsthand knowledge from his experiences in the field.

Dr. Yashodhara A. Bhatt, Coordinator of the Department of Law at VNSGU, commented, "This session aligns with our goal of providing students with practical insights beyond traditional legal education. Understanding the intersection of law, entrepreneurship, and investment is crucial in today's business landscape."

The event was well-received by both students and faculty, highlighting the growing interest in entrepreneurship among law students at VNSGU.

## "A Comprehensive Guest Lecture on the Bharatiya Nyaya Sanhita of 2023 (BNS)"



The Department of Law at Veer Narmad South Gujarat University organized a guest lecture on July 5, 2024, for third-semester students, focusing on the newly implemented Bharatiya Nyaya Sanhita, 2023. Under Dr. Yashodhara Bhatt's guidance, Advocate Falguni Ghantiwala discussed the law's significance in removing colonial influence and its impact on India's legal system. She also highlighted the differences between the old and new laws and urged students to advocate for updates to the police code in line with the BNS, inspiring them to recognize their crucial role in the legal profession.

## Career Craft Consultants



In today's insightful session hosted by Career Craft Consultants, Ms. Nazmin Malkani, Business Development Manager, illuminated pathways to international education for Semesters 7 and 9 students. She emphasized the importance of comprehensive guidance in competitive exam coaching, university applications, education loans, visa processing, and post-arrival support. Ms. Malkani's vast experience underscored the seamless transition required for academic journeys abroad. Special thanks were extended to Dr. Yashodhara Bhatt for facilitating this enriching opportunity. The session successfully empowered students with essential knowledge and strategies to pursue their study-abroad aspirations effectively.

## B. Com LL.B Orientation





The Department of Law at Veer Narmad South Gujarat University (VNSGU) hosted an

orientation program on July 13, 2024, for the new B.Com LL.B (Hons.) students. The event introduced students to the university's academic environment, faculty, and resources. Dr. Yashodhara A. Bhatt, the department coordinator, opened the program with a warm welcome, followed by an address from the chief guest, Dr. Rameshdan Gadhvi, Registrar of VNSGU.

Students were briefed on the B.Com LL.B (Hons.) curriculum, academic policies, and introduced to faculty members. The orientation also highlighted library resources, digital learning platforms, and extracurricular activities, ending with a Q&A session. Senior students Dhruv Shroff and Isha Shroff anchored the event.

## "Exploring Family Law: A Guest Lecture on Restitution of Conjugal Rights, Judicial Separation, and Divorce"



On July 18, 2024, the Department of Law hosted a guest lecture by Advocate Dhaval Dalal on "Restitution of Conjugal Rights, Judicial Separation, and Divorce." Advocate Dalal offered deep insights into the legal aspects of marital disputes and dissolution. Dr. Yashodhara Bhatt, the department coordinator, facilitated the event, ensuring a smooth and engaging session. The lecture was well-received by both students and faculty, enhancing their understanding of family law and its practical applications.

## Culture Event- Mehendi Competition



On July 20, 2024, the Department of Law organized a Mehndi Competition, judged by Nimisha Parekh. Dr. Yashodhara Bhatt, the department coordinator, honored the judge with a felicitation. Out of the 13 participants, Sakaria Nandini secured first place, followed by Patel Heer in second, and Kusuma Sneha in third. All participants were awarded certificates in recognition of their commendable efforts.

## B.Com LL.B Orientation




The Department of Law at Veer Narmad South Gujarat University (VNSGU), Surat, organized a "Capital Awareness Programme" on July 30, 2024, featuring financial expert Dr. Bhavik Shah as the keynote speaker. The program aimed to bridge the gap between legal education and financial literacy, providing insights into capital markets and investment strategies.

Key highlights included discussions on capital market fundamentals, the legal framework governing financial markets in India, and strategies for responsible investing. A Q&A session with Dr. Shah offered further insights. The event, organized under the guidance of Dr. Yashodhara Bhatt, Department Coordinator and Assistant Professor, was highly beneficial for law students, practicing lawyers, and anyone interested in the intersection of law and finance.

## નવા ક્રિમિનલ મેજર એક્ટના પુસ્તકોની ભેટ



તા. ૩૦/૦૭/૨૦૨૪ના રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય ખાતે'ડિપાર્ટમેન્ટ ઓફ લો'ના

વિદ્યાર્થીઓને કાયદાના અભ્યાસમાં મદદરૂપ થઈ શકે તે માટે તા. ૧ જુલાઈ, ૨૦૨૪ના રોજથી ભારત સરકાર દ્વારા અમલમાં આવેલ નવા ક્રિમીનલ મેજર એકટની પુસ્તકો સુરત જીલ્લા વકીલ મંડળના ૨૦૨૪ના સક્રિય કાઉન્સિલ મેમ્બર (૧) મયુર આર. પટેલ, (૨) ચેતન જે. પ્રજાપતિ, (૩) મુકુંદ રામાણી, (૪) ધવલ પાનસેરિયા, (૫) મયુર હુમ્મર, (૬) રાહુલ કોન્ટ્રાકટરના સહયોગથી વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રીની રૂબરૂમાં વિદ્યાર્થીઓ માટે મોટા પ્રમાણમાં નવા કાયદાની પુસ્તકો અનુદાન તરીકે આપેલ આ પુસ્તક નિવૃત જજ સાહેબ શ્રી મધુકર વી. ધ્રુવ દ્વારા લખાયેલ છે. આ પુસ્તકો વિદ્યાર્થીઓ ખૂબ સરસ અને સરળતાથી સમજી શકે અને વિદ્યાર્થીઓના ઉજ્જવળ ભવિષ્ય માટે મદદરૂપ થઈ શકે તેમ છે. આ પુસ્તકો અપર્ણ કાર્યક્રમમાં માનનીય કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવી, કાનૂન શાસ્ત્ર વિભાગના Co-ordinator ડૉ. યશોધરા ભટ્ટ તેમજ અન્ય પ્રાધ્યાપકો ઉપસ્થિત રહ્યા હતા. આ અંગેની માનનીય કુલપતિશ્રીએ સુરત જીલ્લા વકીલ મંડળના ૨૦૨૪ના સક્રિય કાઉન્સિલ મેમ્બરનો આભાર માનેલ હતો.

## Exploring & Introducing New Criminal Laws










The Department of Law at VNSGU, Surat hosted a significant session on July 20, 2024, dedicated to discussing and introducing new criminal laws in India. Dr. Yashodhara Bhatt highlighted the legislative intent behind these reforms, emphasizing their role in enhancing the criminal justice system and protecting victims' rights. Dr. Kishorsinh Chavda, Vice Chancellor, stressed the importance of law in everyday life.The event featured esteemed guests including Hon'ble Judge Shri C.R. Modi and Senior Advocates Bharatbhai Pandit and Gaurang Rangunwala. Discussions covered procedural changes, definitions of crimes, and provisions for addressing cybercrime. The panel discussed implementation challenges, judicial capacity, and societal implications, highlighting the session's success in fostering critical engagement and preparing legal professionals for contemporary challenges.

## An Essay Competition on Anti-ragging Awareness Theme



The Department of Law at Veer Narmad South Gujarat University recently organized an essay competition focused on anti-ragging awareness. The event saw enthusiastic participation from 16 students. Trisha Shetty secured first place, followed by Tanu Vishwakarma in second, and Nisarg Patel in third. The papers were evaluated by Dr. Amit Mali, Assistant Professor in the Department of Education, who praised the high quality of the submissions. This competition aimed to raise awareness and promote a zero-tolerance stance against ragging on campus.

## Poster Making Competition



On 14th August 2024, a Poster Making Competition was held as part of Anti-Ragging Awareness Week at VNSGU. The event was judged by Ms. Kinal Patel and Mrs. Mansi Chandiwala, both Assistant Professors in the Department of Fine Arts. The competition showcased the creativity and awareness of the students, with Nisarg Patel winning first prize, Abhay Upadhyay securing second place, and Vanshika Agarwal taking third place. A consolation prize was awarded to Yaminee Sethia. The entire event was organized under the insightful guidance of Dr. Yashodhara Bhatt, Co-ordinator of the Department of Law, making it a memorable and impactful occasion.

## Elocution Competition: Celebrating 78 Years of Independence



On 21st August 2024, the Department of Law at VNSGU organized a compelling Elocution Competition on the theme of Independence Day, where students showcased their exceptional speaking skills. The event was judged by the distinguished Mr. Paresh Joshi, Professor in the Department of English. Nidhi Singh emerged as the first prize winner with her powerful delivery, followed by Sneha Singh, who secured second place, and Devanshi Rathod, who took third. Minaxi Mishra received a well-deserved consolation prize for her commendable effort. The competition was held under the expert guidance of Dr. Yashodhara Bhatt, Co-ordinator of the Department of Law, making it a highly engaging and successful occasion.

## Best Out of Waste Competition



On August 6, 2024, the Department of Law at Veer Narmad South Gujarat University organized an engaging 'Best Out of Waste' competition. The event aimed to encourage creativity, sustainability, and innovation among students, showcasing their ability to transform waste materials into useful and artistic products. The competition was judged by Shri Urmin Desai and organized under the expert guidance of Dr. Yashodhara Bhatt, the Co-ordinator of the Department of Law. The participants were evaluated based on their creativity, originality, and effective use of waste materials. After careful consideration, the following students were awarded:

- First Place: Ms. Krishna Dhangdhariya
- Second Place: Mr. Gangode Piyush
- Third Place: Ms. Agarwal Vanshika
- Consolation Prize: Ms. Daga Harshita

The event was a resounding success, highlighting the students' innovative approach to sustainability and their commitment to environmental consciousness.

## ગૌરવ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કાયદા વિભાગમાં અભ્યાસ કરતો વિદ્યાર્થી બાબરીયા વીરે તા. ૦૬ થી ૧૦ ઓગસ્ટ, ૨૦૨૪ દરમિયાન સાસ્કમા ઈંગ્લિશ મિડીયમ કોમર્સ કૉલેજ, સુરત ખાતે યોજાયેલ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય આંતર કૉલેજ ચેસ (મેન) ટુર્નામેન્ટમાં દ્વિતીય ક્રમાંક પ્રાપ્ત કર્યો હતો. જેથી તે આગામી સમયમાં આયોજીત વેસ્ટ ઝોન ચેસ ટુર્નામેન્ટમાં સિલેકટ થયો છે. આ ટુર્નામેન્ટમાં ૫૦ થી વધુ કૉલેજો તેમજ ૨૫૦ થી વધારે વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. બાબરીયા વીરને કાયદા વિભાગના કૉ-ઓર્ડિનેટર પ્રોફેસર ડૉ. યશોધરા એ. ભટ્ટ તેમજ શૈક્ષણિક અને બિનશૈક્ષણિક સ્ટાફ તરફથી ખૂબ ખૂબ

અભિનંદન પાઠવ્યા હતા. તેમજ આગામી સમયમાં આયોજીત વેસ્ટ ઝોન ચેસ ટુર્નામેન્ટમાં જવલંત સફળતા મળે એવી શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

## વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના ખેલદિવસમાં કાનૂનશાસ્ત્ર વિભાગના વિદ્યાર્થીઓનું ઉત્કૃષ્ટ પ્રદર્શન




વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના પરિસરમાં તા. ૩૧ ઓગસ્ટ, ૨૦૨૪ના રોજ વિદ્યાર્થીઓ તેમજ શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓ માટે ખેલકૂદ દિવસનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિવિધ રમતો જેવી કે વોલીબોલ, ૧૦૦ મી. દોડ, ટેબલ ટેનિસ, ચેસ, રસ્સા ખેંચ, લીંબુ ચમચી, કોથળા કુદ, લંગડી, દોરડા કુદ રમાડવામાં આવી હતી. જે અંતર્ગત કાનુનશાસ્ત્ર વિભાગમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી બાબરીયા વીરે ચેસ કોમ્પિટિશન (ભાઈઓ)માં પ્રથમ ક્રમાંક અને ટાઈવાલા કશિશે ચેસ કોમ્પિટિશન (બહેનો)માં દ્વિતીય ક્રમાંક પ્રાપ્ત કર્યો હતો. આ સિદ્ધિ બદલ બંને વિદ્યાર્થીઓને કાનૂનશાસ્ત્ર વિભાગના કૉ–ઓર્ડિનેટર પ્રોફેસર ડૉ. યશોધરા ભટ્ટ અને શૈક્ષણિક અને બિનશૈક્ષણિક સ્ટાફે ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતાં.

## Department of Library and Information Science

### ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગનાં વિદ્યાર્થીઓ શિક્ષક દિવસની ઉજવણી




વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયમાં સ્થિત અર્થશાસ્ત્ર વિભાગમાં કાર્યરત ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગનાં વિદ્યાર્થીઓ દ્વારા તા. ૦૫/૦૯/૨૦૨૪નાં રોજ શિક્ષક દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાનનાં સ્નાતક અને અનુસ્નાતકનાં વિદ્યાર્થીઓએ શિક્ષક દિવસ નિમિત્તે શિક્ષક બનીને વિદ્યાર્થીઓને ભણાવ્યા હતા. શિક્ષક દિવસ નિમિત્તે વિદ્યાર્થીઓએ શિક્ષકોને સન્માનિત કરવા માટે અને આભાર વ્યક્ત કરવા માટે કાર્યક્રમનું આયોજન કર્યું હતું. જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. પ્રસ્તુત કાર્યક્રમમાં ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગનાં અધ્યાપક અને અધ્યાપિકાઓ હાજર રહ્યાં હતાં. જેમાં ડૉ. તૃપ્તિબેન વાંસિયા, ડૉ. યોગેશ વાંસિયા, ડૉ. શૈલેશ પટેલ, ડૉ. કિષ્ના શાસ્ત્રી, શ્રી જયદીપ વ્યાસ, શ્રી નવનીત પટેલ અને પ્રજ્ઞાબેન ધાધલ હાજર રહ્યાં હતાં. શિક્ષક દિવસની ઉજવણીનાં ભાગ રૂપે અર્થશાસ્ત્ર વિભાગનાં સેમીનાર હોલમાં ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગના દરેક પ્રાધ્યાપકોનું પુષ્પ આપીને સ્વાગત કરવામાં આવ્યું હતું. શિક્ષક દિવસ નિમિત્તે વિદ્યાર્થીઓએ સમસ્ત ગુરુજનોને સંબોધિત વકતવ્ય રજૂ કર્યુ હતું. ત્યારબાદ શિક્ષક દિવસનાં અવસર પર વિદ્યાર્થીઓ દ્વારા આયોજિત કાર્યક્રમ અંગે ડૉ. શૈલેશ પટેલ અને ડૉ યોગેશ વાંસિયા, ડૉ. પારૂલબેન પટેલ, ડૉ કિષ્ના શાસ્ત્રી દ્વારા પ્રેરણાદાયી વકતવ્ય રજૂ કરવામાં આવ્યું હતું. શિક્ષક દિવસ નિમિત્તે ઉજવણીને યાદગાર બનાવવા કેક કાપવામાં આવી હતી અને ગ્રુપ ફોટા પણ પડાવ્યા હતા. પ્રસ્તુત કાર્યક્રમમાં ગ્રંથાલય અને માહિતી વિભાગનાં પ્રાધ્યાપકો અને વિદ્યાર્થીઓ હાજર રહ્યાં હતાં.

## Department of Mathemetics

### Poster Making Competition



વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના ગણિતશાસ્ત્ર વિભાગમાં તા. ૦૮/૦૯/૨૦૨૪ના રોજ 'Poster Making' સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં એમ.એસ.સી. પાર્ટ–૧ તથા પાર્ટ–૨ના ૨૬ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓએ 'ગણિત' વિશેના સંદર્ભમાં ૨ થી ૩ના ગ્રુપમાં જુદા જુદા વિષયો પર પોસ્ટરો રજૂ કર્યા હતા. આ સ્પર્ધામાં પ્રથમ ક્રમ એમ.એસસી. સેમેસ્ટર–૧ની વિદ્યાર્થીનીઓ ટંડેલ ભાર્ગવી તથા હળપતિ દિયા, દ્વિતીય ક્રમ પર એમ.એસસી. સેમેસ્ટર–૩ની વિદ્યાર્થીનીઓ દેવલિયા કૃપા, વઘાસિયા

જાનવી તથા સેમેસ્ટર–૧નો વિદ્યાર્થી ચૌધરી અનિષ, તૃતીય ક્રમ એમ.એસસી. સેમેસ્ટર–૧ની વિદ્યાર્થીનીઓ જાની વિધિ, નાયક અશ્વિની તથા એમ.એસસી. સેમેસ્ટર–૩ની વિદ્યાર્થીની ભોંકર પાયલ તથા વિદ્યાર્થી સિંઘ પ્રાંજલ વિજેતા જાહેર કરવામાં આવ્યાં હતાં. સમગ્ર સ્પર્ધાનું સંચાલન ગણિતશાસ્ત્ર વિભાગમા આસિસ્ટન્ટ પ્રોફેસર તરીકે ફરજ બજાવતા ડૉ. પ્રીતિ ટંડેલ દ્વારા કરવામાં આવ્યું હતું. તમામ ભાગ લીધેલ તથા વિજેતા થયેલ વિદ્યાર્થીઓને ગણિતશાસ્ત્ર વિભાગ તરફથી હાર્દિક શુભેચ્છા પાઠવવામાં આવ હતી.

## Slogan Writing Copetition






તા. ૧૪/૦૮/૨૦૨૪ના રોજ ગણિતશાસ્ત્ર વિભાગમાં 'Anti Ragging' વિષય આધારિત 'Slogan Writing' સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં એમ.એસસી. પાર્ટ–૧ તથા પાર્ટ–૨ના ૨૨ વિદ્યાર્થીઓએ ૨ થી ૩ ના સમૂહમાં વિષય આધારિત સ્લોગનને લગતા પોસ્ટરો રજૂ કર્યા હતા. આ સ્પર્ધામાં એમ.એસસી. સેમેસ્ટર–૩ની વિદ્યાર્થીનીઓ રાઉટા શ્વેતા, પટેલ જીગીષા એ પ્રથમ ક્રમ, એમ.એસસી. સેમેસ્ટર–૩ની વિદ્યાર્થીનીઓ વધાસિયા જાનવી, દેવલિયા કૃપા તથા એમ.એસસી. સેમેસ્ટર–૧ની વિદ્યાર્થીનીઓ ટંડેલ ભાર્ગવી, હળપતિ દિયાએ દ્વિતીય ક્રમ તથા એમ.એસસી. સેમેસ્ટર–૧ની વિદ્યાર્થીનીઓ નાયક અશ્વિની, ચૌધરી શ્રુતિ, એમ.એસસી. સેમેસ્ટર–૩ના સિંઘ પ્રાંજલ તથા પટેલ ક્રિષ્નાએ તૃતીય ક્રમ પ્રાપ્ત કર્યો હતો. સમગ્ર સ્પર્ધાનું સંચાલન ગણિતશાસ્ત્ર વિભાગમાં આસિસ્ટન્ટ પ્રોફેસર તરીકે ફરજ બજાવતા ડૉ. પ્રીતિ ટંડેલ દ્વારા કરવામાં આવ્યું હતું. તમામ ભાગ લીધેલ તથા વિજેતા થયેલ વિદ્યાર્થીઓને ગણિતશાસ્ત્ર વિભાગ તરફથી હાર્દિક શુભેચ્છા પાઠવવામાં આવી હતી.

## Department of Statistics

### 'Statathon 2024'નું આયોજન










તા. ૧૦ સપ્ટેમ્બર ૨૦૨૪ના રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના આંકડાશાસ્ત્ર વિભાગ દ્વારા આંકડાશાસ્ત્રના મહાન વિજ્ઞાની પ્રોફેસર સી.આર.રાવના જન્મ દિવસની ઉજવણીના ભાગ રૂપે 'Statathon-2024'નું આયોજન ગુજરાતી વિભાગના સેમિનાર હોલમાં કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ગણમાન્ય મહેમાનો અને વરિષ્ઠ અધ્યાપકોની ઉપસ્થિતિમાં દીપ પ્રાગટ્ય સાથે કરવામાં આવ્યું.

ત્યારબાદ વિધિવત રીતે મહેમાનોનું સન્માન કરવામાં આવ્યું. આ પ્રસંગે, આંકડાશાસ્ત્ર વિભાગના વડાશ્રી પ્રો. ડૉ. આરતી જે. રાજ્યગુરૂએ સૌને વધામણી આપી અને કાર્યક્રમની મહત્વતા પર પ્રકાશ પાડયો હતો.

આ કાર્યક્રમના મુખ્ય મહેમાન, માન. નિવૃત પ્રોફેસર ડૉ. રમેશચંદ્ર ટી. રટાણીએ પ્રોફેસર સી. આર. રાવના આંકડાશાસ્ત્ર ક્ષેત્રમાં આપેલા અવિસ્મરણીય યોગદાન અને તેમની વૈશ્વિક પ્રતિષ્ઠા પર પ્રકાશ પાડયો અને આંકડાશાસ્ત્ર વિકાસમાં તેમના અમૂલ્ય યોગદાનની વિગતો રજૂ કરી હતી. ડૉ. શીતલ એસ પટેલે 'આંકડાશાસ્ત્રન વ્યાપ' વિષય પર ચર્ચા કરી અને આ વિજ્ઞાનના વિવિધ ક્ષેત્રોમાં વ્યાપક ઉપયોગની વાત કરી હતી.

કાર્યક્રમમાં સ્નાતક સ્તર અને શાળાકીય (ધો. ૧૧ અને ૧૨) સ્તરે બે અલગ અલગ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. આમ કુલ ૧૪ ટીમોએ ભાગ લીધો હતો. સ્નાતક સ્તર સ્પર્ધામાં વિભાગના ભૂતપૂર્વ વિદ્યાર્થી શ્રી સાહિલ મેરાઈ અને શ્રી રામિયા બોરીચા, જ્યારે શાળાકીય સ્તરની સ્પર્ધામાં ડૉ.મિત્તલ શિંગાલા અને ડૉ. ગુંજન શાહ એ નિર્ણાયક તરીકે સેવા આપી હતી. બંને સ્તરે પ્રત્યેક સ્પર્ધામાંથી પ્રથમ ત્રણ ક્રમે આવનાર ત્રણ ટીમોને ટ્રોફી, ઇનામ અને સર્ટિફિકેટ આપવામાં આવ્યા હતા.

નિવૃત્ત પ્રોફેસર ડૉ. ઉષા કાઝીએ વિભાગના વિષયને લોકપ્રિય બનાવવાના પ્રયત્નો બિરદાવી વિભાગના વિદ્યાર્થીઓ માટે શિષ્યવૃત્તિની જાહેરાત કરી હતી. જેનાં માટે વિભાગ અને યુનિવર્સિટી તેમનાં આભારી છે. વિભાગના વડા પ્રોફેસર ડૉ. આરતી જે. રાજ્યગુરૂએ આ કાર્યક્રમ દર વર્ષે ૨૨ ઓગસ્ટનાં રોજ કરવાની જાહેરાત પણ કરી હતી.

માન. કુલપતિ ડૉ. કિશોરસિંહ એન. ચાવડાએ અંતે વિજેતા ટીમને ટ્રોફી અને ઈનામો આપી અને પ્રોફેસર સી. આર. રાવના જીવન અને કાર્ય પર પ્રકાશ પાડીને તેમની વિદ્વત્તા અને પ્રભાવશાળી કારકિર્દીનાં વખાણ કર્યા હતા. અંતે ઈવેન્ટ ઓર્ગેનાઇઝ સેક્રેટરી શ્રી ઝુબેર એસ. પટેલ એ સર્વ મહેમાનો, વકતાઓ અને વિદ્યાર્થીઓનો આભાર માન્યો.

## Department of Business and Industrial Management (DBIM)

### Best Research Paper

Dr. Manish Sidhpuria, alongwith his research scholar, Ms. Heena Shrivastava and Dr. Sagar Gaur, Assistant Professor at SDJ International College, Palsana Campus, presented a research paper titled "The Challenges, Impact and Future Perspective of Crypto Currency in India - A Literature Review" in Online Track 1 of an International Conference on "Three Pillars of today's Age: Digitalization, Artificial Intelligence & Automation and its Impact on Management - SPCAMIC2024" on Saturday, September 28, 2024.

This paper was adjudged "Best Research Paper" in its category

### Prevention of Sexual Harassment (PoSH) At Workplace

The Department had organized a session on Prevention of Sexual Harassment at Workplace on 28th September, 2024. The speaker took the students into an insightful journey about the purpose of the PoSH act, its mandatory provisions, scope and many such other facts. Ms. Brinda Bhatt, (Accomplished Management Professional, Entrepreneur and Mental Health Advocate) was present as an expert/speaker in the program. Ms. Brinda Bhatt is a highly experienced professional worked into the areas of Human Resource Management, Operations and Women Empowerment. He has MBA with Human Resource Management. Ms. Brinda brings her expertise in the areas of Culture development, Operations and Gender Equality in the organization. She is skilled in interacting with Employees and Clients in a diverse global environment. Ms. Brinda Bhatt highlighted upon the varied myths regarding the definition and meaning of sexual harassment and stated the actual facts pertaining to it. The speaker also explained how the culture of denial is prevalent in the workplace and how it impacts the work efficiency, emotional, psychological and physical well being of the concerned individual and how it is detrimental to the organisation as a whole. The speaker threw light about procedure for resolution and the way ahead. At the same time the speaker sensitised the students about the duties of the employees and their efforts in promoting a safe working environment. A total of 185 contestants from faculty, staff and students participated in this campaign with full enthusiasm.

















## Social Activity: Swachchhta Hi Seva – 2024

According to Higher Education Commissioner office letter no: UShik/PRO/2024/ 1356 and University letter no: Estate.21031, the Department of Business & Industrial Management had organized a program on Swachh Hi Seva – 2024 on 30th September, 2024. The program encouraged the students towards the Swachh Bharat Abhiyan and their contribution to cleanliness. The faculty, staff and students took part in the drive with full vigour. A total of 185 contestants from faculty, staff and students participated in this campaign with full enthusiasm.










## મહાવિદ્યાલય સમાચાર

### જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલી.

### સુરત રક્તદાન કેન્દ્ર અને રિસર્ચ સેન્ટરની ૪૮મી વાર્ષિક સામાન્ય સભામાં રોટેટીંગ ટ્રોફી એનાયત




જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલી દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૨૩–૨૪ દરમિયાન સ્વૈચ્છિક રક્તદાન માટે આયોજિત શિબિરોમાં સૌથી વધુ રક્ત એકમો પ્રાપ્ત કરવા બદલ તા. ૦૧/૦૯/૨૦૨૪ના રોજ મલ્ટી પર્પઝ હોલ, ભરતીયા પોલીટેકનીકલ ઇન એનીમલ હસબન્ડરી કૉલેજ, પાંજરાપોળ, ઘોડદોડ રોડ, સુરત મુકામે સવારે ૧૦:૩૦ કલાકે સુરત રક્તદાન કેન્દ્ર અને રિસર્ચ સેન્ટરની યોજાયેલ ૪૮મી વાર્ષિક સામાન્ય સભામાં 'પ્રથમ વિજેતા' તરીકે રોટેટીંગ ટ્રોફી અને પ્રતિકૃતિ સાંસદ મુકેશ દલાલના હસ્તે એનાયત કરવામાં આવી હતી. જીવન જ્યોત ટ્રસ્ટ મંત્રીશ્રી અશ્વિનભાઈ પટેલ, NSS પ્રોગ્રામ ઓફિસર્સ પ્રા. વિજયભાઈ ચૌધરી, ડૉ. મયંકભાઈ સોઢા અને પ્રા. પંકજભાઈ નાયકા તેમજ NSSના વિદ્યાર્થીઓ હાજર રહ્યાં હતાં. જીવન જ્યોત ટ્રસ્ટ, પરિવાર અને કૉલેજના ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. સેજલબેન દેસાઈએ ટ્રોફી બદલ સુરત રક્તદાન કેન્દ્ર અને રિસર્ચ સેન્ટરના આયોજકો અને સૌ રક્તદાતાઓનો આભાર માન્યો હતો.

### 'પુનઃ સર્જન આંતર કૉલેજ 'બેસ્ટ આઉટ ઓફ વેસ્ટ' સ્પર્ધાનું આયોજન



તા. ૩/૯/૨૦૨૪ના રોજ જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીમાં ઇ.ચા.પ્રિ.ડૉ.સેજલબેન એ.દેસાઈના માર્ગદર્શન હેઠળ 'પુનઃ સર્જન આંતર કૉલેજ 'બેસ્ટ આઉટ ઓફ વેસ્ટ' સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધાની શરૂઆત એસ.વાય.બી.કોમ.ની વિદ્યાર્થીની કુ. નુપુર શાહે પ્રાર્થનાથી કરી હતી. ઇ.ચા.પ્રિ.ડૉ. સેજલબેન એ. દેસાઈ દ્વારા શબ્દો અને પુસ્તકથી નિર્ણાયકશ્રીઓનું અભિવાદન કરવામાં આવ્યું હતું. સ્પર્ધાના કૉ–ઓર્ડિનેટર પ્રા. કનુભાઈ સુતરીયાએ સ્પર્ધકોને સ્પર્ધા વિશે સમજ અને પ્રા. પંકજભાઈ નાયકાએ નિર્ણાયકોનો પરિચય આપ્યો હતો. તેમજ સ્પર્ધાના નિયમો વિશે પ્રા.કોમલબેન ગોસ્વામીએ સમજ આપી હતી. સમગ્ર વાતાવરણ આનંદ ઉત્સાહ પૂર્ણ રહ્યું હતું.

જુદી જુદી કૉલેજોના ૧૭ સ્પર્ધકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જેમાં પ્રથમ ક્રમે શ્રીમદ રાજચંદ્ર વિદ્યાપીઠ કૉલેજનો વિદ્યાર્થીશ્રી કૃણાલભાઈ પટેલ, દ્વિતીય ક્રમે જે.ડી. ઇન્સ્ટીટયૂટ ઓફ ફેશન ટેકનોલોજી, સુરતનો વિદ્યાર્થી શ્રી ધવલ યામકૂ તેમજ ત્રીજા ક્રમે આર્ટ્સ, સાયન્સ અને કોમર્સ કૉલેજ, ખોલવડનો વિદ્યાર્થી શ્રી શેખ નઈમ અને શ્રીમદ રાજચંદ્ર વિદ્યાપીઠ કૉલેજનો વિદ્યાર્થી શ્રી નૈતિક પટેલ વિજેતા જાહેર થયા હતા. સ્પર્ધામાં નિર્ણાયક તરીકે શ્રી જીગીષાબેન દેસાઈ અને શ્રી કેતનભાઈ પટેલ હાજર રહ્યા હતા. સમગ્ર સ્પર્ધાનું સંચાલન એફ.વાય.બી.કોમની વિદ્યાર્થીની કુ.ખુશી જ્ઞાનચંદાની અને કુ. હસ્તી જાની અને આભારવિધિ પ્રા.ભૂમિકાબેન મિસ્ત્રી દ્વારા કરવામાં આવી હતી.

### શૈક્ષણિક વર્ષ ૨૦૨૪–૨૫માં 'પ્રથમ રક્તદાન શિબિર'માં ૧૯ રક્ત બેગ એકત્ર થઈ



જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, વુમેન્સ એડીશનલ સેલ્ફ ફાયનાન્સ કૉલેજ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન વિશ્વવિદ્યાલય, લાયન્સ કલબ, ફેમિલી ફિઝિશ્યન એસોસિએશન, સુરત રક્તદાન કેન્દ્ર એન્ડ રિસર્ચ સેન્ટર, NSS વિભાગ, NCC વિભાગના સંયુક્ત ઉપક્રમે ઇ.ચા. આચાર્યશ્રી ડૉ. સેજલબેન એ. દેસાઈના માર્ગદર્શન હેઠળ તા. ૦૪–૦૯–૨૦૨૪ના રોજ શૈક્ષણિક વર્ષ ૨૦૨૪–૨૫માં 'પ્રથમ રક્તદાન શિબિર'નું આયોજન થયું હતું.

સમગ્ર શિબિરનું સંચાલન એન.એસ.એસ.પ્રોગ્રામ ઓફિસરશ્રી પ્રા. વિજયભાઈ ચૌધરી, પ્રા. જિતેન્દ્રભાઈ

ચૌધરી, પ્રા. નિહારિકાબેન જોષી, પ્રા. પંકજભાઈ નાયકા અને પ્રા. ડૉ. મયંકભાઈ સોઢા તથા એન.એસ.સી.સી. કેર ટેકર પ્રા. સોનલબેન જરીવાલા અને NSS સ્વયંસેવકો/સેવિકાઓ, કેડ્રેટ્સ અને તેમની ટીમે કર્યું હતું. આ શિબિરમાં જીવન જ્યોત ટ્રસ્ટના મંત્રીશ્રી અશ્વિનભાઈ પટેલ હાજર રહ્યા હતા. મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અને સ્ટાફસભ્યોએ પણ ઉત્સાહભેર રકતદાન કરી ૧૯ રકત બેગ એકત્ર થઈ હતી. અમરોલી કૉલેજ પરિવાર તરફથી સ્મૃતિભેટ અને પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે અમરોલી કૉલેજનાં શૈક્ષણિક અને વહીવટી સ્ટાફ તથા એન.એસ.એસ. તથા એન.સી.સી. કેર ટેકર ઓફિસર તથા સ્વયંસેવકો/સેવિકાઓ અને કેડેટ્સે ભારે જહેમત ઉઠાવી હતી.

## 'મહાત્મા ગાંધી' આંતર કૉલેજ કિવઝ સ્પર્ધા



તા. ૫/૯/૨૦૨૪ને ગુરુવારના રોજ જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીમાં ઇ.ચા.પ્રિ.ડૉ. સેજલબેન એ. દેસાઈના માર્ગદર્શન હેઠળ 'મહાત્મા ગાંધી' આંતર કૉલેજ કિવઝ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધાની શરૂઆત એસ.વાય.બી.કોમ.ની વિદ્યાર્થીની કુ. નુપુર શાહે પ્રાર્થનાથી કરી હતી. ઇ.ચા.પ્રિ.ડૉ. સેજલબેન એ.દેસાઈ દ્વારા શબ્દો અને પુસ્તકથી નિર્ણાયકશ્રીઓનું અભિવાદન કરવામાં આવ્યું હતું. કૉ–ઓર્ડિનેટર પ્રા. ડૉ. મનિષભાઈ ટેલરે સ્પર્ધકોને સ્પર્ધા વિશે સમજ અને પ્રા. ડૉ. મયંકભાઈ સોઢાએ નિર્ણાયકોનો પરિચય આપ્યો હતો. સ્પર્ધાના નિયમો વિશે પ્રા. કિષ્ના દેવાણીએ સમજ આપી હતી.

જુદી જુદી કૉલેજોના ૨૪ સ્પર્ધકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જેમાં પ્રથમ ક્રમે શ્રીમતી વી.આર.ભકતા કૉલેજ ઓફ એજ્યુકેશનની વિદ્યાર્થીનીઓ કુ. ગોપી સાવલિયા અને કુ. માનસી ગોપાની, દ્વિતીય ક્રમે આર્ટ્સ, સાયન્સ એન્ડ કોમર્સ કૉલેજ, ખોલવડની વિદ્યાર્થીનીઓ કુ.વૈશાલી પગી અને એનાલી હિમાસીયા તથા ત્રીજા ક્રમે જે.ઝેડ.શાહ.આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીના વિદ્યાર્થીઓ શ્રી સુરજ બાડતીયા અને શ્રી વ્રજ સવાલિયા વિજેતા જાહેર થયા હતા. સ્પર્ધામાં નિર્ણાયક તરીકે ડૉ. મનિષભાઈ ટેલર અને પ્રા. ડૉ. મયંકભાઈ સોઢાએ સેવા આપી હતી.

## વંદે ભારત 'આપણું ગુજરાત' આંતર કૉલેજ કિવઝ સ્પર્ધા



તા. ૦૬/૦૯/૨૦૨૪ને શુક્રવારના રોજ જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીમાં ઇ.ચા.પ્રિ.ડૉ.સેજલબેન એ. દેસાઈના માર્ગદર્શન હેઠળ વંદે ભારત 'આપણું ગુજરાત' આંતર કૉલેજ કિવઝ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધાની શરૂઆત એસ.વાય.બી.કોમ.ની વિદ્યાર્થીની કુ. નુપુર શાહે પ્રાર્થનાથી કરી હતી. ઇ.ચા.પ્રિ.ડૉ. સેજલબેન એ.દેસાઈએ શબ્દો અને પુસ્તકથી નિર્ણાયકશ્રીઓનું અભિવાદન કર્યું હતું. સ્પર્ધાના કૉ–ઓર્ડિનેટર પ્રા. ડૉ. મનિષભાઈ ટેલરે સ્પર્ધકોને સ્પર્ધા વિશે સમજ અને સ્પર્ધાના નિયમો વિશે સમજ પ્રા. રહિતભાઈ ચૌહાણ દ્વારા આપવામાં આવી હતી. સમગ્ર વાતાવરણ આનંદ ઉત્સાહ પૂર્ણ રહ્યું હતું.

જુદી જુદી કૉલેજોના ૨૦ સ્પર્ધકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જેમાં પ્રથમ ક્રમે આર્ટ્સ, સાયન્સ એન્ડ કોમર્સ કૉલેજ, ખોલવડની વિદ્યાર્થીની એનાલી હિમાસીયા અને કુ.વૈશાલી પગી, દ્વિતીય ક્રમે જે.ઝેડ.શાહ.આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીના વિદ્યાર્થીઓ કુ. જૈનીકા હડિયા અને શ્રી વ્રજ સવાલિયા તથા ત્રીજા ક્રમે જે.ઝેડ.શાહ.આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીના વિદ્યાર્થીઓ કુ. કાજલ ધોળકિયા અને રોહન ભીરડે વિજેતા જાહેર થયા હતા. સ્પર્ધામાં કિવઝ માસ્ટર તરીકે પ્રા. ડૉ.સેજલબેન દેસાઈ હાજર રહ્યાં હતાં. સ્પર્ધાનું સંચાલન એસ.વાય.બી.કોમની વિદ્યાર્થીની કુ. ધ્રુવી પીઠડિયા અને આભારવિધિ પ્રા.ડૉ. મયંકભાઈ સોઢાએ કરી હતી.

## શ્રી આર.એમ. દેસાઈ પુરસ્કૃત ગની દહીવાલા આંતર કૉલેજ કાવ્ય પઠન સ્પર્ધાનું આયોજન



તા. ૯/૯/૨૦૨૪ના રોજ જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ,

અમરોલીમાં ઇ.ચા.પ્રિ.ડૉ.સેજલબેન એ.દેસાઈના માર્ગદર્શન હેઠળ વંદે ભારત શ્રી આર.એમ. દેસાઈ પુરસ્કૃત ગની દહીવાલા આંતર કૉલેજ કાવ્ય પઠન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધાની શરૂઆત પ્રા.વિજયભાઈ ચૌધરીએ પ્રાર્થનાથી કરી હતી. ઇ.ચા.પ્રિ.ડૉ.સેજલબેન એ.દેસાઈએ શબ્દો અને પુસ્તકથી મહેમાનો તથા નિર્ણાયકશ્રીઓનું અભિવાદન કર્યુ હતું. કૉ–ઓર્ડિનેટર પ્રા. ડૉ. ઋજુતાબેન સી. ગાંધી સ્પર્ધકોને સ્પર્ધા વિશે સમજ અને પ્રા. જીજ્ઞાબેન રાણા દ્વારા મહેમાનો તથા નિર્ણાયકોનો પરિચય આપ્યો હતો. સ્પર્ધાના નિયમો વિશે સમજ પ્રા. વિજયભાઈ ચૌધરીએ આપી હતી. સમગ્ર વાતાવરણ આનંદ–ઉત્સાહ પૂર્ણ રહ્યું હતું. જુદી જુદી કૉલેજના ૨૩ સ્પર્ધકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સ્પર્ધામાં નિર્ણાયક તરીકે શ્રી નીલેશભાઈ પટેલ અને કુ. આશાબેન પારેખ હાજર રહ્યાં હતાં.

જેમાં પ્રથમ ક્રમે જે.ઝેડ.શાહ.આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીના વિદ્યાર્થીની નકુમ યોગિતા કરણભાઈ, દ્વિતીય ક્રમે શ્રીરંગ શિક્ષણ મહાવિદ્યાલય, બીલીમોરાની વિદ્યાર્થીની આહિર જીનલકુમારી અને વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયની વિદ્યાર્થીની સોલંકી નંદીની નટુભાઈ, તૃતીય ક્રમે સર.કે.પી.કોમર્સ કૉલેજની વિદ્યાર્થી શેખ તોફીલ નસીરભાઈ અને શ્રી. જે.બી. ધારૂકાવાલા મહિલા આર્ટ્સ કૉલેજની વિદ્યાર્થીની દેસાઈ દ્રષ્ટી ભાવેશભાઈ જે.ઝેડ.શાહ.આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીના વિદ્યાર્થીની પાંડે સોનલ દિનેશભાઈને આશ્વાસન ઇનામ આપ્યું હતું. સમગ્ર સ્પર્ધાનું સંચાલન વિદ્યાર્થીની કંથારિયા કશીશબેન, રાઠોડ રિદ્ધિબેન, ચુંબકીયા નેહાબેન દ્વારા તેમજ આભારવિધિ પ્રા. ડૉ. સ્વાતી આર. જોષી દ્વારા કરવામાં આવી હતી.

## 'સ્વામી વિવેકાનંદ' આંતર કૉલેજ કિવઝ સ્પર્ધા



તા. ૧૨/૦૯/૨૦૨૪ને ગુરુવારના રોજ જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીમાં ઇ.ચા.પ્રિ.ડૉ.સેજલબેન એ. દેસાઈના માર્ગદર્શન હેઠળ 'સ્વામી વિવેકાનંદ' આંતર કૉલેજ કિવઝ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધાની શરૂઆત એસ.વાય.બી.કોમ.ની વિદ્યાર્થીની કુ. નુપુર શાહે પ્રાર્થનાથી કરી હતી. પ્રા. ડૉ. રાજેશકુમાર ડી. રાણાએ શબ્દો અને પુસ્તકથી સ્પર્ધકોનું અભિવાદન કર્યુ હતું. પ્રા. ડૉ. મયંકભાઈ સોઢાએ સ્પર્ધકોને સ્પર્ધા વિશે સમજ આપી હતી. સ્પર્ધાના નિયમો વિશે પ્રા. ભ્રાતીબેન ગોહેલે સમજ આપી હતી. સમગ્ર વાતાવરણ આનંદ ઉત્સાહ પૂર્ણ રહ્યું હતું.

જુદી જુદી કૉલેજના ૨૪ સ્પર્ધકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જેમાં પ્રથમ ક્રમે ખોલવડ કૉલેજની વિદ્યાર્થીની કુ. એનાલી હિમાસીયા અને કુ. વૈશાલી પગી, દ્વિતીય ક્રમે વી.આર.ભકતા કૉલેજ ઓફ એજ્યુકેશનની વિદ્યાર્થીની કુ. ગોપી સાવલિયા અને કુ. ખુશાલી ધામેલીયા તેમજ તૃતીય ક્રમે જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજની વિદ્યાર્થીની કુ. જાનવી સુતરીયા અને કુ. સુમિતા ગોહિલ વિજેતા જાહેર થયા હતાં. સ્પર્ધામાં કિવઝ માસ્ટર તરીકે પ્રા. ડૉ. મયંકભાઈ સોઢાએ સેવા આપી હતી. સમગ્ર સ્પર્ધાનું સંચાલન એફ.વાય.બી.કોમની વિદ્યાર્થીની કુ. ખુશી જ્ઞાનચંદાની તેમજ આભારવિધિ પ્રા. ક્રિષ્ના દેવાણી દ્વારા કરવામાં આવી હતી.

## 'સમર્પણ આંતર કૉલેજ પ્રાર્થના સ્પર્ધાનું' આયોજન




તા. ૧૦–૦૯–૨૦૨૪ના રોજ જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીમાં ઇ.ચા.પ્રિ.ડૉ.સેજલબેન એ. દેસાઈના માર્ગદર્શન હેઠળ 'સમર્પણ આંતર કૉલેજ પ્રાર્થના સ્પર્ધાનું' આયોજન કરવામાં આવ્યું હતું.

સ્પર્ધાની શરૂઆત એસ.વાય.બી.કોમ.ની વિદ્યાર્થીની કુ. નુપુર શાહે પ્રાર્થનાથી કરી હતી. ઇ.ચા.પ્રિ.ડૉ. સેજલબેન એ. દેસાઈ દ્વારા શબ્દો અને પુસ્તકથી નિર્ણાયકશ્રીઓનું અભિવાદન કરવામાં આવ્યું હતું. સ્પર્ધાના કૉ–ઓર્ડિનેટર પ્રા.રુદ્રનાથ ઝા મહેમાનો તથા નિર્ણાયકોનો પરિચય પ્રા. ડૉ. મયંકભાઈ સોઢાએ અને પ્રા. શિવાની કે. રાજપૂત દ્વારા સ્પર્ધકોને સ્પર્ધા વિશે સમજ આપી હતી. સમગ્ર વાતાવરણ આનંદ ઉત્સાહ પૂર્ણ રહ્યો હતો. દક્ષિણ ગુજરાત વિસ્તારની જુદી જુદી કૉલેજોના ૦૭ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જેમાં પ્રથમ ક્રમે જે.બી.ધારૂકાવાલાની વિદ્યાર્થીની ગૌસ્વામી માધવી, દ્વિતીય ક્રમે જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજની વિદ્યાર્થીની હેપ્પી પ્રજાપતિ તેમજ તૃતીય ક્રમે વિવેકાનંદ કૉલેજનો વિદ્યાર્થી વિશાલ જાદવ વિજેતા જાહેર થયા હતા. સ્પર્ધામાં નિર્ણાયક તરીકે શ્રીમતિ દિપ્તીબેન પુરોહિત અને ખુશબુબેન હાજર રહ્યાં હતાં. સમગ્ર સ્પર્ધાનું સંચાલન એસ.વાય.બી.કોમની વિદ્યાર્થીની ધ્રુવી પીઠડીયા દ્વારા અને આભારવિધિ પ્રા. ડૉ. મયંકભાઈ સોઢા દ્વારા કરવામાં આવી હતી.

## 'સ્વાસ્થ્ય વર્ધક' આંતર કૉલેજ સલાડ સુશોભન સ્પર્ધા



તા. ૧૧/૦૯/૨૦૨૪ના રોજ જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીમાં ઇ.ચા.પ્રિ.ડૉ.સેજલબેન એ. દેસાઈના માર્ગદર્શન હેઠળ 'સ્વાસ્થ્ય વર્ધક' આંતર કૉલેજ સલાડ સુશોભન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધાની શરૂઆત પ્રા. વિજયભાઈ એમ. ચૌધરીએ પ્રાર્થનાથી કરી હતી. ઇ.ચા.પ્રિ.ડૉ. સેજલબેન એ. દેસાઈએ શબ્દો અને પુસ્તકથી નિર્ણાયકશ્રીઓનું અભિવાદન કર્યુ હતું. સ્પર્ધાના કૉ–ઓર્ડિનેટર પ્રા. હેમાબેન દવેએ સ્પર્ધકોને સ્પર્ધા વિશે સમજ અને પ્રા. ડૉ. ઝંખનાબેન પરમારે મહેમાનો તથા નિર્ણાયકોનો પરિચય આપ્યો હતો. સ્પર્ધાના નિયમો વિશે પ્રા. મુસ્કાન ડી. પરમારે સમજ આપી હતી. જુદી જુદી કૉલેજોના ૦૭ સ્પર્ધકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જેમાં પ્રથમ ક્રમે આર્ટ્સ, સાયન્સ એન્ડ કોમર્સ કૉલેજ, ખોલવડનો વિદ્યાર્થી નઈમ ફકીરા શૈખ, દ્વિતીય ક્રમે જે.ઝેડ. શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજની વિદ્યાર્થીની કીર્તિ સી. પરમાર તથા વી.ટી.ચોકસી બી.એડ કૉલેજની વિદ્યાર્થીની નિધિ એમ. પટેલ, તૃતીય ક્રમે જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજની વિદ્યાર્થીની વિરલ જે. રાઠોડ અને ધંધુકિયા ભૂમિ વિજેતા જાહેર થયા હતા. નિર્ણાયક તરીકે શ્રીમતી મેઘનાબેન વ્યાસ અને શ્રીમતી જીગીશાબેન દેસાઈ હાજર રહ્યાં હતાં. સ્પર્ધાનું સંચાલન પ્રા.ડૉ.ઝંખનાબેન પરમાર દ્વારા તેમજ આભારવિધિ પ્રા. મુસ્કાનભ ડી. પરમાર દ્વારા કરવામાં આવી હતી.

## SBI Life Insuranceની ઉત્કર્ષ યોજના અંગે માર્ગદર્શન



તા. ૧૧/૦૯/૨૦૨૪ના રોજ ઇ.ચા.પ્રિ.ડૉ. સેજલબેન એ. દેસાઈના માર્ગદર્શન હેઠળ SBI Life Insuranceની ઉત્કર્ષ યોજના અંતર્ગત વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યું હતું. આ યોજનાનો મુખ્ય હેતું વિદ્યાર્થીઓને રોજગારી મળી રહે અને વિદ્યાર્થીઓને જીવન વીમા ક્ષેત્રે માહિતી મળી રહે તેવા હેતુથી કાર્યક્રમનું આયોજન કર્યું હતું. જેમાં મુખ્ય વકતા તરીકે શ્રી બકુલભાઈ મોદી એજન્સી મેનેજર હાજર રહ્યા હતા.

## ભારતીય જ્ઞાન પરંપરાનું પ્રદર્શન કરતું 'જ્ઞાન-





જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલી, સુરત ખાતે ભારતીય જ્ઞાન પરંપરા (ભારતીય જ્ઞાન પરંપરા)નું પ્રદર્શન કરતું "જ્ઞાન-વિન્યાસ" પ્રદર્શન તા. ૦૬/૦૯/૨૦૨૪ અને તા. ૦૯/૦૯/૨૦૨૪ના રોજ યોજાયું હતું. શ્રી જીવન જ્યોત ટ્રસ્ટ શ્રી અશ્વિનભાઈ પટેલ, ઇન્ચાર્જ પ્રિન્સિપાલ ડૉ. સેજલ એ. દેસાઈ અને કૉલેજના સ્ટાફ અને વિદ્યાર્થીઓની ઉપસ્થિતિમાં આ પ્રદર્શનને ખુલ્લો મુકયો હતો. આ પ્રદર્શનમાં ૬૦ પોસ્ટરો દર્શાવવામાં આવ્યા હતા, જે ભારતીય જ્ઞાન પ્રણાલીની સમૃદ્ધિ અને વિવિધતાને પ્રકાશિત કરવા માટે કાળજીપૂર્વક ગોઠવવામાં આવ્યા હતા. આ કાર્યક્રમનું સંયોજન પ્રાધ્યાપક ડૉ. મયંક સોઢા દ્વારા અને વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવ્યું હતું. પોસ્ટરોમાં ભારતીય જ્ઞાન પરંપરા SEM-1 અને SEM-3 વિષયોના વિવિધ પાસાઓને આવરી લેવામાં આવ્યા છે જેમાં નીચેનાનો સમાવેશ થાય છે.

- પ્રાચીન ભારતીય શાણપણ અને ફિલસૂફી
- વિજ્ઞાન, ટેકનોલોજી અને ગણિતમાં યોગદાન
- પરંપરાગત કળા અને હસ્તકલા
- આયુર્વેદ, યોગ અને આધ્યાત્મિકતા
- વિભાવનાઓ, જેમ કે કર્મનો કાયદો, સુખ, પુનર્જન્મ

આ પ્રદર્શનમાં ૭૦૦૦ જેટલા વિદ્યાર્થીઓએ જ્ઞાન–વિન્યાસ પ્રદર્શનનો આનંદ માણ્યો હતો. આ પ્રદર્શનમાં ગૌતમી કન્યા વિદ્યાલય, કે એન્ડ એમ.પી.વિદ્યાલય અને એસપીબી સ્કૂલના ધોરણ ૧૦, ૧૧, ૧૨ શાળાના વિદ્યાર્થીઓએ પણ ભારતીય પરંપરા વિશે જ્ઞાન મેળવ્યું હતું.

## 'અગ્નિવીરવાયુ' માટે જાગૃતિ પર સેમિનાર



તા. ૧૨/૦૯/૨૦૨૪ને ગુરુવારના રોજ જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીમાં ઇ.ચા.પ્રિ.ડૉ.સેજલબેન એ. દેસાઈના માર્ગદર્શન હેઠળ ૬ એરમેન સિલેકશન સેન્ટર એરફોર્સ મુંબઈ દ્વારા 'અગ્નિવીરવાયુ' માટે જાગૃતતા ફેલાવવા અને તેમાં જોડાવવાના હેતુથી ઇન્ડકશન સેમિનારનું આયોજન થયું હતું. સેમિનારના મુખ્ય વકતા તરીકે મુંબઈના સેર જન્ત નરેન્દ્રસિંહ સેખાવાતજી અને કોરપોરલ જયદીપસિંશ પરમાર હાજર રહ્યા હતા. સેમિનારની શરૂઆત પ્રાર્થનાથી કરી હતી. ઇ.ચા. પ્રિ.ડૉ. સેજલબેન એ. દેસાઈએ શબ્દો અને પુસ્તકથી મુખ્ય વકતાઓનું અભિવાદન કર્યુ હતું. મુખ્ય વકતાઓનો પરિચય પ્રા. ડૉ. ચિરાગ સિદ્ધપુરિયાએ આપ્યો હતો. સમગ્ર વાતાવરણ આનંદ–ઉત્સાહ પૂર્ણ રહ્યું હતું.

જેમણે અગ્નીવીર વાયુ માટે જરૂરી લાયકાત કૌશલ્ય તેમજ અગ્નીવીર વાયુને મળતા વિવિધ લાભો વિશે ચર્ચા કરી હતી. જેમાં NCCના કેડર અને દેશની સેવામાં જોડાવવા માંગતા ભાવી અગ્નીવીર માટેની કરતા વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન પ્રા. રાજ ડુમસીયા અને આભારવિધિ પ્રા. ડૉ. સોનલબેન જરીવાલાએ કરી હતી. આ કાર્યક્રમમાં પ્રા. રોહિતભાઈ ચૌહાણ, પ્રા. મયુરભાઈ પાંડવ અને પ્રા. હાર્દિકભાઈ શેલડીયા હાજર રહ્યા હતા.

## 'મહર્ષિ ભારદ્વાજ' આંતર કૉલેજ ભગવદ્ગીતા સમીક્ષા સ્પર્ધા



તા.૧૩/૯/૨૦૨૪ના રોજ જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીમાં ઇ.ચા.પ્રિ.ડૉ.સેજલબેન એ. દેસાઈના માર્ગદર્શન હેઠળ 'મહર્ષિ ભારદ્વાજ' આંતર કૉલેજ ભગવદ્ગીતા સમીક્ષા સ્પર્ધા'નું આયોજન કરવામાં આવ્યું હતું.

સ્પર્ધાની શરૂઆત એસ.વાય.બી.કોમ.ની વિદ્યાર્થીની કુ. નુપુર શાહે પ્રાર્થનાથી કરી હતી. ઇ.ચા.પ્રિ.ડૉ. સેજલબેન એ. દેસાઈ દ્વારા શબ્દો અને પુસ્તકથી નિર્ણાયકશ્રીઓનું અભિવાદન કરવામાં આવ્યું હતું. સ્પર્ધાના કૉ–ઓર્ડિનેટર પ્રા. નરેન્દ્રભાઈ બારૈયા દ્વારા નિર્ણાયકોનો પરિચય અને પ્રા. પ્રિયંકાબેન વસાવા દ્વારા સ્પર્ધાના નિયમો વિશે સમજ આપી હતી. સમગ્ર વાતાવરણ આનંદ–ઉત્સાહ પૂર્ણ રહ્યું હતું.

જુદી જુદી શાળાના ૧૩ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જેમાં પ્રથમ ક્રમે ડીપાર્ટમેન્ટ ઓફ કોમર્સ વી.એન.એસ.જી.યુ.નો વિદ્યાર્થી શ્રી દીક્ષિત જોતાણીયા, દ્વિતીય ક્રમે જે.ઝેડ.શાહ.આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજના વિદ્યાર્થીઓ શ્રી જેનીલ પરમાર અને શ્રી વ્રજ સાવલિયા તેમજ તૃતીય ક્રમે શ્રી સર્વોદય શિક્ષણ મંડળ બી.એડ. કૉલેજની વિદ્યાર્થીની કુ. નિરાલી પંડયા વિજેતા જાહેર થયા હતા. સ્પર્ધામાં નિર્ણાયક તરીકે શ્રી મનિષાબેન પટેલ અને શ્રી સંજયકુમાર અંકલેશ્વરીયા હાજર રહ્યાં હતાં.

સ્પર્ધાનું સંચાલન ટી.વાય.બી.કોમની વિદ્યાર્થીની કુ. નંદની શર્મા અને કુ. ભૂમિકા પુરોહિત દ્વારા તેમજ આભાર વિધિ પ્રા. ધર્મિષ્ઠાબેન રાવલ દ્વારા કરવામાં આવી હતી.

## Eco-Friendly Ganapati Making Competition



તા. ૧૩–૦૯–૨૦૨૪ના રોજ જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીમાં ઇ.ચા.પ્રિ.ડૉ.સેજલબેન એ. દેસાઈના માર્ગદર્શન હેઠળ Eco-Friendly Ganapati Making Competition નું આયોજન કરવામાં આવ્યું હતું.

સ્પર્ધાની શરૂઆત એસ.વાય.બી.કોમની વિદ્યાર્થીની કુ. પ્રિયાંશી વાબાણીએ પ્રાર્થનાથી કરી હતી. ઇ.ચા.પ્રિ.ડૉ. સેજલબેન એ. દેસાઈ દ્વારા સ્પર્ધકોનો ઉત્સાહ વધારવા માટે આર્શીવચન આપવામાં આવ્યા હતા.

સમગ્ર સ્પર્ધાનું આયોજન પ્રા. તરુણાબેન મોદી દ્વારા કરવામાં આવ્યું હતું. સ્પર્ધામાં કૉલેજના મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં પ્રથમક્રમે એસ.વાય. બી.કોમની વિદ્યાર્થીનીઓ કુ. વંદના ડાભી અને કુ. તિશા

પટેલ તેમજ દ્વિતીય ક્રમે એસ.વાય.બી.કોમના વિદ્યાર્થીઓ શ્રી અમન ત્રિવારી અને શ્રી ઓમકુમાર ગીરી વિજેતા થયા હતાં. પ્રા. નેહાબેન ઉપાધ્યાય અને પ્રા. ડૉ. ઝંખનાબેન પરમારે નિર્ણાયક તરીકે ભૂમિકા ભજવી હતી.

સ્પર્ધાનું સંચાલન એન.એસ.એસ.ના પ્રો. ઓફિસર પ્રા. ડૉ. મયંકભાઈ સોઢા તથા એન.એસ.એસ.ના સ્વયંસેવક/સેવિકાઓ શ્રી આયુષ અગ્રવાલ, શ્રી ગૌરવ ચૌહાણ, કુ. કુપાલી કલથિયા, કુ. પ્રિયાંશી ગાબાણી અને કુ. વિરલ માંગરોલિયા દ્વારા અને આભારવિધિ પ્રા. કાજલબેન પટેલ દ્વારા કરવામાં આવી હતી.

## 'સ્વચ્છતા હી સેવા' અંતર્ગત દેશભકિત ગીત સ્પર્ધા, વકતૃત્વ સ્પર્ધા, ચિત્ર સ્પર્ધાનું આયોજન







તા. ૩૦/૦૯/૨૦૨૪ના રોજ જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીમાં ઇ.ચા.પ્રિ.ડૉ.સેજલબેન એ. દેસાઈના માર્ગદર્શન હેઠળ 'સ્વચ્છતા હી સેવા' અંતર્ગત દેશભકિત ગીત સ્પર્ધા, વકતૃત્વ સ્પર્ધા, ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં દેશભકિત ગીતમાં પ્રથમ ક્રમે કું. પ્રિયાંશી ગલાની, દ્વિતીય ક્રમે કું. મહેંદી મિશ્રા અને તૃતીય ક્રમે કું. રિદ્ધિ સંભાલ તથા વકતૃત્વ સ્પર્ધામાં પ્રથમ ક્રમે કુ. ખુશી પાંડે, દ્વિતીય ક્રમે શ્રી અંકુશ ગવાઈ અને તૃતીય ક્રમે કું. શિવાંશી પાંડે તેમજ ચિત્ર સ્પર્ધામાં પ્રથમ ક્રમે કું. ભીડે રૂદ્રા, દ્વિતીય ક્રમે શ્રી ઋતુ કાનાણી અને તૃતીય ક્રમે કું. ઇશા સોલંકી વિજેતા જાહેર થયા હતાં. સમગ્ર સ્પર્ધા દરમિયાન એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર્સ પ્રા. વિજયભાઈ ચૌધરી, પ્રા. જીતેન્દ્રભાઈ ચૌધરી, પ્રા. પંકજભાઈ નાયકા, ડૉ. મયંકભાઈ સોઢા અને મોટી સંખ્યામાં એન.એસ.એસ.ના સ્વયંસેવકો ઉપસ્થિત રહ્યા હતા.

## પ્રો.વી.બી. શાહ ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ કોલેજ ઓફ કોમર્સ, વી.એલ.શાહ કોલેજ ઓફ કોમર્સ, સુટેક્ષ બેંક કોલેજ ઓફ કમ્પ્યૂટર એપ્લિકેશન એન્ડ સાયન્સ, અમરોલી.

### રકતદાનની શ્રેષ્ઠ કામગીરી બદલ સન્માન



જીવન જ્યોત ટ્રસ્ટ અમરોલી સંચાલિત પ્રો.વી.બી. શાહ ઇન્સ્ટીટ્યૂટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઓફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કૉલેજ ઓફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક કૉલેજ ઓફ કમ્પ્યુટર એપ્લીકેશન એન્ડ સાયન્સ અમરોલીને તા. ૦૧/૦૯/૨૦૨૪ને રવિવારના રોજ સુરત રકતદાન કેન્દ્ર અને રિસર્ચ સેન્ટરની ૪૮મી વાર્ષિક સામાન્ય સભામા વર્ષ ૨૦૨૩–૨૪ દરમિયાન શૈક્ષણિક સંસ્થાઓમાં સૌથી વધુ રકત એકમો પ્રાપ્ત કરવા બદલ પ્રથમ વિજેતા તરીકે રોટેટિંગ ટ્રોફી અને પ્રતિકૃમિત સંસદ સભ્યશ્રી મુકેશ દલાલના હસ્તે જીવન જ્યોત ટ્રસ્ટ મંત્રીશ્રી અશ્વિનભાઈ પટેલ કૉલેજના આચાર્યશ્રી ડૉ. મુકેશ ગોયાણીએ સ્વીકારી હતી. આ કાર્યક્રમમાં કૉ–ઓર્ડિનેટર શ્રી ડૉ.નિલેશ પટેલ, કૉ–ઓર્ડિનેટરશ્રી ડૉ. વિરલ પોલીસવાળા, NSS પ્રોગ્રામ ઓફિસર પ્રા. જ્યોતિકા ટેલર તથા NSSના વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. પ્રિ.ડૉ. મુકેશ ગોયાણીએ ટ્રોફી બદલ સુરત રકતદાન કેન્દ્ર અને રિસર્ચ સેન્ટરના આયોજકો અને સૌ રકતદાતાઓનો આભાર માન્યો હતો.

## વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય આંતર કૉલેજ બોક્સિંગ ટુર્નામેન્ટ(ભાઈઓ)માં અમરોલી કૉલેજ વિજેતા



વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય દ્વારા આંતર કૉલેજ બોક્સિંગ ટુર્નામેન્ટનું આયોજન પી.એચ.ઉમરાવ

કૉલેજ, કીમ તા. ૦૨/૦૯/૨૦૨૪ તથા તા. ૦૩/૦૯/૨૦૨૪ દરમ્યાન થયું હતું. ટુર્નામેન્ટમાં જીવન જ્યોત ટ્રસ્ટ અમરોલી સંચાલિત પ્રો.વી.બી.શાહ ઇન્સ્ટીટયૂટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઓફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કૉલેજ ઓફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક કૉલેજ ઓફ કમ્પ્યુટર એપ્લીકેશન એન્ડ સાયન્સ અમરોલી આંતર કૉલેજ બોકિંસગ ટુર્નામેન્ટમાં બોયઝ ચેમ્પિયન જાહેર થઈ હતી. જેમાં T.Y.B.Com.નાં વિદ્યાર્થી પાંડે દિવ્યેશએ (92 + KG)માં ગોલ્ડ મેડલ, T.Y.B.B.A.નાં નળિયાધારા સાહિલ (86 to 92 KG)માં ગોલ્ડ મેડલ, યાદવ ઉદીત (67 to 71 KG)માં ગોલ્ડ મેડલ, F.Y.B.Com.ના પાઠક શુભમ (75 to 80)માં ગોલ્ડ મેડલ, T.Y.B.B.A.નાં પટેલ શ્રેય (45 to 48)માં સિલ્વર મેડલ, F.Y.B.B.A.ના ભટ્ટી મીત (51 to 53)માં બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કરેલ છે અને ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરેલ વિદ્યાર્થી હવે ઇન્ટર વિશ્વવિદ્યાલયની ટુર્નામેન્ટમાં વિશ્વવિદ્યાલય તરફથી ભાગ લેનાર છે. વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય સંલગ્ન ૨૬ કૉલેજોમાંથી ૭૭ વિદ્યાર્થીનીઓ (બોયસ)એ પોતાની પ્રતિભાનું પ્રદર્શન કર્યું હતું. સ્પર્ધામાં મુખ્ય મહેમાન તરીકે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી.ગઢવી તથા ઓ.એસ.ડી. ડૉ. પ્રકાશચંદ્ર પટેલ હાજર રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. કૉલેજનું ગૌરવ વધારવા બદલ કૉલેજના સ્પોર્ટ ટીચર/કોચ. ડૉ. પ્રદીપકુમાર લેન્કા, આચાર્યશ્રી ડૉ. મુકેશ ગોયાણી તેમજ શૈક્ષણિક અને વહીવટી સ્ટાફ તથા જીવન જ્યોત ટ્રસ્ટના પ્રમુખશ્રી ભરતભાઈ શાહ, મંત્રીશ્રી અશ્વિનભાઈ આર. પટેલ અને શ્રી અનુજભાઈ શાહ તેમજ જીવન જ્યોત ટ્રસ્ટ તરફથી હાર્દિક અભિનંદન પાઠવવામાં આવે છે. આ પ્રશંસનીય કામ માટે જીવન જ્યોત ટ્રસ્ટનાં ટ્રસ્ટી, આચાર્ય ડૉ. મુકેશ ગોયાણી, ડૉ. પ્રદીપકુમાર લેન્કા અભિનંદન પાઠવે છે.

## વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય આંતર કૉલેજ બોકિંસગ (બહેનો) ટુર્નામેન્ટમાં અમરોલી સેલ્ફ ફાઈનાન્સ કૉલેજની વિદ્યાર્થીની ઝળકી



વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય દ્વારા આંતર કૉલેજ બોકિંસગ ટુર્નામેન્ટ (બહેનો)નું આયોજન પી.એચ. ઉમરાવ કૉલેજ, કીમ તા. ૦૪/૦૯/૨૦૨૪ દરમ્યાન થયું હતું. વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય સંલગ્ન ૧૨ કૉલેજમાંથી ૨૨ વિદ્યાર્થીનીઓએ (ગર્લ્સ) બોકિંસગની વિવિધ કેટેગરીમાં ભાગ લીધો હતો. જે પૈકી જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત પ્રો.વી.બી.શાહ ઇન્સ્ટીટયૂટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઓફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કૉલેજ ઓફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક કૉલેજ ઓફ કમ્પ્યુટર એપ્લીકેશન એન્ડ સાયન્સ અમરોલી F.Y.B.B.A.ની વિદ્યાર્થીની ભટ્ટી કેનાએ (70 to 75 KG)માં સિલ્વર મેડલ પ્રાપ્ત કર્યા હતા. સ્પર્ધા દરમ્યાન વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી તથા ઓ.એસ.ડી.ડૉ. પ્રકાશચંદ્ર પટેલ હાજર રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. કૉલેજનું ગૌરવ વધારવા બદલ કૉલેજના આચાર્ય ડૉ. મુકેશ ગોયાણી, સ્પોર્ટ ટીચર/કોચ ડૉ. પ્રદીપકુમાર લેન્કા તેમજ શૈક્ષણિક અને વહીવટી સ્ટાફ તથા જીવન જ્યોત ટ્રસ્ટના પ્રમુખશ્રી ભરતભાઈ શાહ, મંત્રીશ્રી અશ્વિનભાઈ આર. પટેલ અને શ્રી અનુજભાઈ શાહ તેમજ જીવન જ્યોત ટ્રસ્ટ પરિવાર તરફથી હાર્દિક અભિનંદન પાઠવવામાં આવે છે.

## અમરોલી સેલ્ફ ફાઇનાન્સમાં (BBA, BCA, B.COM, BCA Winter, B.Sc Data Science) શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવી



જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત પ્રો.વી.બી.શાહ ઇન્સ્ટીટયૂટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઓફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કૉલેજ ઓફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક કૉલેજ ઓફ કમ્પ્યુટર એપ્લીકેશન એન્ડ સાયન્સ અમરોલીમાં ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણના જન્મદિવસ નિમિત્તે ઉજવાતા શિક્ષક દિન નિમિત્તે ઉજવણીનું આયોજન તા. ૦૫–૦૯–૨૦૨૪ના રોજ કરવામાં આવ્યું હતું. જેમાં બી.બી.એ, બી.કોમ. અને બી.સી.એ. વિન્ટર, બી.એસ.સી. ડેટા સાઇન્સના ૮૩ જેટલા વિદ્યાર્થીઓએ શિક્ષક તરીકેની ભૂમિકા ભજવી હતી. શિક્ષક દિન નિમિત્તે વિદ્યાર્થીઓએ સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કર્યા હતા. શિક્ષકદિન નિમિત્તે વિષય શિક્ષક તેમજ શિક્ષક તરીકે ભૂમિકા ભજવનાર વિદ્યાર્થીઓએ પરસ્પર એકબીજાને સ્મૃતિભેટ આપી સન્માનિત કર્યા હતા તેમજ વિદ્યાર્થીઓએ એક દિવસીય શિક્ષક તરીકે અનુભવ અભિવ્યકત કર્યા હતા. ડૉ. પ્રફુલભાઈ શિરોયા (લોકદ્રષ્ટી ચક્ષુ બેંકનાં પ્રમુખ) અચુક હાજર રહ્યાં હતાં. જીવન જ્યોત ટ્રસ્ટના મંત્રીશ્રી અશ્વિનભાઈ પટેલે ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનું નામ કેવી રીતે પડયુ તેની સમજ આપી હતી. શૈક્ષણિક અને વહીવટી સ્ટાફ જોડાઈ વિદ્યાર્થીઓનો

ઉત્સાહ વધાર્યો હતો. કૉલેજના આચાર્યશ્રી ડૉ. મુકેશ ગોયાણીનાં માર્ગદર્શન હેઠળ ડૉ. સ્વાતી મહેતા, પ્રા. જયમીન સુકલા, પ્રા. ભરત બસરાની, પ્રા. ડૉ. વિરલ પોલીશવાલા તેમજ પ્રા. હિતેશ પટેલના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓએ સફળતાપૂર્વક કાર્યક્રમ સંચાલન કર્યું હતું.

## "મહારકતદાન શિબિર"માં ૩૦૮ બોટલ રકત એકત્ર કરાયું




જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત પ્રો.વી.બી.શાહ ઇન્સ્ટીટ્યૂટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઓફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કૉલેજ ઓફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક કૉલેજ ઓફ કમ્પ્યુટર એપ્લીકેશન એન્ડ સાયન્સ અમરોલી, જે. ઝેડ.શાહ આર્ટસ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલી લાયન્સ કલબ ઓફ સુરત (ઇસ્ટ), સુરત રકતદાન કેન્દ્ર, HDFC બેંક, ફેમીલી ફિઝીશયન એસોસિયેશન (FPA) સુરત, સંતોશ વુમન્સ કેર હોસ્પિટલ અને IVF સેન્ટર, એલ.પી.સવાણી સંસ્કાર વેલી સ્કૂલ અને અમરોલી પોલીસ સ્ટેશનનાં સહયોગ અને સંયુકત ઉપક્રમે તા. ૧૦/૦૯/૨૦૨૪નાં 'મહારકતદાન શિબિર'નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આમંત્રિત મહેમાનશ્રી તરીકે શ્રી મુકેશભાઈ દલાલ (સાંસદ સભ્યશ્રી, સુરત), ડૉ. કિશોરસિંહ એન. ચાવડા (કુલપતિ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય), જીવન જ્યોત ટ્રસ્ટ. માનદ મંત્રીશ્રી અશ્વિનભાઈ પટેલ અને શ્રી અનુજભાઈ શાહ, શ્રી સ્નેહલભાઈ શાહ, જે.ઝેડ.શાહ. આર્ટસ એન્ડ એચ.પી. દેસાઈ કોમર્સ કૉલેજના ઇન્ચાર્જ આચાર્ય ડૉ. સેજલબેન દેસાઈ, ડૉ. મહેન્દ્ર સોલંકી, તેમજ અમરોલી વિસ્તારના કોર્પોરેટરશ્રી રાજેન્દ્રભાઈ પટેલ, અજીતભાઈ પટેલ, ગીતાબેન સોલંકી, સામાજિક અગ્રણી ભાવિનભાઈ પટેલ, મુકેશભાઈ દેસાઈ અમૂલ્ય હાજરી આપી હતી. જ્યારે ડૉ. સતીષ પટેલ (સંતોશ વુમન્સ કેર હોસ્પિટલ અને IVF સેન્ટર), શ્રી કિશોર માંગરોલીયા (લાયન્સ કલબ ઓફ સુરત(ઇસ્ટ)), શ્રી જતીનભાઈ વસી (જમાહ બેંક), ડૉ. મહેન્દ્ર સોલંકી (ફેમીલી ફિઝીશયન એસોસિયેશન), શ્રી જે.બી. વનાર P.I., (અમરોલી પોલીસ સ્ટેશન), શ્રી હિરેન મહેતા (HDFC બેંક), શ્રીધર કોન્ટ્રાકટર (લિમ્કા બૂક ઓફ રેકોર્ડ), ડૉ. પારૂલ વડગામા (પ્રો. એન્ડ હેડ જી.એ.સી.), ડૉ. કે.એન.શેલાડીયા (પ્રેસિડેન્ટ,એફ.પી.એ), શ્રી પારસ વરસાણી (ઓચ.ઓ.ડી. ઓફ કોમર્સ, એલ.પી.સવાણી સંસ્કાર વાલ્લેય) ડૉ. પ્રકાશચંદ્ર (એન.એસ.એસ. કૉ–ઓર્ડિનેટર), ડૉ. પ્રફુલભાઈ શિરોયા (પ્રેસિડેન્ટ, લોક દ્રષ્ટિ ચક્ષુ બેંક) તરફથી તમામ રકતદાતાને સ્મૃતિ ભેટ આપવામાં આવી હતી. રકતદાન શિબિરમાં વિદ્યાર્થીઓ તથા કૉલેજના સ્ટાફ સભ્યો તેમજ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ રકતદાન કર્યુ હતું. રકતદાન શિબિરના અંતે કુલ ૩૦૮ જેટલી બોટલનું રકતદાન મળ્યું હતું. સમગ્ર કાર્યક્રમ કૉલેજના આચાર્ય ડૉ. મુકેશ ગોયાણી અને બીસીએ કો–ઓર્ડિનેટર ડૉ. જૈમીન શુકલા, બી.કોમ. કૉ–ઓર્ડિનેટર ડૉ. ભરત બસરાની, બી.બી.એ. કૉ–ઓર્ડિનેટર ડૉ. સ્વાતી મહેતા અને ડૉ. નિલેશ પટેલ, બી.સી.એ. વિન્ટર કૉ–ઓર્ડિનેટર ડૉ. વિરલ પોલીશવાળા, બી.એસ.સી.ડેટા સાઈન્સ કૉ–ઓર્ડિનેટર પ્રા. હિતેશ પટેલ એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર ડૉ. પ્રદીપકુમાર લેન્કા, પ્રા.જ્યોતિકાબેન ટેલર તથા એન.એસ.એસ.ના સ્વયંસેવકો તથા તમામ સ્ટાફના સહકારથી સફળતાપૂર્વક યોજી શકાયો હતો.

## વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, આંકડાશાસ્ત્ર વિભાગની "Statathon-2024" સ્પર્ધામાં અમરોલી સેલ્ફ ફાઈનાન્સ કૉલેજે ભાગ લીધો




વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના આંકડાશાસ્ત્ર વિભાગ દ્વારા 'Statathon-2024' સ્પર્ધાનું આયોજન તા. ૧૦/૯/૨૦૨૪નાં રોજ થયું હતું. વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય સંલગ્ન ૧૧ કૉલેજોમાંથી ૩૩ વિદ્યાર્થીઓ Statathon-2024 સ્પર્ધામાં ભાગ લીધો હતો. તે પૈકી જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત પ્રો.વી.બી.શાહ ઇન્સ્ટિટયૂટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઓફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કૉલેજ ઓફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક કૉલેજ ઓફ કમ્પ્યુટર એપ્લીકેશન એન્ડ સાયન્સ અમરોલીનાં બીકોમ ડેટા સાયન્સમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ રિશીત હિંગુ, પૂજા હિંગુ અને પ્રિયા સિંગ દ્વિતીય ક્રમાંક પ્રાપ્ત કરેલ છે. પ્રા. ડૉ. વિશ્વનાથ બોરસના માર્ગદર્શન હેઠળ સ્પર્ધામાં વિદ્યાર્થીઓને ભાગ લીધો હતો. સ્પર્ધાનું આયોજન વિશ્વવિદ્યાલયના હોદ્દારો ઝુબેર પટેલ (ઓર્ગનીઝીગ સેક્રેટરી), ડૉ. આરતી જે. રાજ્યગુરુ (કોન્વેનેર), ડૉ. કિશોરસિંહ ચાવડા (કુલપતિશ્રી, વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય) તથા ડૉ. રમેશદાન ગઢવી (કુલસચિવશ્રી) દ્વારા થયું હતું. કૉલેજનું ગૌરવ વધારવા બદલ કૉલેજના આચાર્ય ડૉ. મુકેશ ગોયાણી, શૈક્ષણિક અને વહીવટી સ્ટાફ તથા જીવન જ્યોત ટ્રસ્ટ પરિવાર તરફથી હાર્દિક અભિનંદન પાઠવવામાં આવે છે.

## 'હિન્દી દિવસ' ઉજવણી



જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત પ્રો.વી.બી. શાહ ઇન્સ્ટીટયૂટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઓફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કૉલેજ ઓફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક કૉલેજ ઓફ કમ્પ્યુટર એપ્લીકેશન એન્ડ સાયન્સ અમરોલીમાં તા. ૧૪/૯/૨૦૨૪ના રોજ લાઈબ્રેરી વિભાગ દ્વારા 'હિન્દી દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી. હિન્દી દિવસની ઉજવણી નિમિત્તે મુખ્ય મહેમાન તરીકે શ્રી જનકભાઈ બગદાણા (પ્રદેશ ઉપાધ્યક્ષ, પૂર્વ ધારાસભ્ય, ભાજપ, ગુજરાત) હાજર રહ્યા હતાં. કૉલેજના આચાર્યશ્રી ડૉ. મુકેશ આર.ગોયાણી તેમજ શ્રી જનકભાઈ બગદાણાએ હિન્દી દિવસ નિમિત્તે હિન્દી ભાષાનું મહત્વ વિદ્યાર્થીઓ સમજાવી માહિતી આપી હતી. સમગ્ર કાર્યક્રમનું આયોજન આચાર્યશ્રી ડૉ. મુકેશ આર. ગોયાણીનાં માર્ગદર્શન હેઠળ ગ્રંથપાલ ડૉ. સોનલબેન ભારતી, પ્રા. વિરલ પટેલ અને લાઇબ્રેરી ફેન કલબના વિદ્યાર્થી દ્વારા કરવામાં આવી હતી.

## ગુજરાત રાજ્ય પાવરલીફટીગ ટુર્નામેન્ટમાં અમરોલી સેલ્ફ ફાઇનાન્સ કૉલેજનાં વિદ્યાર્થીએ સિલ્વર મેડલ પ્રાપ્ત કર્યો



તા. ૨૨/૦૯/૨૦૨૪ના રોજ ગુજરાત રાજ્ય દ્વારા પાવરલીફટીગનું આયોજન થયું હતું. પાવરલીફટીગમાં કુલ ૧૦૨ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જે પૈકી જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત પ્રો.વી.બી.શાહ ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઓફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ) એન્ડ વી.એલ.શાહ કૉલેજ ઓફ કોમર્સ (ગુજરાતી માધ્યમ) તેમજ સુટેક્ષ બેંક કૉલેજ ઓફ કમ્પ્યુટર એપ્લિકેશન એન્ડ સાયન્સ અમરોલી F.Y.B.Com.માં અભ્યાસ કરતો વિદ્યાર્થી ડોબરિયા મિહિર મનસુખભાઈએ પાવરલીફટીગ ટુર્નામેન્ટમાં ડેડલીફટ અને બેન્ચ પ્રેસમાં સિલ્વર મેડલ પ્રાપ્ત કર્યો છે. કૉલેજનું ગૌરવ બદલ કૉલેજના આચાર્ય ડૉ. મુકેશ ગોયાણી, સ્પોર્ટ ટીચર/કોચ ડૉ. પ્રદીપકુમાર લેન્કા તેમજ શૈક્ષણિક અને વહીવટી સ્ટાફ તથા જીવન જ્યોત ટ્રસ્ટના પ્રમુખશ્રી ભરતભાઈ શાહ, મંત્રીશ્રી અશ્વિનભાઈ આર.પટેલ અને શ્રી અનુજભાઈ શાહ તેમજ જીવન જ્યોત ટ્રસ્ટ પરિવાર તરફથી હાર્દિક અભિનંદન પાઠવવામાં આવે છે.

## અમરોલી સેલ્ફ ફાઇનાન્સ કૉલેજનું ગૌરવ



ગુજરાત રાજ્ય બોકિંસગ એસોસિએશન દ્વારા બોકિંસગ ટુર્નામેન્ટનું આયોજન તા. ૨૧ અને ૨૨ સપ્ટેમ્બર, ૨૦૨૪નાં રોજ મહેસાણા જીલ્લામાં યોજાયેલું હતું. જે પૈકી જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત પ્રો.વી.બી.શાહ. ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઓફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ) એન્ડ વી.એલ.શાહ કૉલેજ ઓફ કોમર્સ (ગુજરાતી માધ્યમ) તેમજ સુટેક્ષ બેંક કૉલેજ ઓફ કમ્પ્યુટર એપ્લિકેશન એન્ડ સાયન્સ અમરોલી, T.Y.B.Com.માં અભ્યાસ કરતો વિદ્યાર્થી પાંડે દિવ્યેશ બ્રિજેશભાઈએ ગોલ્ડ મેડલ તેમજ T.Y.B.B.A.માં અભ્યાસ કરતો વિદ્યાર્થી નલિયાધરા સાહિલ જયંતિભાઈએ સિલ્વર મેડલ પ્રાપ્ત કર્યા હતા. જ્યારે પાંડે દિવ્યેશની ગુજરાત રાજ્યમાંથી રાષ્ટ્રીય સ્તરે બોકિંસગ માટેની પસંદગી કરાય હતી. કૉલેજનું ગૌરવ બદલ કૉલેજના આચાર્ય ડૉ. મુકેશ ગોયાણી, સ્પોર્ટ ટીચર/કોચ ડૉ. પ્રદીપકુમાર લેન્કા તેમજ શૈક્ષણિક અને વહીવટી સ્ટાફ તથા જીવન જ્યોત ટ્રસ્ટના પ્રમુખશ્રી ભરતભાઈ શાહ, મંત્રીશ્રી અશ્વિનભાઈ આર. પટેલ અને શ્રી અનુજભાઈ શાહ તેમજ જીવન જ્યોત ટ્રસ્ટ પરિવાર તરફથી હાર્દિક અભિનંદન પાઠવવામાં આવે છે.

## નવયુગ કોમર્સ કૉલેજ, સુરત.

### આંતર કૉલેજ વેઈટ લિફટીગ (બહેનો)ની સ્પર્ધામાં કું. છાયા પ્રદીપભાઈ મોરેએ ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યો



વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયની આંતર કૉલેજ વેઈટ લિફ્ટિંગ બહેનોની સ્પર્ધામાં વિદ્યાર્થિની કુ. છાયા પ્રદિપભાઈ મોરેએ ૮૨.૫ ક્રિગ્રા ગ્રુપમાં પ્રથમ ક્રમે આવી ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યો. તેમણે ગુજરાત સ્ટેટ પોલિસ ડિપાર્ટમેન્ટ દ્વારા આયોજિત ભાઈઓ અને બહેનોની પાવર લિફટીગ સ્પર્ધામાં પણ ૮૨.૫ ક્રિગ્રા ગ્રુપમાં સ્કોટ ૪૦ ક્રિગ્રા ડેડલિફ્ટ ૫૦ ક્રિગ્રા બેંચપ્રેસ ૨૫ ક્રિગ્રા. કુલ ૧૧૫ કિ.ગ્રા. વજન ઉચકી પ્રથમ ક્રમે આવી ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરેલ છે. જે બદલ કૉલેજના આચાર્યશ્રી ડૉ. વિનોદભાઈ એન. પટેલ તથા શારીરિક શિક્ષણના આસિ. પ્રો. શ્રી છગનભાઈ અસારિયા, આસિ. પ્રો. ડૉ. બ્રિજેશભાઈ એસ. પટેલ તેમજ કૉલેજ પરિવારે આ ખેલાડીને અભિનંદન પાઠવ્યા હતા.

### આંતર કૉલેજ વેઈટ લિફટીગ (ભાઈઓ)ની સ્પર્ધામાં નવયુગ કોમર્સ કૉલેજ સમગ્ર વિશ્વવિદ્યાલયમાં ચેમ્પિયન



વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયની આંતર કૉલેજ વેઈટ લિફ્ટિંગ ભાઈઓની સ્પર્ધા નવયુગ કોમર્સ કૉલેજમાં યોજાઈ હતી. આ સ્પર્ધામાં મુખ્ય મહેમાન તરીકે શ્રી હર્ષભાઈ મહેતા ઉપસ્થિત રહ્યા હતા, તેમજ વિશ્વવિદ્યાલય રમતગમત વિભાગના ઓ.એસ.ડી. ડૉ. પ્રકાશચંદ્ર પટેલ તેમજ કૉલેજના આચાર્ય ડૉ. વિનોદભાઈ એન. પટેલ ઉપસ્થિત રહ્યા હતા. સ્પર્ધાને ખુલ્લી જાહેર કરવામાં આવી હતી. આ સ્પર્ધામાં વિશ્વવિદ્યાલયની જુદી જુદી કૉલેજોમાંથી કુલ ૨૦ કૉલેજોએ ભાગ લીધો હતો જેમાં જુદી જુદી કેટેગરીમાં ૬૪ ખેલાડીઓએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં જુદી જુદી કેટેગરીઓમાં ૩ ગોલ્ડ મેડલ, ૨ સિલ્વર મેડલ પ્રાપ્ત કરી નવયુગ કોમર્સ કૉલેજ સમગ્ર વિશ્વવિદ્યાલયમાં પ્રથમ ક્રમે આવી ચેમ્પિયન બની, તેમજ એમ.ટી.બી. આર્ટસ કૉલેજ દ્વિતીય ક્રમે આવી રનર્સ–અપ બની હતી, આ ખેલાડીઓને કૉલેજના આચાર્યશ્રી વિનોદભાઈ એન. પટેલ તથા શારીરિક શિક્ષણના આસિ. પ્રો. શ્રી. છગનભાઈ અસારિયા, આસિ. પ્રો. ડૉ. બ્રિજેશભાઈ એસ. પટેલ તેમજ કૉલેજ પરિવારે ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા હતા.

### બોક્ષિંગ સ્પર્ધા (ભાઈઓ)માં સિધ્ધી



વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય આંતર કૉલેજ બોક્ષિંગ સ્પર્ધા (ભાઈઓ)માં નવયુગ કોમર્સ કૉલેજના ખેલાડીઓએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં તા. ૦૨ થી ૦૪ સપ્ટેમ્બર ૨૦૨૪ના રોજ શ્રી.પી.એચ.ઉમરાવ કૉલેજમાં યોજાય હતી. જેમાં (૧) શ્રી હિમેશ અરવિંદભાઈ ગામિત દ્વિતિય ક્રમે આવી સિલ્વર મેડલ પ્રાપ્ત કર્યો. (૨) સરસવાલા મઝહર તૃતિય ક્રમે આવી બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કર્યો. (૩) શ્રી હર્ષ દિનેશભાઈ કલસરિયા તૃતિય ક્રમે આવી બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કર્યો. (૪) શ્રી સુજલ વિજયભાઈ ગોસ્વામી દ્વિતીય ક્રમે આવી સિલ્વર મેડલ પ્રાપ્ત કર્યો. (૫) શ્રી જય ઉમેશભાઈ બરિયા દ્વિતીય ક્રમે આવી સિલ્વર મેડલ પ્રાપ્ત કર્યો. (૬) શ્રી કાવ્યા પ્રશાંતભાઈ મોદીએ તૃતિય ક્રમે આવી બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કર્યો. આ ખેલાડીઓને કૉલેજના આચાર્યશ્રી ડૉ. વિનોદભાઈ એન. પટેલ તથા શારીરિક શિક્ષણના આસી.પ્રો. સી.કે. અસારિયા, પ્રો. ડૉ. બ્રિજેશભાઈ એસ. પટેલ તેમજ કૉલેજ પરિવારે ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા હતા.

### બોક્ષિંગ સ્પર્ધા (બહેનો)માં સિધ્ધી



વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય આંતર કૉલેજ બોક્ષિંગ સ્પર્ધા (બહેનો)માં નવયુગ કોમર્સ કૉલેજના ખેલાડીઓએ ભાગ લીધો હતો. જેમાં (૧) કુ. પિનલ એમ. કદમ ૬૬ કિગ્રા. ગ્રુપમાં દ્વિતીય ક્રમે આવી સિલ્વર મેડલ પ્રાપ્ત કર્યો. (૨) કુ. અનિલા મો.અસિફ મલેક ૪૮ કિગ્રા. ગ્રુપમાં તૃતિય ક્રમે આવી બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કર્યો. (૩) કુ. સાયરા મુરાદ આલમ અંસારી ૬૦ કિગ્રા. ગ્રુપમાં તૃતિય ક્રમે આવી બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કર્યો. આ ખેલાડીઓને કૉલેજના આચાર્યશ્રી ડૉ. વિનોદભાઈ એન. પટેલ તથા શારિરીક શિક્ષણના આસી.પ્રો.સી.કે. અસારિયા, પ્રો. ડૉ. બ્રિજેશભાઈ એસ. પટેલ તેમજ કૉલેજ પરિવારે ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા હતા.

## ટેકવાન્ડો સ્પર્ધામાં સિધ્ધી




વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયની આંતર કૉલેજ ટેકવાન્ડો સ્પર્ધા (બહેનો)ની તા. ૦૬/૦૯/૨૦૨૪ના રોજ એમ.કે.કોમર્સ કૉલેજ, ભરૂચમાં તેમજ ભાઈઓની સ્પર્ધા તા. ૧૦/૦૯/૨૦૨૪ના રોજ નારણલાલા કૉલેજ ઓફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટ નવસારી કૉલેજમાં યોજાયેલ હતી. આ સ્પર્ધામાં નવયુગ કોમર્સ કૉલેજના ખેલાડી (૧). કું. હિરલ રવિભાઈ પાટીલ ૭૩ કિગ્રા. ગ્રુપમાં પ્રથમ ક્રમે આવી ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યો. (૨) શ્રી. ખુશાલ સુરેશભાઈ સાતપુતેએ ૪૮ કિગ્રા. ગ્રુપમાં તૃતિય ક્રમે આવી બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કર્યો હતો. (૩) શ્રી. સોનુકુમાર અજ્ય સિધએ ૬૩ કિગ્રા. ગ્રુપમાં તૃતિય ક્રમે આવી બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કરી કૉલેજનું ગૌરવ વધાર્યુ હતુ. આ સિદ્ધિ બદલ કૉલેજના આચાર્યશ્રી ડૉ. વીનોદભાઈ એન. પટેલ, જીમખાના ચેરમેનશ્રી ડૉ. બ્રિજેશભાઈ પટેલ તેમજ રમતગમતના અધ્યક્ષ અસારિયા છગનભાઈ તેમજ સમગ્ર કૉલેજ પરિવારે આ તમામ ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા હતા.

## હેલ્થ અવેરનેશ અંગે સેમીનાર

ભારત સરકાર અને વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના એન.એસ.એસ. વિભાગના પરિપત્ર મુજર 'રાષ્ટ્રીય પોષણ માહ ૨૦૨૪' અંતર્ગત તા. ૨૧/૯/૨૦૨૪ના રોજ નવયુગ કોમર્સ કૉલેજના એન.એસ.એસ. યુનિટ દ્વારા કૉલેજના સેન્ટ્રલ હોલમાં હેલ્થ અવેરનેસ અંગે એક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શેલ્બી હોસ્પીટલના સિનિયર ડૉ. હરીન વડોદરીયા ઉપસ્થિત રહ્યા હતા અને તેમણે હેલ્થ અવેરનેસ અંગે ખૂબ સુંદર માહિતી પૂરી પાડી હતી. જેમાં ૧૫૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. કાર્યક્રમને અંતે વિદ્યાર્થીઓએ હેલ્થ અંગેના પ્રશ્નો પૂછ્યા હતા અને તે અંગે અતિથી વિશેષ દ્વારા યોગ્ય માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન NSS પ્રોગ્રામ ઓફિસર પ્રા.ડૉ.અંકિતા ઝાડેશ્વરીયા અને પ્રા.ડૉ. રૂપેશભાઈ દવે દ્વારા કરવામાં આવ્યું હતુ. આચાર્યશ્રી ડૉ. વિનોદભાઈ પટેલ પણ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા.







## એ.વી.પટેલ કોમર્સ કૉલેજ, બીલીમોરા.

## શિક્ષક દિનની ઉજવણી




બીલીમોરા વિભાગ કેળવણી મંડળ સંચાલિત એ.વી.પટેલ કોમર્સ કૉલેજમાં એન.એસ.એસ. યુનિટ દ્વારા ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણની જન્મ જયંતી નિમિત્તે તા. ૦૫/૦૯/૨૦૨૪ના રોજ શિક્ષક દિન નિમિત્તે કૉલેજના લગભગ ૩૬ જેટલા વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ વિષયના શિક્ષક તરીકેની ભૂમિકા નિભાવવામાં આવી હતી. કૉલેજના ઇન્ચાર્જ આચાર્ય પ્રા વર્ષાબેન બી.રાણાના નેતૃત્વ

હેઠળ તેમજ ડૉ. સોનલબેન એસ. વસાવાના માર્ગદર્શન હેઠળ એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર ડૉ. ભાવેશ પચ્ચીગર તેમજ પ્રા. પૂજા વાઘેલા અને પ્રો. પાર્થ કે. ઠક્કર દ્વારા શિક્ષક તરીકેની ભૂમિકા ભજવેલા દરેક વિદ્યાર્થીઓના સન્માન કાર્યક્રમ યોજાયો હતો. જેમાં વિદ્યાર્થીઓએ શિક્ષક તરીકે નિભાવેલ કામગીરીને કૉલેજના સ્ટાફ મિત્રો દ્વારા બિરદાવવામાં આવી હતી. આ સાથે જ કૉલેજના વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ આયોજિત વન મિનિટ ફન શોમાં ભાગ લઈ આનંદની અનુભૂતિ કરી હતી.

## વકૃત્વ સ્પર્ધા






બીલીમોરા વિભાગ કેળવણી મંડળ સંચાલિત અત્રેની એ.વી.પટેલ કોમર્સ કૉલેજ સ્પર્ધામાં ડિબેટ કમિટી અંતર્ગત વકૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ આ સ્પર્ધાને સફળ બનાવી હતી. જેમાં વર્તમાન સમયનો સળગતો પ્રશ્નો સ્ત્રી સુરક્ષા પર દરેક વિદ્યાર્થીઓએ ધારદાર રજૂઆત કરી હતી. કૉલેજના ઇન્ચાર્જ આચાર્યશ્રી વર્ષાબેન રાણાના માર્ગદર્શન હેઠળ આ કાર્યક્રમ યોજાયો હતો. અને તેઓએ ખરેખર સ્ત્રીઓની સુરક્ષા શું છે? તેના પર રજૂઆત કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રા. હરમિતસિંગ સરદાર એ કર્યું હતું. આ સ્પર્ધામાં નિર્ણાયક તરીકે પ્રા. શીતલબેન ફીટર અને પ્રા. ઉન્મેશાબેન રાઠોડે ભૂમિકા ભજવી હતી. આ સ્પર્ધાના પ્રથમ વિજેતા યાદવ અંશુ S.Y.B.Com. દ્વિતીય ક્રમે દુબે આંચલ S.Y.B.Com. અને તૃતીય વિજેતા પ્રજાપતિ રાશિ F.Y.B.Com. રહ્યાં હતાં. આ સ્પર્ધાને સફળ બનાવવા માટે કૉલેજના સૌ સભ્યોએ ફાળો આપ્યો હતો.

## Agarwal Vidya Vihar English Medium College, Vesu, Surat.

### આધુનિક ટેકનોલોજી સાથે વૈજ્ઞાનિક સાહિત્ય સમીક્ષા પર કાર્યશાળાનું આયોજન






અગ્રવાલ વિદ્યા વિહાર અંગ્રેજી માધ્યમ કોલેજમાં તાજેતરમાં આધુનિક ટેકનોલોજી સાથે વૈજ્ઞાનિક સાહિત્ય સમીક્ષા વિષય પર એક સૂચક કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યશાળા પ્રાધ્યાપકો, સ્નાતક (UG) અને સ્નાતકોત્તર (PG) વિદ્યાર્થીઓ માટે રચાયેલ હતી. જેમાં સુધારેલી સાહિત્ય સમીક્ષાને યોગ્ય રીતે કરવાની પ્રતિક્રિયાત્મક ક્ષમતા વિકસાવવા માટે આધુનિક સાધનો અને તકનીકોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમમાં મુખ્ય વકતા પ્રો.ડૉ. ગૌરાંગ રામી, અર્થશાસ્ત્ર વિભાગના વડા, વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના હતા. તેમણે શૈક્ષણિક સંશોધનના ક્ષેત્રમાં પરિવર્તન લાવી રહેલી આધુનિક પદ્ધતિઓ, સાધનો અને ટેકનોલોજી અંગે તેની શ્રેષ્ઠતા વિશે વાત કરી. તેમણે વિવિધ ડિજિટલ પ્લેટફોર્મ અને સોફટવેર દ્વારા વ્યાપક અને વૈજ્ઞાનિક રીતે સાહિત્ય સમીક્ષા બતાવી હતી. જેનાથી વિદ્યાર્થીઓ અને પ્રાધ્યાપકોને તેમના ક્ષેત્રમાં સંશોધન ક્ષેત્રે અદ્યતન રહેવામાં મદદ થાય છે, તે મુદ્દાઓ પર ધ્યાન કેન્દ્રિત કર્યું. આ કાર્યશાળામાં કૉલેજના વિદ્યાર્થીઓ અને પ્રાધ્યાપકો બંનેને આધુનિક સંશોધન પ્રથાઓ અને ટેકનોલોજી અપનાવવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા. તેમજ ટેકનોલોજીનો ઉપયોગ કરીને સંશોધનની ગુણવત્તા સુધારવા પર પણ મહત્વપૂર્ણ માર્ગદર્શન મેળવ્યું હતું. આ કાર્યશાળામાં અગ્રવાલ કૉલેજના મુખ્ય સલાહકાર ડૉ. યુ.ટી.દેસાઈ, ઇન્ચાર્જ પ્રિન્સિપાલ ડૉ. ગૌતમ દુઆ અને કૉલેજના પ્રાધ્યાપકો ઉપસ્થિત રહ્યા હતા.

## હિન્દી દિવસ નિમિત્તે કાવ્ય પઠન સ્પર્ધા યોજાય





સુરતની અગ્રવાલ વિદ્યાવિહાર અંગ્રેજી માધ્યમ કૉલેજમાં હિન્દી દિવસની ઉજવણી કાવ્ય પઠન સ્પર્ધા યોજવામાં આવી હતી. આ સ્પર્ધામાં ઘણી મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જેમાં પ્રથમ ક્રમ પલક પરિક, દ્વિતિય ક્રમ રાજ દિલશાદ અને ચૌધરી પ્રતિમા, તૃતિય ક્રમ વિકાસ શર્મા, તેમજ પ્રોત્સાહક ક્રમ નિશાંત કુચારિયા અને શુકલા ખુશી એ પ્રાપ્ત કર્યો હતો. આ સ્પર્ધામાં અગ્રવાલ કૉલેજના ચીફ એડવાઈઝર ડૉ. યુ.ટી.દેસાઈ તેમજ ઘણા પ્રાધ્યાપકોએ પણ કાવ્ય પઠન કરી કાવ્યાત્મક વાતાવરણ સર્જ્યું હતું. ચીફ એડવાઇઝર ડૉ. યુ.ટી. દેસાઈ, ઈ.ચા. પ્રિન્સિપાલ ડૉ. ગૌતમ દુઆ, તેમજ કૉલેજ પ્રાધ્યાપકો ઉપસ્થિત રહીને વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. આ સ્પર્ધાના આયોજક પ્રા.ડૉ. કુંજલ મહેતા અને ડૉ. તૃપ્તિ વાંસિયા હતાં અને નિર્ણાયક તરીકે પ્રા. ડૉ. કિષ્ના શાસ્ત્રી અને પ્રા. શિવાંગી સેથી હતાં.

## 'નેશનલ સ્પોર્ટ્સ ડે'ની ઉજવણી

સુરતની અગ્રવાલ વિદ્યા વિહાર અંગ્રેજી માધ્યમ કૉલેજ, વેસુમાં 'નેશનલ સ્પોર્ટ્સ ડે' નિમિત્તે મેજર ધ્યાનચંદ (હોકીના જાદુગર)નો જન્મદિને પુષ્પાંજલિ અર્જિત કરીને ઉજવાયો. આ અવસરે મહાવિદ્યાલયના મુખ્ય સલાહકાર ડૉ. યુ.ટી.દેસાઈએ મેજર ધ્યાનચંદના જીવન પર પ્રકાશ પાડતા કહ્યું કે કેવી રીતે હિટલરે આપેલા પ્રસ્તાવને નકારી મેજર ધ્યાનચંદ દેશભકિત દર્શાવી હતી. આ ઉપરાંત વિદ્યાર્થીઓને મેજર ધ્યાનચંદ અને પ્રખ્યાત ફૂટબોલર પેલેના જીવન પર આધારિત ડોકયુમેન્ટરી બતાવવામાં આવી. વિદ્યાર્થીઓ માટે બેડમિન્ટન, કેરમ, શતરંજ તેમજ ટેબલ ટેનિસ જેવા વિવિધ રમત કૌશલ્યની સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું. આ અવસરે કૉલેજના ઈન્ચાર્જ પ્રિન્સિપાલ ડૉ. ગૌતમ દુઆ, શારીરિક શિક્ષક લેફટનન્ટ જિગર ચાવડા અને મહાવિદ્યાલયના વ્યાખ્યાતાઓ હાજર રહ્યા. આ કાર્યક્રમનું સંચાલન ડૉ. કિષ્ના શાસ્ત્રી, પ્રા. સોનલ અગ્રવાલ, ડૉ. કુંજલ મહેતા અને પ્રા. વૈશિકા કડિયા દ્વારા કરવામાં આવ્યું હતું.







## 'શિક્ષકદિન'ની ઉજવણી

અગ્રવાલ વિદ્યાવિહાર અંગ્રેજી માધ્યમ કૉલેજ, સુરત ખાતે 'શિક્ષકદિન' યોજાયો. અગ્રવાલ કૉલેજ દ્વારા 'શિક્ષક દિન'ની ઉજવણી શિક્ષકોને સામાજિક મૂવી દેખાડીને કરવામાં આવી હતી. તેમજ ૩૦ જેટલા વિદ્યાર્થીઓએ જુદા જુદા હોદ્દાએ ઉત્સાહભેર ભાગ લઈ શિક્ષકો અને આચાર્ય તરીકેની ફરજ બજાવી હતી અને તેમને અગ્રવાલ કૉલેજના મુખ્ય સલાહકાર ડૉ. યુ.ટી.દેસાઈ, ઇન્ચાર્જ પ્રિન્સિપાલ ડૉ. ગૌતમ દુઆ અને કૉલેજના પ્રાધ્યાપકો હસ્તે પુરસ્કાર આપીને તેમનો ઉત્સાહ વધાર્યો હતો.



## C. N. Kothari Homoeopathic Medical College & Research Centre, Vyara

### Teacher's day Celebration 2024



C. N. Kothari Homoeopathic Medical College and Research Centre, Vyara celebrated Teacher's day on 5th September 2024. Students of the fourth BHMS participated as a teacher with great enthusiasm and played their best role as a teacher. Students from 4th BHMS, Vanshita Pipaliya took responsibility of principal and Darshan Hatkar took responsibility of Academic Incharge, They managed the functions of the college with great zeal and enthusiasm. All the teachers of Teacher's day were judged by Teaching Faculties and following teachers were awarded with 1st & 2nd prizes.

| Year | Prize | Name of the Student |
|---|---|---|
| First BHMS | 1st | Jinal Niyoliya (Anatomy) |
| | 2nd | Rutika Patel (Physiology) |
| Third BHMS | 1st | Kevin Avichal (Homoeopathic Materia Medica) |
| | 2nd | Imran Pathan (Organon of Medicine) |
| Fourth BHMS | 1st | Jignyasha Ahire (Practice of Medicine) |
| | 2nd | Nikhilesh Nabde (Homoeopathic Materia Medica) |

All teachers of Teacher's Day were awarded with certificates, flower and pen. On this occasion all the teaching faculties were felicitated with flowers and Gift. The whole program was coordinated by Dr. Dhruni Gavli and her team under the guidance of Principal Dr Jyoti Rao. All dispersed after having delicious Lunch.

### Ganesh Utsav - 2024

C. N. Kothari Homoeopathic Medical College & Research Centre, Vyara had organized "Ganesh Utsav - 2024" from 7/09/2024 to 11/09/2024. Students and staff members of Institute established an "Eco-friendly" idol of Lord Ganesha. Everyday Aarati of God Ganesha was done in morning and evening by all year students and faculty members.

On 10/09/2024 arrangement of "Maha Aarti" and "56 Bhog" offered to lord Ganesha on Last day 11/09/2024 of Ganesh Utsav there was arrangement of "Satyanarayan Katha". After that immersion was done in spiritual atmosphere with DJ & Dhol. These whole programme was conducted by Students of Ganesh Committee & Activity Committee under guidance of Principal Dr. Jyoti Rao.





## વિમલ ટોરમલ પોદ્દાર બી.સી.એ.કૉલેજ, પાંડેસરા, સુરત.

### 'શિક્ષક દિનની ઉજવણી'




શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ સંચાલિત વિમલ ટોરમલ પોદ્દાર બી.સી.એ.કોલેજ, પાંડેસરા ખાતે તા. ૫/૯/૨૦૨૪ના રોજ શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમનું સંપૂર્ણ આયોજન કૉલેજના પ્રા. હિમાંશુ ચૌહાણ અને પ્રા. ભાવિની મહુવાગરા દ્વારા કરવામાં આવી હતી. જેમાં કુલ ૩૦ વિદ્યાર્થીઓ દ્વારા પ્રધાનાચાર્ય અને વિવિધ વિષયોના શિક્ષકો તેમજ કલાર્ક અને સેવકભાઈની જવાબદારી નિભાવવામાં આવી હતી. જેમાં કુલ ૦૩ લેકચર્સનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓ દ્વારા ખૂબ જ સરસ રીતે શિક્ષણ કાર્ય કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓ સારી રીતે શિક્ષણ કાર્ય કરે તે માટે તેમના વચ્ચે 'શ્રેષ્ઠ શિક્ષક'ની સ્પર્ધા રાખવામાં આવી હતી. ત્યારબાદ વિજેતા વિદ્યાર્થીઓને સર્ટીફીકેટ અને ભેટ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

## એસ.બી.ગાર્ડા આર્ટ્સ એન્ડ પી.કે.પટેલ કોલેજ ઓફ કોમર્સ, નવસારી.

### ડાક ચૌપાલ જાગૃતિ કાર્યક્રમ



ગાર્ડા કૉલેજમાં ઇ.ચા. આચાર્યશ્રી ડૉ. ધર્મવીર એમ. ગુર્જરના માર્ગદર્શન હેઠળ તા. ૪/૯/૨૦૨૪ના રોજ નવસારી પોસ્ટ ઓફિસની ટીમ દ્વારા 'ડાક ચૌપાલ' જાગૃતિ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. સ્વાગત પ્રવચનમાં ઇ.ચા.આચાર્યશ્રી ડૉ. ધર્મવીર એમ. ગુર્જર દ્વારા નવસારી પોસ્ટ ઓફિસ તરફથી વિદ્યાર્થીઓ માટે આવા કાર્યક્રમ યોજવા બદલ સરાહના કરવામાં આવી હતી. ત્યારબાદ નવસારી પોસ્ટ ઓફિસમાંથી પધારેલ સિનિયર પોસ્ટ માસ્ટર શ્રી વિનોદભાઈ પરદેશીએ વિદ્યાર્થીઓને પોસ્ટ ઓફિસ દ્વારા આપવામાં આવતી વિવિધ સેવાઓ જેવી કે, બેંન્કિગ સેવા, કુરિયર સેવા, વીમા સેવા તેમજ વિવિધ યોજનાઓ જેમકે, માસિક આવક યોજના, પી.પી.એફ., એન.એસ.સી, પોસ્ટલ લાઈફ ઇન્સ્યુરન્સ, સુકન્યા સમૃધ્ધિ યોજના, અટલ પેન્શન યોજના, પ્રધાનમંત્રી યોજના, ગોલ્ડ બોન્ડ યોજના અંગે માહિતી આપી હતી. રાજ ભેમાણીએ ઇન્ડિયા પોસ્ટ પેમેન્ટ બેંક અંગે માહિતી આપી હતી. આ કાર્યક્રમમાં ઉપાચાર્યશ્રીઓ મહેશભાઈ નાયક અને ડૉ. હિતેશભાઈ પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતા. ગાર્ડા કૉલેજ સંચાલન મંડળે પણ આ કાર્યક્રમના આયોજન બદલ અભિનંદન પાઠવ્યા હતા.

### રક્તદાન શિબિર

શિક્ષણ અને સંસ્કારના ધામ સમી એસ.બી.ગાર્ડા કૉલેજ શિક્ષણ સાથે માનવ સેવાની ઉત્તમ કામગીરીઓ છેલ્લા ૮૦ વર્ષથી કરતી આવી છે. કૉલેજના ઇ.ચા. આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જરની પ્રેરણા અને માર્ગદર્શન હેઠળ દિનાંક ૧૧/૦૯/૨૦૨૪નાં રોજ કૉલેજમાં મહારક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પ રાષ્ટ્રીય સેવા યોજના, આઈ.ક્યુ.એ.સેલ તથા રેડક્રોસ, નવસારીના સંયુકત સહયોગથી કરવામાં આવ્યો હતો. કૉલેજના ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જરે વિદ્યાર્થીઓને મોટી સંખ્યામાં રક્તદાન કરી માનવમૂલ્યો અને અમૂલ્ય જીવનનું જતન કરવા અપીલ કરી હતી. વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર કુલ ૪૩ યુનિટ રક્તદાન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે રેડક્રોસ નવસારીની પ્રમુખશ્રી તૃષારકાંત દેસાઈ, ડૉ. પરેશભાઈ ધાનાણી તથા વહીવટી સ્ટાફે મહત્વની કામગીરી ભજવી હતી. કૉલેજના ઉપાચાર્યશ્રી મહેશભાઈ નાયક તથા ઉપાચાર્યશ્રી ડૉ. હિતેશભાઈ પટેલ, ગાર્ડા કૉલેજના ભૂતપૂર્વ પ્રોગ્રામ NSS ઓફિસર પ્રા. જશુભાઈ નાયક તથા કૉલેજના તમામ અધ્યાપકોએ શિબિરની મુલાકાત લઈ રક્તદાતાઓને પ્રોત્સાહન પૂરું પાડયું હતું. કેમ્પમાં રક્તદાતાઓને કૉલેજ તરફથી પ્રોત્સાહનરૂપે ભેટ આપી અભિવાદન કરવામાં આવ્યું હતું. કેમ્પને સફળ બનાવવા NSSના સ્વયંસેવકો તથા પ્રોગ્રામ ઓફિસરોએ ખૂબ પ્રયત્ન કર્યો હતો. કૉલેજના ટ્રસ્ટીશ્રીઓ દ્વારા આ શિબિરની ખૂબ જ પ્રશંસા કરવામાં આવી હતી.







### વિશ્વવિદ્યાલયની ઇન્ટર કૉલેજ બોક્ષીગ સ્પર્ધામાં ગાર્ડા કૉલેજનું ગૌરવ



વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરતના ઉપક્રમે શાહ પી.એચ.ઉમરાવ કૉલેજ આર્ટ્સ એન્ડ કોમર્સ, કીમ (સુરત) દ્વારા તા. ૨/૯/૨૦૨૪ થી તા. ૩/૯/૨૦૨૪ના દરમ્યાન ઇન્ટર કૉલેજ બોક્ષીગ (ભાઈઓ) સ્પર્ધાનું આયોજન વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરત ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં જુદી જુદી કૉલેજના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં સહાની અતુલ સુભાષભાઈ (બી.એ.સેમ.૧) તેમજ વસાવા સતીશ દિવાંજીભાઈ (બી.એ.સેમ.૩) ગોલ્ડ મેડલ તેમજ

વિશ્વવિદ્યાલય ટીમમાં પસંદગી પામી ગાર્ડા કૉલેજ તથા નવસારીનું ગૌરવ વધાર્યુ. ઉપરોક્ત સિદ્ધિ મેળવવા બદલ ગાર્ડા કૉલેજનાં ઇ.ચા. આચાર્યશ્રી ડૉ. ડી.એમ.ગુર્જર, ઉપાચાર્યશ્રી એમ.સી.નાયક, ઉપાચાર્ય તેમન IQAC કૉ–ઓર્ડિનેટર ડૉ. એચ.જે.પટેલ, જીમખાના ચેરમેન ડૉ. એ.બી.પટેલ તથા સમગ્ર ગાર્ડા કૉલેજ પરિવાર અભિનંદન આપી શુભેચ્છા પાઠવી હતી.

## 'કોમ્યુનિકેશન સ્કિલ્સ' પર વ્યાખ્યાન






નવસારીની સુપ્રસિદ્ધ એવી એસ.બી.ગાર્ડા કૉલેજના ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જરના માર્ગદર્શન હેઠળ કોમર્સ વિભાગ તથા આઈ.ક્યુ.એ.સી.ના સંયુક્ત ઉપક્રમે તા. ૩૦/૮/૨૦૨૪ના રોજ 'કોમ્યુનિકેશન સ્કિલ્સ'ના વિષય પર વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત ધ્રુવીકા ટેલરની પ્રાર્થના દ્વારા કરવામાં આવી હતી. આ પ્રસંગે કૉલેજના ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જર દ્વારા બાળકો નાનપણથી જ કોમ્યુનિકેશન કઈ રીતે કરે છે, કેવી રીતે લખે છે, કેટલાક ધ્યાનથી સાંભળે છે અને કેટલાક ધ્યાનથી માત્ર સાંભળવાનો દેખાવ કરે છે તે ખૂબ જ સુંદર રીતે વિદ્યાર્થીઓને સમજ આપી તેમજ અલગ અલગ સ્કિલ્સ વિકસાવવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે એસ.એસ.અગ્રવાલ કૉલેજ ઓફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટ, નવસારીના ઇન્ચાર્જ આચાર્ય ડૉ. વૈશાલીબેન પારેખ ઉપસ્થિત રહ્યાં હતાં. ડૉ ધર્મવીર ગુર્જરે ડૉ. વૈશાલીબેન પારેખનું પુષ્પગુચ્છ, શાલ અને સ્મૃતિભેટ અર્પણ કરી અભિવાદન કર્યુ હતું. આ કાર્યક્રમના મુખ્ય વકતા ડૉ. વૈશાલીબેન પારેખે કોમ્યુનિકેશનની સિરીઝ તથા ગોલ્સ ઉદાહરણ સહિત વિદ્યાર્થીઓને પોતાના ધ્યેય પ્રમાણે કેવી રીતે કોમ્યુનિકેશન સ્કિલ્સને વિકસાવી શકે તેની ખૂબ ઉંડાણમાં ચર્ચા કરી હતી. આ કાર્યક્રમમાં ઉપાચાર્યશ્રી મહેશભાઈ નાયક, લેફ્ટનન્ટ તેમજ કોમર્સ વિભાગના અધ્યક્ષ ડૉ. ઇશ્વરભાઈ ચૌધરી તથા અન્ય અધ્યાપકોએ હાજરી આપી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કુ. ઝીલ ભાઠેના તથા આભારવિધિ કુ. જ્યોતિ કાંજાણી દ્વારા કરવામાં આવી હતી. કાર્યક્રમનું સમાપન રાષ્ટ્રગીત ગાઈને કરવામાં આવ્યું હતું. ગાર્ડા કૉલેજના ટ્રસ્ટીશ્રીઓ દ્વારા પણ કાર્યક્રમની શુભેચ્છા પાઠવવામાં આવી હતી.

## નેત્રદાન જાગૃતિ કાર્યક્રમ







નવસારી નગરીની સૌથી જૂની ઉચ્ચ શિક્ષણની સંસ્થા તરીકે એસ.બી.ગાર્ડા કૉલેજ સમગ્ર ગુજરાતમાં ખ્યાતનામ સંસ્થા છે. આ કૉલેજના મનોવિજ્ઞાન વિભાગ દ્વારા લોક જાગૃતિ અંગે અનેક કાર્યક્રમો હાથ ધરવામાં આવે છે, તેના જ ભાગરૂપે તા. ૦૨/૦૯/૨૦૨૪ ના રોજ મનોવિજ્ઞાન વિભાગ, આઈ.કયુ.એ.સી.તથા રોટરી આઈ ઇન્સ્ટીટ્યૂટના સંયુકત ઉપક્રમે નેત્રદાન જાગૃતિ અંગે કાર્યક્રમ રાખવામાં આવ્યો. આ કાર્યક્રમની શરૂઆત દિવ્યા ચૌધરી અને પ્રિયાંશી પટેલ દ્વારા રજૂ કરેલ પવિત્ર પ્રાર્થનાથી કરવામાં આવી. આ કાર્યક્રમમાં ઇન્ચાર્જ આચાર્યશ્રી અને મનોવિજ્ઞાન વિભાગના અધ્યક્ષ ડૉ. ધર્મવીર ગુર્જરે સ્વાગત પ્રવચન કરતાં જણાવ્યુ કે ચક્ષુ અતિ મૂલ્યવાન છે એની સમજ ચક્ષુદિન વ્યકિતને જ ખ્યાલ આવે છે. તેમણે સુંદર દ્રષ્ટાંતો દ્વારા નેત્રદાન કરવા અને કરાવવાની અપિલ કરી હતી. આ સાથે રોટરી આઈ ઇન્સ્ટીટયૂટમાંથી સંત પૂનિત ચક્ષુબેંકના ચેરપરશા શ્રીમતી શીલાબેન પટેલે પી.પી.ટી. પ્રેઝન્ટેશન દ્વારા સૌને ચક્ષુદાનની પ્રક્રિયા, વિશેષતા અને મહત્વ સમજાવ્યું હતું. સમગ્ર કાર્યક્રમમાં ઉપાચાર્યશ્રી મહેશભાઈ નાયક, ઉપાચાર્યશ્રી ડૉ. હિતેશભાઈ પટેલ અને મનોવિજ્ઞાન વિભાગના વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સુચારું સંચાલન શ્રીમતી તૃષાબેન વશીએ કર્યુ હતું. કાર્યક્રમને અંતે ડૉ . અશ્વિન શર્માએ આભારદર્શન થકી સૌ પરત્વે કૃતજ્ઞતા દર્શાવી હતી. ગાર્ડા કૉલેજના ટ્રસ્ટીશ્રીઓ દ્વારા પણ કાર્યક્રમની શુભેચ્છા પાઠવવામા આવી હતી.

## કરિયર કાઉન્સેલિંગ પ્રોગ્રામ અંતર્ગત 'L.I.C. of India'ના મહિલા એજન્ટ વિષય પર વર્કશોપ






એસ.બી.ગાર્ડા કૉલેજમાં કરિયર ગાઈડન્સ અને પ્લેસમેન્ટ સેલ તથા આઈ.ક્યુ.એ.સેલના સંયુક્ત ઉપક્રમે તા. ૩૧/૮/૨૦૨૪ના રોજ કૉલેજના ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર એમ. ગુર્જરના માર્ગદર્શન હેઠળ 'L.I.C. of India'ના મહિલા એજન્ટ વિષય પર વર્કશોપનું આયોજન કરવમાં આવ્યું હતું. આ વર્કશોપની શરૂઆત સંગિત રાજભરની પ્રાર્થના દ્વારા કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જરે પ્રાસંગિક ઉદ્દબોધન રજૂ કરી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. આ કાર્યક્રમમાં અતિથિ વિશેષ શ્રી પિયુષભાઈ દેસાઈ (બ્રાન્ચ મેનેજર, L.I.C. of india), શ્રી કેતનભાઈ ચૌહાણ (આસિસ્ટન્ટ બ્રાન્ચ મેનેજર, L.I.C. of india) તથા શ્રી જોયેશભાઈ પટેલ (ડેવલોપમેન્ટ ઓફીસર, L.I.C of India) હાજર રહી વિદ્યાર્થીઓને માર્ગદર્શન પૂરું પાડયું હતું. આ વર્કશોપનું મુખ્ય વકતાશ્રી જોયેશભાઈ પટેલે ભારતીય જીવન વીમા નિગમનું મહત્વ, વીમાનું જીવનમાં મહત્વ, એજન્ટ બનવાથી થતાં ફાયદા વગેરે ઉદાહરણ સહિત વિદ્યાર્થીનીઓને માહિતગાર કર્યા હતા. આ વર્કશોપમાં કુલ ૧૧૨ જેટલી વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં ઉપાચાર્યશ્રી મહેશભાઈ નાયક તથા ઉપાચાર્યશ્રી તેમજ આઈ.ક્યુ.એ.સી.ના કૉ–ઓર્ડિનેટર ડૉ. હિતેશભાઈ પટેલ તથા ગાર્ડા કૉલેજ પરિવારના અધ્યાપકોએ હાજરી આપી હતી. કાર્યક્રમનું સંચાલન શ્રી કે.સી.પટેલ અને આભારવિધિ પ્રા.એશા રાઠોડ દ્વારા કરવામાં આવી હતી. કાર્યક્રમની સમાપ્તિ રાષ્ટ્રગાન કરી કરવામાં આવી હતી. ગાર્ડા કૉલેજ ટ્રસ્ટીશ્રીઓ દ્વારા આ કાર્યક્રમની શુભેચ્છા પાઠવવામાં આવી હતી.

## 'સંસ્કૃત વાર્તા પઠન મહોત્સવ'

એસ.બી.ગાર્ડા કૉલેજ, નવસારીના સંસ્કૃત વિભાગ અને IQACના સંયુકત ઉપક્રમે તા.૬/૯/૨૦૨૪ના રોજ 'સંસ્કૃત વાર્તા પઠન મહોત્સવ' યોજાયો હતો. જેમાં ૩૫ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ મહોત્સવનો ઉદ્દેશ વિદ્યાર્થીઓમાં રહેલી સર્જનાત્મક શકિતને વિકસાવવાનો છે. આવા ઉત્સવ દ્વારા વિદ્યાર્થીઓ પોતાની પઠન કળાને, સર્જનાત્મકતાને નવી દિશામાં લઈ જઈ શકે છે તથા તેઓ પોતાની આ વાકચાતુર્ય શકિત દ્વારા પોતાનો સર્વાંગી વિકાસ કરી શકે છે. મહોત્સવનો પ્રારંભ સંસ્કૃતના વિદ્યાર્થીઓ દ્વારા શ્રીમદ્ ભગવદગીતાના શ્લોકગાનથી કરવામાં આવ્યો હતો. આ મહોત્સવમાં કૉલેજના ઇન્ચાર્જ આચાર્ય ડૉ. ધર્મવીર ગુર્જરે ભાગ લેનાર સૌ વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પૂરું પાડયું હતું અને સંસ્કૃતમાં વાર્તા પઠન દ્વારા વિદ્યાર્થીઓ પોતાની શકિતને ખીલવી શકે એ માટે શુભેચ્છાઓ પાઠવી હતી. વિજેતાઓને ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતા. આ ઉત્સવમાં પ્રથમ ક્રમે શ્રમલ્લા કોમલ, દ્વિતીય ક્રમે રાઠોડ કોમલ, તૃતીય ક્રમે નાયક ક્રિશ અને યાદવ પૂનમ વિજેતા રહ્યાં હતાં. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. પુનિતા પટેલે કર્યું હતું અને આભારવિધિ પ્રા. રેખાબેન પટેલે કરી હતી. આ કાર્યક્રમમાં નિર્ણાયક તરીકે ડૉ. પુનિતા પટેલ અને હેત્વી આહિરે સેવા આપી હતી. સમગ્ર ગાર્ડા કૉલેજ પરિવારે તથા ટ્રસ્ટીશ્રીઓએ શુભેચ્છાઓ પાઠવી હતી.






## એસ.સી./એસ.ટી./ઓ.બી.સી. અને માયનોરીટી સેલ દ્વારા માર્ગદર્શન કાર્યક્રમનું આયોજન

તા. ૩૧/૦૮/૨૦૨૪ના રોજ એસ.બી.ગાર્ડા કૉલેજ, નવસારીમાં નવા લાયબ્રેરી હોલ ખાતે શિષ્યવૃતિ અંગેનો માર્ગદર્શન અને અવેરનેશ કાર્યક્રમ યોજવામાં આવ્યો. આ કાર્યક્રમની મંગળ શરૂઆત પ્રભુચરણોમાં પ્રાર્થનાથી કરવામાં આવી. પ્રાર્થનાની શરૂઆત દિવ્યા ચૌધરી, પ્રિયાંશી પટેલ

અને નિમિષાએ કરી હતી. આ કાર્યક્રમમાં સ્વાગત પ્રવચન અને પ્રાસંગિક ઉદ્‌બોધન ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જરે કર્યુ હતું. તેઓએ સામાજિક સમરસતા, માનવીય મૂલ્યો, સરકારી સહાય સાથે માનવીય કર્તવ્ય અંગેની વાતો સુંદર ઉદાહરણો સાથે રજૂ કરી હતી. આ પ્રસંગે ઉપાચાર્યશ્રી ડૉ. હિતેશભાઈ પટેલે પોતાના વકતવ્યમાં જાતિના દાખલા, સરકારી કાયદા તથા અન્ય ધ્યાનમાં રાખવાના મુદ્દાઓ અંગે છણાવટ કરી હતી. આ પ્રસંગે ડૉ. અશ્વિન શર્માએ એસ.સી./એસ.ટી./ઓ.બી.સી. અને માયનોરીટી સેલના સભ્યો અંગે ઓળખ આપી અને લાભાર્થી વિદ્યાર્થીઓ દ્વારા થતી સામાન્ય ભૂલો અંગે માહિતી આપી. વિશેષમાં ડૉ. આશાબેન પટેલે શિષ્યવૃત્તિ ઉપરાંત વિવિધ સરકારી યોજનાઓની માહિતી આપી. આ કાર્યક્રમમાં ઉપાચાર્યશ્રી મહેશભાઈ નાયક ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં શ્રી મિલનભાઈ રાઠોડ કે જે કૉલેજમાં શિષ્યવૃત્તિ વિભાગ સંભાળે છે તેમણે પણ વિસ્તૃત માહિતી પૂરી પાડી હતી. આ પ્રસંગે શ્રી એ.વી.પટેલ, ડૉ. એ.બી.પટેલ, શ્રી પિંકેશ પટેલ, સ્ટાફ સભ્યો અને મોટી સંખ્યામાં લાભાર્થી વિદ્યાર્થીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમના અંતે કુ. ઝીલ ભાઠેનાએ આભારદર્શન કર્યુ હતું. ગાર્ડા કૉલેજના ટ્રસ્ટીશ્રીઓ દ્વારા પણ કાર્યક્રમની શુભેચ્છા પાઠવવામાં આવી હતી.







## "આંકડાશાસ્ત્ર પોસ્ટર મેકિંગ" ઉત્સવ

નવસારી તેમજ સમગ્ર જિલ્લામાં આર્ટ્સ એન્ડ કોમર્સ વિભાગમાં ઉચ્ચ અભ્યાસ અને જીવન ઘડતર માટે ખ્યાતનામ એસ.બી.ગાર્ડા કૉલેજમાં વિદ્યાર્થીઓમાં વિષય સજ્જતા કેળવવા સતત કાર્યક્રમો થતાં રહે છે. આ જ પરંપરાનું વહન કરતાં આંકડાશાસ્ત્ર વિભાગ દ્વારા 'Statistics Awareness Program' અંતર્ગત એક 'આંકડાશાસ્ત્ર પોસ્ટર મેકિંગ' ઉત્સવ તા.૪/૯/૨૦૨૪ના રોજ યોજવામાં આવ્યો હતો. આ ઉત્સવમાં ભારતનો આર્થિક વિકાસ અને વૃદ્ધિ, જી.ડી.પી., વસ્તી વધારો, સોશિયલ મિડીયા અને માનસિક સ્વાસ્થ્ય, રેગીંગ, સાઈબર ક્રાઈમ, ભારતમાં મહિલાઓ પર અપરાધો, ગ્લોબલ વોર્મિંગ, બજેટઃ૨૦૨૪–૨૫નું વિશ્લેષણ, ટેલિગ્રામ પર થતી અપરાધિક પ્રવૃત્તિઓ, યુવાનોમાં માદક દ્રવ્યોનું વ્યસન, ભારતમાં વધતા રેપનું સંકટ તેમજ આત્મહત્યામાં થઈ રહેલ વધારો એક ચિંતાનો વિષય, જેવા વિવિધ વિષયોને લઈ માહિતીના પ્રાથમિક અને ગૌણ સ્ત્રોતોને આધારે વિદ્યાર્થીઓએ માહિતીને આલેખ, આકૃમિત અને આંકડા દ્વારા વિવિધ સમસ્યાઓનું વર્ગીકરણ–વિશ્લેષણ અને તારણો દ્વારા તથ્યો રજૂ કરતા પોસ્ટરો તૈયાર કર્યા હતા. આ સ્પર્ધામાં એન.એચ.શાહ કોમર્સ કૉલેજના નિવૃત્ત અધ્યાપકશ્રી કૌશિક આર. ભાવસાર અને શેઠ સી.ડી.બરફીવાલા કૉલેજના અધ્યાપકશ્રી પિયુષ એમ.મોદીએ નિર્ણાયક તરીકે સેવા આપી હતી. બંને નિર્ણાયકોએ વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપી પ્રોત્સાહિત કર્યા હતા. સમગ્ર ઉત્સવનું સંચાલન આંકડાશાસ્ત્ર વિભાગના પ્રા. નિપુલ મિસ્ત્રી, પ્રા. પિન્કેશ પટેલ, પ્રા. રિદ્ધિ લાડ તથા ચિરાગ ટંડેલ દ્વારા કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં કુલ ૩૬ ગ્રુપોમાં કુલ ૧૩૩ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં પ્રથમ ક્રમે રૂત્વી લહામગેની ટીમ, દ્વિતીય ક્રમે કિંજલ પટેલની ટીમ અને તૃતિય ક્રમે નિકિતા ગામિતની ટીમને વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા. સ્પર્ધામાં ભાગ લેનાર તથા વિજેતા સ્પર્ધકોને ઇ.ચા.આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જર અને ઉપાચાર્યા પ્રા. મહેશભાઈ નાયક તેમજ ડૉ. હિતેશભાઈ પટેલે અભિનંદન પાઠવી, શુભકામનાઓ વ્યક્ત કરી હતી.







## શિક્ષક દિન નિમિત્તે 'શિક્ષક અભિવાદન સમારોહ' નું વિશેષ આયોજન






એસ.બી.ગાર્ડા કૉલેજ છેલ્લા ૭૮ વર્ષથી ઉચ્ચ શિક્ષણના જ્ઞાનયજ્ઞને અવિરત રાખી, લાખો વિદ્યાર્થીઓના જીવનને દિશા આપી છે. છેલ્લા ૧૦ વર્ષથી ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જરના કુશળ નેતૃત્વ અને વિધાયક અભિગમ થકી આ કૉલેજે સમગ્ર નવસારી શહેર અને ગ્રામ્ય વિસ્તારોમાં શિક્ષણ અને સંસ્કારના ધામ તરીકેની આગવી ઓળખ પ્રસ્થાપિત કરી છે. આ જ પરંપરાના પ્રતિક તરીકે તા. ૫/૯/૨૦૨૪ના રોજ આ કૉલેજના મનોવિજ્ઞાન વિભાગ અને આઈ.કયુ.એ.સેલ દ્વારા શિક્ષક દિન નિમિત્તે 'શિક્ષક અભિવાદન સમારોહ'નું વિશેષ આયોજન કરવામાં આવ્યું. કાર્યક્રમની શુભ શરૂઆત કુ. આનંદિતા નાયકે સરસ્વતી માતાની પ્રાર્થનાથી કરી. ઉપાચાર્યશ્રી મહેશભાઈ નાયક તથા ઉપાચાર્યશ્રી ડૉ. હિતેશભાઈ પટેલે સ્વાગત પ્રવચનમાં શિક્ષક દિન નિમિત્તે ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણના જીવનની ઝાંખી રજૂ કરી. ત્યારબાદ ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જરે તમામ અધ્યાપકશ્રીઓનું પુષ્પ અર્પણ કરી, અભિવાદન કર્યું હતું. આ પ્રસંગે કૉલેજ દ્વારા પણ એક આદર્શ શિક્ષક અને મુખ્ય વકતા એવા ડૉ. ધર્મવીર ગુર્જરનું શાલ અને સ્મૃતિભેટ અર્પણ કરી, વિશેષ સન્માન કરવામાં આવ્યું. આ પ્રસંગે મનોવિજ્ઞાન વિભાગના પ્રિયાંશી પટેલ, શિલ્પા મોઢકીયા, જીનિષા પંડયા, શાહિન લાજપોરિયા અને આનંદિતા નાયક શિક્ષક દિન નિમિત્તે પોતાનું વકતવ્ય રજૂ કર્યું. આજના કાર્યક્રમના કી-નોટ સ્પીકર તરીકે ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જરે સચોટ ઉદાહરણો દ્વારા શિક્ષકનું કાર્ય, મહત્વ અને પ્રભાવ અંગે વિસ્તૃત મનનીય પ્રવચન રજૂ કર્યું. તેમણે પોતાના અધ્યાપક તરીકેના અનુભવો થકી સૌને પ્રેરણા આપી. સમગ્ર કાર્યક્રમનું સુચારું સંચાલન ડૉ. અશ્વિન શર્માએ કર્યું અને આભાર દર્શન શ્રીમતી તૃષાબેન વશીએ કરી. આ કાર્યક્રમની એસ.બી.ગાર્ડા કૉલેજ ટ્રસ્ટીશ્રીઓ દ્વારા વિશેષ પ્રશંસા કરવામાં આવી.

**વિદ્યાર્થીઓના હૃદયને સ્પર્શ કરી, ચેતના ઉજાગર કરે એ જ સાચો શિક્ષક:**

**–ડૉ. ધર્મવીર ગુર્જર**

## 'The Art of Story Writing' પર વ્યાખ્યાન








સંસ્કારી નગરી નવસારીમાં ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે નામાંકિત ગાર્ડા કૉલેજમાં અંગ્રેજી વિભાગ, ગુજરાત વિભાગ અને IQACના સંયુકત ઉપક્રમે તા. ૧૩/૯/૨૦૨૪ના રોજ 'The Art of Story Writing' વિષય પર ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જરની અધ્યક્ષતામાં અને ઉપાચાર્યશ્રી મહેશભાઈ નાયક તથા ઉપાચાર્યશ્રી તેમજ IQACના કૉ-ઓર્ડિનેટર ડૉ. હિતેશભાઈ પટેલની ઉપસ્થિતિ વચ્ચે આ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમની શુભ શરૂઆત કુ. યામી પટેલની પ્રાર્થના દ્વારા કરવામાં આવી હતી. ઇ.ચા.આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જરે પોતાના ઉદ્દબોધનમાં વિદ્યાર્થીઓને વાર્તા લેખનનું મહત્વ સમજાવ્યું હતું. આ તબક્કે મુખ્ય વકતા તરીકે બી.પી.બારીયા સાયન્સ ઇન્સ્ટીટ્યૂટ, નવસારીના રસાયણ વિભાગના અધ્યાપિકા ડૉ. સ્વાતિ ડી. નાયક ઉપસ્થિત રહ્યાં હતાં. ડૉ. ધર્મવીર ગુર્જરે મુખ્ય વકતા ડૉ. સ્વાતી ડી. નાયકનું પુષ્પગુચ્છ, શાલ અને સ્કૃતિભેટ અર્પણ કરી

અભિવાદન કર્યું હતું. ગુજરાતી વિભાગના અધ્યક્ષા શ્રીમતી હેતલબેન નાયકે ડૉ. સ્વાતિ ડી. નાયકનો પરિચય આપ્યો હતો તથા આ સમગ્ર કાર્યક્રમ વિશેની માહિતી અંગ્રેજી વિભાગના અધ્યક્ષા ડૉ. રાધા ગૌતમ દ્વારા આપવામાં આવી હતી. મુખ્ય વકતા ડૉ. સ્વાતિ ડી. નાયક દ્વારા કૉલેજના વિદ્યાર્થીઓને વાર્તાની લેખનશૈલી વિશે વિસ્તારથી માહિતી આપવામાં આવી તથા તેનું જીવનમાં મહત્વ સમજાવ્યું હતું. આ વ્યાખ્યાનમાં કુલ ૧૪૪ વિદ્યાર્થીઓએ રસપૂર્વક ભાગ લીધો હતો.આ કાર્યક્રમનું સંચાલન એડહોક પ્રાધ્યાપિકા એષા રાઠોડ અને આભારવિધિ પ્રાધ્યાપિકા શ્રીમતી નિલક પટેલે કરી હતી. કાર્યક્રમનું સમાપન રાષ્ટ્રગીત દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સફળતાપૂર્વક આયોજન કરવા બદલ ગાર્ડા કૉલેજ પરિવાર અને ટ્રસ્ટીશ્રીઓએ અભિનંદન પાઠવ્યા હતા.

## વિશ્વ આત્મહત્યા નિવારણ દિનની ઉજવણી

ઉચ્ચ શિક્ષણક્ષેત્રે નેત્રદિપક કામગીરી કરતી એસ.બી.ગાર્ડા કૉલેજનાં મનોવિજ્ઞાન વિભાગ અને IQACના સંયુકત ઉપક્રમે તા. ૧૦/૯/૨૦૨૪ના રોજ વિશ્વ આત્મહત્યા નિવારણ દિનની ઉજવણી કરવામાં આવી. આ ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ્ય યુવા વિદ્યાર્થીઓને આત્મહત્યા જેવા કલંકથી દૂર રહેવાનો સંદેશ આપવાનો હતો. આ કાર્યક્રમમાં નિબંધ સ્પર્ધા અને પોસ્ટર મેકિંગ સ્પર્ધા રાખવામાં આવી હતી. આ સ્પર્ધામાં પ્રથમ વર્ષથી એમ.એ. સુધીના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. તે પૈકી નિબંધ સ્પર્ધામાં કુલ ૪૧ વિદ્યાર્થી તથા પોસ્ટર મેકિંગ સ્પર્ધામાં કુલ ૧૪ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ સમગ્ર કાર્યક્રમ માટે ઇન્ચાર્જ આચાર્યશ્રી અને મનોવિજ્ઞાન વિભાગના અધ્યક્ષ ડૉ. ધર્મવીર ગુર્જરે પ્રેરણા અને માર્ગદર્શન પૂરા પાડયા હતા. મનોવિજ્ઞાન વિભાગના ડૉ. અશ્વિન શર્મા અને શ્રીમતી તૃષા વશીએ કાર્યક્રમનું આયોજન અને સફળ સંચાલન કર્યું હતું. આ કાર્યક્રમ પૈકી નિબંધ સ્પર્ધામાં શ્રીમતી હેતલબેન નાયક અને ડૉ. પુનિતા પટેલે નિર્ણાયક તરીકે સેવા આપી હતી તથા પોસ્ટર મેકિંગ સ્પર્ધામાં શ્રી નિપુલ મિસ્ત્રીએ નિર્ણાયક તરીકે સેવા આપી હતી. સમગ્ર કાર્યક્રમ થકી કૉલેજના યુવાધનને આત્મહત્યાનાં માર્ગથી બચવા કરવાનો સંદેશ અને અપિલ પૂરી પાડી હતી. એસ.બી.ગાર્ડા કૉલેજનાં આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જર, ઉપાચાર્યશ્રી ડૉ. હિતેશભાઈ પટેલ તથા અધ્યાપકો મિત્રોએ સ્પર્ધક વિદ્યાર્થીઓની મુલાકાત કરી, પ્રોત્સાહન પૂરું પાડયું હતું. મનોવિજ્ઞાન વિભાગની આ વિશેષ પ્રવૃત્તિની એસ.બી. ગાર્ડા કૉલેજ ટ્રસ્ટ દ્વારા સરાહના કરવામાં આવી હતી.





## વિશ્વવિદ્યાલયની જુડો સ્પર્ધા (ભાઈઓ)માં કૉલેજનું ગૌરવ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરતના ઉપક્રમે નવયુગ કોમર્સ કૉલેજ, સુરત દ્વારા ઇન્ટર કૉલેજ જુડો (ભાઈઓ) સ્પર્ધાનું આયોજન તા. ૧૨/૦૮/૨૦૨૪ના રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરત ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં જુદી જુદી કૉલેજના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં ગાર્ડા કૉલેજના વિદ્યાર્થી ચૌધરી દક્ષ અરવિંદભાઈ (બી.એ. સેમ.–૩), પાંડે શ્રવણકુમાર અરવિંદકુમાર (બી.કોમ. સેમ.–૧) તેમજ પટેલ કેવલ સંજયભાઈ (બી.એ. સેમ.–૧) બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કરી ગાર્ડા કૉલેજ તથા નવસારીનું ગૌરવ વધાર્યું. ટીમ મેનેજર તરીકે શારીરિક શિક્ષણના વ્યાખ્યાતા પ્રા. ચિરાગ ટંડેલે સેવા આપી હતી. ઉપરોકત સિદ્ધિ મેળવવા બદલ ગાર્ડા કૉલેજનાં ઇ.ચા.આચાર્યશ્રી ડૉ. ડી.એમ.ગુર્જર, ઉપાચાર્ય શ્રી એમ.સી. નાયક, ઉપાચાર્ય તેમજ આઈ.કયુ.એ.સી. કૉ–ઓર્ડિનેટર ડૉ. એચ.જે.પટેલ, જીમખાના ચેરમેન ડૉ.એ.બી.પટેલ તથા સમગ્ર ગાર્ડા કૉલેજ પરિવાર અભિનંદન આપી શુભેચ્છા પાઠવી હતી.

## વિશ્વવિદ્યાલયની જુડો સ્પર્ધા (બહેનો)માં કૉલેજનું ગૌરવ



તા. ૧૩/૮/૨૦૨૪ના રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરતના ઉપક્રમે ઇન્ટર કૉલેજ જુડો (બહેનો) સ્પર્ધાનું આયોજન વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરત ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં જુદી જુદી કૉલેજના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં ગાર્ડા કૉલેજની એમ.એ. સેમ.–૩માં અભ્યાસ કરતી વિદ્યાર્થીની પાનસુરિયા જાનકી કિશોરભાઈ (52-57 Kg) કેટેગરીમાં ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરી તેમજ વિશ્વવિદ્યાલય ટીમમાં પસંદગી પામી ગાર્ડા કૉલેજ તથા નવસારીનું ગૌરવ

વધાર્યું. ટીમ મેનેજર તરીકે શારીરિક શિક્ષણના વ્યાખ્યાતા પ્રા. ચિરાગ ટંડેલે સેવા આપી હતી. ઉપરોક્ત સિદ્ધિ મેળવવા બદલ ગાર્ડા કૉલેજનાં ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ડી.એમ.ગુર્જર, ઉપાચાર્ય શ્રી એમ.સી.નાયક, ઉપાચાર્ય તેમજ IQAC કૉ-ઓર્ડિનેટર, ડૉ. એચ.જે.પટેલ, જીમખાના ચેરમેન ડૉ. એ.બી.પટેલ તથા સમગ્ર ગાર્ડા કૉલેજ પરિવાર અભિનંદન આપી શુભેચ્છા પાઠવી હતી.

## વિશ્વવિદ્યાલયની ઇન્ટર કૉલેજ ટેકવેન્ડો સ્પર્ધામાં ગાર્ડા કૉલેજનું ગૌરવ



તા. ૬/૯/૨૦૨૪ના રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરતના ઉપક્રમે ઇન્ટર કૉલેજ ટેકવેન્ડોની સ્પર્ધાનું આયોજન શ્રી એમ.કે.કૉલેજ ઓફ કોમર્સ, ભરૂચ ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં જુદી જુદી કૉલેજના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં ગાર્ડા કૉલેજનો વિદ્યાર્થી ચૌધરી દક્ષ અરવિંદભાઈ (બી.એ. સેમ.-૩)એ વિશ્વવિદ્યાલયની ટેકવેન્ડો સ્પર્ધામાં સિલ્વર મેડલ પ્રાપ્ત કરી ગાર્ડા કૉલેજ તથા નવસારીનું ગૌરવ વધાર્યું. ટીમ મેનેજર તરીકે શારીરિક શિક્ષણના વ્યાખ્યાતા શ્રી ચિરાગ ટંડેલે સેવા આપી હતી. ઉપરોક્ત સિદ્ધિ મેળવવા બદલ ગાર્ડા કૉલેજના ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ડી.એમ.ગુર્જર, ઉપાચાર્ય શ્રી એમ.સી.નાયક, ઉપાચાર્ય તેમજ IQAC કૉ-ઓર્ડિનેટર ડૉ. એચ.જે.પટેલ, જીમખાના ચેરમેન ડૉ. એ.બી.પટેલ તથા સમગ્ર ગાર્ડા કૉલેજ પરિવારે તેમજ કૉલેજના ટ્રસ્ટીશ્રીઓએ અભિનંદન આપી શુભેચ્છાઓ પાઠવી હતી.

## 'પ્રાર્થના મહોત્સવ'



નવસારીની સુપ્રસિદ્ધ એવી એસ.બી.ગાર્ડા કૉલેજ, નવસારીમાં સાંસ્કૃતિક સમિતિ અને IQACનાં સંયુક્ત ઉપક્રમે તા. ૧૨/૦૯/૨૦૨૪ના રોજ કૉલેજના ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જરના માર્ગદર્શન હેઠળ 'પ્રાર્થના મહોત્સવ'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કૉલેજના ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જર દ્વારા પ્રસંગિક ઉદ્દબોધન અને વિદ્યાર્થીઓને પ્રાર્થનાનું મહત્વ, પૃથ્વી પર પ્રાર્થનાનો ઉદ્દભવ તેમજ પ્રાર્થનાની રજૂઆત કરતી વખતે રાખવાની કાળજીઓ વિશે માહિતી આપી વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પૂરું પાડયું હતું. આ કાર્યક્રમમાં કુલ ૧૪ જેટલી વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો. જેમાં પ્રથમ ક્રમે સંગીતા રાજભર (બી.કોમ. સેમ.૩), દ્વિતીય ક્રમે શિવાની પ્રજાપતિ (બી.કોમ. સેમ.૫) અને તૃતીય ક્રમે જાગૃતિ ઘેવારે (બી.કોમ. સેમ.૫) વિજેતા થયા હતા. આ કાર્યક્રમમાં ઉપાચાર્યશ્રી મહેશભાઈ નાયક તથા ઉપાચાર્યશ્રી ડૉ. હિતેશભાઈ પટેલ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. આ સ્પર્ધામાં નિર્ણાયક તરીકેની ભૂમિકા ડૉ. રાધાબેન ગૌતમ તેમજ શ્રીમતિ હેતલબેન નાયકે ભજવી હતી. સમગ્ર મહોત્સવનું સંચાલન શ્રી કિશોરભાઈ પટેલ અને આભારવિધિ શ્રીમતિ બીનાબેન આહિરે રજૂ કરી હતી. રાષ્ટ્રીય ગાન કરી કાર્યક્રમની સમાપ્તિ કરવામાં આવી હતી.

## 'સ્વચ્છ ભારત મિશન અભિયાન'





નવસારીની સુપ્રસિદ્ધ એવી એસ.બી.ગાર્ડા કૉલેજ, નવસારીમાં રાષ્ટ્રીય સેવા યોજના અન IQACનાં સંયુક્ત ઉપક્રમે તા. ૧૨/૯/૨૦૨૪ના રોજ કૉલેજના ઇ.ચા.આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જરના નેજા હેઠળ 'સ્વચ્છ ભારત મિશન અભિયાન' અંતર્ગત કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં કૉલેજના ઇ.ચા.આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જરે પ્રાસંગિક ઉદ્દબોધન રજૂ કરતાં સ્વચ્છતાને લગતા કેટલાક ઉદાહરણો પૂરા પાડી સ્વચ્છતાનું મહત્વ સમજાવ્યું હતું. આ કાર્યક્રમમાં ડૉ. ધર્મવીર ગુર્જરે અતિથિ વિશેષ શ્રીમતી મિનલબેન દેસાઈ

(પ્રમુખ, નવસારી વિજલપોર નગરપાલિકા), શ્રી સુનિલભાઈ પાટીલ (ઉપપ્રમુખ, નવસારી વિજલપોર નગરપાલિકા), શ્રીમતી નીતુબેન શાહ (ચેરમેન, ગાર્ડન સમિતિ, નવસારી વિજલપોર નગરપાલિકા) તથા શ્રી રમેશભાઈ વાડા (ચેરમેન, આરોગ્ય શાખા,નવસારી વિજલપોર નગરપાલિકા)નું પુષ્પગુચ્છ, શાલ અને સ્મૃતિભેટ અર્પણ કરી સ્વાગત કર્યું હતું. શ્રી સુનિલભાઈ પાટીલે પણ અભિયાન અંતર્ગત નવસારી શહેરને સ્વચ્છ રાખવા કેટલાક સહિયારા પ્રયત્નોની વાત કરી, ઉમદા માહિતી વિદ્યાર્થીઓને પૂરી પાડી હતી. આ કાર્યક્રમમાં સ્વયંસેવકોને પ્રોત્સાહિત કરવા કૉલેજના ઉપાચાર્યશ્રી મહેશભાઈ નાયક તેમજ ઉપાચાર્ય શ્રી ડૉ. હિતેશભાઈ પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રીમતિ નિલમબેન પટેલ અને આભારવિધિ શ્રી કે.સી.પટેલ દ્વારા કરવામાં આવી હતી.

## પ્લેસમેન્ટ કેમ્પ





ગુજરાત સરકારનાં ઉચ્ચ શિક્ષણ વિભાગ તથા KCG, પ્લેસમેન્ટ સેલ તેમજ ગાર્ડા કૉલેજના કરિયર ગાઇડન્સ અને પ્લેસમેન્ટ સેલના સંયુક્ત ઉપક્રમે તા. ૧૯/૦૯/૨૦૨૪ના રોજ કૉલેજના સ્નાતક થયેલા વિદ્યાર્થીઓ માટે વિવિધ કંપનીઓ દ્વારા પ્લેસમેન્ટ કેમ્પ યોજવામાં આવ્યો હતો. કૉલેજમાંથી સ્નાતક થયેલા વિવિધ શાખાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે પ્લેસમેન્ટ કેમ્પનું આયોજન ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જરના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. આ પ્લેસમેન્ટ કેમ્પમાં કુલ ૦૪ કંપનીઓએ ભાગ લીધો હતો. જેમાંથી ૨૧ વિદ્યાર્થીઓનું પ્રાથમિક સિલેકશન કરી તેમને લેટર ઓફ ઇન્ટેન્ટ આપવામાં આવ્યો હતો. આ પ્લેસમેન્ટ કેમ્પને સફળ બનાવવામાં ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જર, ઉપાચાર્યશ્રી મહેશભાઈ નાયક, ઉપાચાર્યશ્રી તેમજ આઈ.કયુ.એ.સી. કૉ–ઓર્ડિનેટર ડૉ. હિતેશભાઈ પટેલ તથા અધ્યક્ષા ડૉ. નેહા હરિયાણી તેમજ ગાર્ડા કૉલેજના તમામ સ્ટાફનો ખૂબ જ સહયોગ પ્રાપ્ત થયો હતો.

## 'રાષ્ટ્રીય હિન્દી દિવસ' નિમિત્તે 'હિન્દી પુસ્તક પરિચય' સ્પર્ધાનું આયોજન











તા. ૧૪/૯/૨૦૨૪ના રોજ નવસારીની સુપ્રસિદ્ધ એવી એસ.બી.ગાર્ડા કૉલેજના ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જરના માર્ગદર્શન હેઠળ હિન્દી વિભાગ અને IQACના સંયુક્ત ઉપક્રમે 'રાષ્ટ્રીય હિન્દી દિવસ'ની ઉજવણી નિમિત્તે 'હિન્દી પુસ્તક પરિચય' સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત રાજભર સંગીતાની પ્રાર્થના દ્વારા કરવામાં આવી હતી. આ પ્રસંગે કૉલેજના ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જર દ્વારા વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં ઉપાચાર્યશ્રી મહેશભાઈ નાયક અને ઉપાચાર્યશ્રી થા IQAC કૉ–ઓર્ડિનેટર ડૉ. હિતેશભાઈ પટેલ પણ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

પુસ્તક પરિચય સ્પર્ધામાં કુલ ૨૨ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં પ્રથમ ક્રમે પુનમ યાદવ, દ્વિતીય ક્રમે ક્રિપા પટેલ અને તૃતીય ક્રમે રિદ્ધિ પટેલ વિજેતા બન્યાં હતાં. આ સ્પર્ધામાં નિર્ણાયક તરીકે સંસ્કૃત વિભાગના અધ્યાપિકા ડૉ. પુનિતાબેન પટેલે સેવા આપી હતી. કૉલેજના અધ્યાપકશ્રીઓ પણ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા માટે હાજર રહ્યા હતા. કાર્યક્રમનું આયોજન હિન્દી વિભાગના એડહોક અધ્યાપિકા શ્રીમતી બીનાબેન આહિર દ્વારા કરવામાં આવ્યું હતું.

## ફાયર સેફટી અવેરનેશ મોકડ્રીલ કાર્યક્રમ





નવસારી નગરીમાં ઉચ્ચ શિક્ષણ સાથે સરકારશ્રીના વિવિધ સલામતી કાર્યક્રમોને એસ.બી.ગાર્ડા કૉલેજમાં અગ્રતાક્રમ આપવામાં આવે છે. આ દિશામાં એસ.બી.ગાર્ડા કૉલેજના શૈક્ષણિક અને બિનશૈક્ષણિક સ્ટાફ માટે ફાયર સેફટી અવેરનેશ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. સદર કાર્યક્રમ નવસારી-વિજલપોર નગરપાલિકાના સહયોગથી કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમનું મોનિટરિંગ એસ.બી.ગાર્ડા કૉલેજના ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જરના માર્ગદર્શન અનુસાર કરવામાં આવ્યું. વિશેષ માર્ગદર્શન માટે નવસારી-વિજલપોર નગરપાલિકાના શ્રી સુરેશભાઈ તથા શ્રી દિક્ષિતભાઈએ ઉપસ્થિત રહી, આગ લાગે ત્યારે તાત્કાલિક શું કરવું? અને શું ના કરવું? તે અંગે દિશા નિર્દેશ આપ્યા હતા. ફાયરસેફટીના સાધનોનો સફળતાપૂર્વક ઉપયોગ કરવાનો ડેમો રજૂ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં ઉપાચાર્યશ્રી મહેશભાઈ નાયક તથા ઉપાચાર્યશ્રી ડૉ. હિતેશભાઈ પટેલ સાથે સમગ્ર સ્ટાફના સભ્યોએ માર્ગદર્શન અને તાલીમ મેળવી હતી. આ કાર્યક્રમ થકી આગ જેવી ઘટનાઓ વખતે માનવજીવન અને મિલકતને બચાવવા માટે ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જરે વિશેષ અપિલ કરી હતી. સમગ્ર કાર્યક્રમ કૉલેજના IQAC દ્વારા સફળતાપૂર્વક સંપન્ન કરવામાં આવ્યો હતો.

## શ્રી રંગ નવચેતન મહિલા આર્ટ્સ કૉલેજ, વાલીયા.

### કાવ્યપઠન સ્પર્ધાની ઉજવણી




તા. ૧૪/૦૯/૨૦૨૪ના રોજ શ્રી રંગ નવચેતન મહિલા આર્ટ્સ કૉલેજ, વાલીયાના હિંદી વિભાગ દ્વારા હિંદી સપ્તાહ અંતર્ગત કાવ્ય પઠન સ્પર્ધાનું આયોજન હિંદી વિભાગાધ્યક્ષા ડૉ. શર્મિલાબેન પટેલના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું છે. આ કાવ્ય પઠન સ્પર્ધામાં કુલ ૧૭ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. હિંદી સાહિત્યના પ્રસિદ્ધ કવિઓની બેનમૂન કવિતાઓની પ્રસ્તુતિ ખૂબ જ સુંદર રીતે વિદ્યાર્થીનીઓ દ્વારા કરવામાં આવી. સમગ્ર કાર્યક્રમનું આયોજન પ્રા. ડૉ. રોશનકુમાર ગામીત અને મીરલબેન ચૌહાણ દ્વારા અને સંચાલન એમ.એ. સેમ-૧ની વિદ્યાર્થીની ચંચળબેન દ્વારા કરવામાં આવ્યું. જેમાં વિદ્યાર્થીઓએ ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. નિર્ણાયક તરીકે પ્રા. ડૉ. રોશનકુમાર એન. ગામિત અને પ્રા. મીરલબેન કે. ચૌહાણે ભૂમિકા નિભાવી હતી. સપ્તાહ દરમિયાન આયોજિત થયેલ શિષ્ટ વાંચન સ્પર્ધા, નિબંધ સ્પર્ધા, દોહાગાન સ્પર્ધા, ચાર્ટ પ્રદર્શન સ્પર્ધા, વકતૃત્વ સ્પર્ધા અને કાવ્ય પઠન સ્પર્ધામાં વિજેતા થયેલ તમામ વિદ્યાર્થીઓને હિંદી વિભાગના અધ્યાપકો દ્વારા રોકડ પુરસ્કાર આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યાં.

### ચાર્ટ પ્રદર્શન સ્પર્ધાનું આયોજન



તા.૧૨/૯/૨૦૨૪ના રોજ શ્રીરંગ નવચેતન મહિલા આર્ટ્સ કૉલેજ વાલીયાના હિંદી વિભાગ દ્વારા હિંદી સપ્તાહ અંતર્ગત ચાર્ટ પ્રદર્શન સ્પર્ધાનું આયોજન ઇન્ચાર્જ આચાર્ય ડૉ. નિયતિબેન ભટ્ટના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું છે. સ્પર્ધામાં કુલ ૧૮ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. હિંદી સાહિત્યના પ્રસિદ્ધ સાહિત્યકારોના વ્યકિતત્વ અને કૃતિત્વને

ચાર્ટ ઉપર અંકિત કરવાનો સુંદર પ્રયત્ન વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું આયોજન પ્રા. ડૉ. શર્મિલાબેન. એસ. પટેલ, ડૉ. રોશનકુમાર ગામીત અને મીરલબેન ચૌહાણ દ્વારા અને સંચાલન એમ.એ.ના વિદ્યાર્થીની એલિસાબેન દ્વારા કરવામાં આવ્યું. આ સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. નિર્ણાયક તરીકે હિંદી વિભાગના અધ્યક્ષ ડૉ. શર્મિલાબેન અને ડૉ. રોશનકુમાર એન. ગામીતે ભૂમિકા નિભાવી હતી. રાષ્ટ્રગાન પછી કાર્યક્રમ પૂર્ણ કરવામાં આવ્યો.

## દોહાગાન સ્પર્ધાનું આયોજન




તા. ૧૧/૦૯/૨૦૨૪ના રોજ શ્રીરંગ નવચેતન મહિલા આર્ટ્સ કૉલેજ વાલીયાના હિંદી વિભાગ દ્વારા હિંદી સપ્તાહ અંતર્ગત ચાર્ટ પ્રદર્શન સ્પર્ધાનું આયોજન હિંદી વિભાગના ડૉ. શર્મિલાબેન પટેલ અને ડૉ. રોશનકુમાર એન. ગામીત તેમજ પ્રા. મિરલબેન કે. ચૌહાણ દ્વારા કરવામાં આવ્યું છે. આ સ્પર્ધામાં કુલ ૩૯ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. હિંદી સાહિત્યના પ્રસિદ્ધ ભકિત કાલીન કવિ કબીરજી તથા રહીમજીના પ્રાસંગિક દોહાની ખૂબ જ સુંદર અભિવ્યકિત અલગ અલગ રાગમાં વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન એમ.એ. સેમ–૩ની વિદ્યાર્થીની એલિસાબેન વસાવા દ્વારા કરવામાં આવ્યું. આ સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. નિર્ણાયક તરીકે એમ.એ. મુલાકાતી પ્રા. ડૉ. હિતેશ્વરીબેન વસાવા તેમજ પ્રા. હરસિદ્ધિબેન વસાવાએ ભૂમિકા નિભાવી હતી. કાર્યક્રમનાં અંતે રાષ્ટ્રગાન કરી કાર્યક્રમને પૂર્ણ કરવામાં આવ્યો હતો.

## નિબંધ સ્પર્ધાનું આયોજન




શ્રીરંગ નવચેતન મહિલા આર્ટ્સ કૉલેજ વાલીયાના હિંદી વિભાગ દ્વારા નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં કુલ ૩૪ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. નિબંધ સ્પર્ધાનો વિષય ભકિત કાલિન સૂફી કવિ. મલિક મુહમ્મદ જાયસીની પ્રસિદ્ધ કૃતિ પદ્માવત પર આધારિત 'જાયસી ઔર ઉનકા પદ્માવત' વિષય પર વિદ્યાર્થીઓ દ્વારા પોતાના વિચારો ખૂબ જ સુંદર રજૂ કરવામાં આવ્યા. આ કાર્યક્રમ કૉલેજના ઇન્ચાર્જ આચાર્ય ડૉ. નિયતિબેન ભટ્ટના માર્ગદર્શન હેઠળ આયોજિત કરવામાં આવ્યો. સમગ્ર કાર્યક્રમનું આયોજન પ્રા. ડૉ. શર્મિલાબેન એસ. પટેલ, ડૉ. રોશનકુમાર એન. ગામીત અને મીરલબેન ચૌહાણ દ્વારા અને સંચાલન ટી.વાય.બી.એ.ના વિદ્યાર્થીનિઓ વસાવા એલિસાબેન દ્વારા કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. નિર્ણાયક તરીકે પી.જી. મુલાકાતી અધ્યાપક દેવીબેન એન. વસાવા તેમજ પ્રા. ડૉ. રોશનકુમાર એન. ગામિતે ભૂમિકા નિભાવી હતી.

## ટીચર્સ ડેની ઉજવણી




શ્રીરંગ નવચેતન મહિલા આર્ટ્સ કૉલેજ વાલીયા ખાતે તા. ૦૫/૦૯/૨૦૨૪ના રોજ ટીર્ચસ ડે ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું. જેમાં કૉલેજની ૭૨ જેટલી વિદ્યાર્થીનીઓ ભાગ લઈ ટીચર્સ બની હતી અને કલાસમાં પોતાનું પર્ફોર્મન્સ આપ્યું હતું તેમજ ટીચર બન્યા પછી એમના અનુભવો કેવા રહ્યા તેની માહિતી આપી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રિન્સીપાલ બનેલ સાક્ષીબેન શિક્ષક બનેલ અનુરાધાબેન દ્વારા કરવામાં આવ્યું હતું. આભારવિધિ કૉલેજના જી.એસ. રિયલબેન દ્વારા કરવામાં આવી હતી. કૉલેજના તમામ પ્રાધ્યાપકોએ વિદ્યાર્થીઓના ઉત્સાહને બિરદાવ્યો હતો.

## સંસ્કૃત સપ્તાહની ઉજવણી–૨૦૨૪



શ્રી રંગ નવચેતન મહિલા આર્ટ્સ કૉલેજ, વાલીયામાં તા. ૩/૯/૨૦૨૪ થી તા. ૬/૯/૨૦૨૪ સુધી સંસ્કૃત સપ્તાહની ઉજવણી કરવામાં આવી. જેમાં વિદ્યાર્થીનીઓ દ્વારા સ્વ પરિચય સંસ્કૃતમાં મૌખિક બોલવવામાં આવ્યા હતા. તેમજ સંસ્કૃત શ્લોક સ્પર્ધા, શ્રીમદભગવદ્ ગીતા પ્રશ્નોતરી તેમજ સંસ્કૃત વ્યાખ્યાન પણ રાખવામાં આવ્યા હતાં. જેમાં જેપી શ્રોફ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ ભરૂચથી ડૉ. દિપકભાઈ પારેખ અને ગવર્મેન્ટ કૉલેજ, નેત્રંગથી ડૉ. સંજયભાઈ વસાવાએ વિદ્વતા સભર વ્યાખ્યાનથી વિદ્યાર્થીઓને જ્ઞાનન્વિત કરવામાં આવ્યા હતાં. જેમાં ૬૦ થી પણ વધુ વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો. પ્રસ્તુત કાર્યક્રમનું આયોજન સંસ્કૃત વિભાગ દ્વારા સંસ્કૃત વિભાગાધ્યક્ષ ડૉ. અલકાબેન ચૌહાણ અને ડૉ. દિનેશસિંહ રાજ દ્વારા કરવામાં આવ્યું હતું. કૉલેજના ઇન્ચાર્જ ડૉ. નિયતિબેન ભટ્ટે વિદ્યાર્થીનીઓને સંસ્કૃતનું જ્ઞાન આપ્યું હતું તેમજ સંસ્કૃત વિષય માટે જાગૃત કર્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. અલકાબેન ચૌહાણે સંભાળ્યું હતું. અંતે આભારવિધિ ડૉ. દીનેશસિંહ રાજે કરી હતી. ॐ पूर्णमदः पूर्णमिदम....अवशिष्यते ॐ शान्तिः शान्तिः शान्तिः । ઈશાસ્વાષ્યોપનિષદ મંત્ર દ્વારા પૂર્ણાહુતિ કરવામાં આવી હતી.

## ફીનિશિગ સ્કુલ ટ્રેનીગ કાર્યક્રમનું આયોજન







શ્રી રંગ નવચેતન મહિલા આર્ટ્સ કૉલેજ, વાલીયા ખાતે તા. ૦૨/૦૯/૨૦૨૪ થી તા. ૧૨/૦૯/૨૦૨૪ તેમજ તા. ૧૩/૦૯/૨૦૨૪ થી તા. ૨૨/૦૯/૨૦૨૪ દરમિયાન બંને બેચના ૯૦ વિદ્યાર્થીનીઓ માટે ૮૦ કલાકની KCG પ્રકલ્પ અંતર્ગત કૌશલ્યવર્ધક તાલીમનું આયોજન કૉ–ઓર્ડિનેટર પ્રા. અનિતાબેન વાઘ અને કૉ–ઓર્ડિનેટર પ્રા. ભાવનાબેન ગોથાણા દ્વારા ઇન્ચાર્જ આચાર્ય ડૉ. નિયતિબેન ભટ્ટના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું. આ તાલીમમાં પ્રશિક્ષક તરીકે શ્રીમતી સ્નેહાબેન કટારા અને નવીનકુમાર દ્વારા લાઈફ સ્કીલ અને કાર્યાત્મક અંગ્રેજી કૌશલ્ય વર્ધક તાલીમથી રોજગારી માટે જરૂરી ઇન્ટરવ્યુ સ્કીલ વિકસિત કરવાની સાથે જીવનમાં સકારાત્મક પરિવર્તન માટે મદદરૂપ સાબિત થાય એ પ્રકારની તાલીમ આપવામાં આવી. ૧૦ દિવસની ટ્રેનીગમાં વિદ્યાર્થીઓએ ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

## શિષ્ટવાંચન સ્પર્ધાનું આયોજન




શ્રી રંગ નવચેતન મહિલા આર્ટ્સ કૉલેજ, વાલીયાના હિંદી વિભાગ દ્વારા હિંદી સપ્તાહ અંતર્ગત તા. ૯/૯/૨૦૨૪ના રોજ શિષ્ટવાંચન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. આ સ્પર્ધામાં કુલ ૨૭ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. હિંદી સાહિત્યકારોના વિચારોની ખૂબ જ સુંદર અભિવ્યકિત વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું આયોજન પ્રા. ડૉ. શર્મિલાબેન એસ. પટેલ, ડૉ. રોશનકુમાર એન. ગામીત અને મીરલબેન ચૌહાણ દ્વારા અને સંચાલન ટી.વાય.બી.એ.ના વિદ્યાર્થીની વસાવા સેજલબેન દ્વારા કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. નિર્ણાયક તરીકે પી.જી. મુલાકાતી અધ્યાપક નિલમબેન વસાવા તેમજ પ્રા. મિરલબેન કે. ચૌહાણે ભૂમિકા નિભાવી હતી.

## સ્વચ્છતા હી સેવા અંતર્ગત સ્વચ્છતા શપથ કાર્યક્રમ

શ્રી રંગ નવચેતન મહિલા આર્ટ્સ કૉલેજ, વાલીયા ખાતે તા. ૨૩/૦૯/૨૦૨૪ના રોજ એન.એસ.એસ. વિભાગ દ્વારા સ્વચ્છતા હી સેવા અંતર્ગત સ્વચ્છતા શપથ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં પ્રોગ્રામ ઓફિસર ડૉ. શર્મિલાબેન એસ. પટેલ દ્વારા વિદ્યાર્થીઓને તેઓનાં ઘર, ગામ, કૉલેજ, કેમ્પસ ની સફાઈ અને કેમ્પસને સ્વચ્છ તેમજ પ્લાસ્ટિક મુકત બનાવવા અને ગમે તે જગ્યાએ કચરો ન

ફેંકવાના વિદ્યાર્થીઓને શપથ ગ્રહણ કરાવવામાં આવ્યા. પ્રોગ્રામ ઓફિસર ડૉ. દિનેશસિંહ રાજ તેમજ ડૉ. રોશનકુમાર ગામીતની ઉપસ્થિતિમાં આ શપથ લેવડાવ્યા છે. અંતે રાષ્ટ્રગાન પછી કાર્યક્રમ પૂર્ણ કરવામાં આવ્યો.




## એન.એસ.એસ દિવસની ઉજવણી

શ્રી રંગ નવચેતન મહિલા આર્ટ્સ કૉલેજ, વાલીયા ખાતે તા. ૨૪/૦૯/૨૦૨૪ના રોજ એન.એસ.એસ. દિવસની ઉજવણી નિમિત્તે ડૉ. દિનેશસિંહ રાજ દ્વારા સ્વચ્છતા અંગે જાગૃતિ લાવવા વ્યાખ્યાન યોજાયું હતું તેમજ તા. ૨૫/૯/૨૦૨૪ના રોજ એન.એસ.એસ વિભાગ દ્વારા સ્વચ્છતા હી સેવા અંતર્ગત સ્વચ્છતા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમ અંતર્ગત આજ રોજ એન.એસ.એસ.ના વિદ્યાર્થીઓ દ્વારા કેમ્પસમાં સાફસફાઈ કરવામાં આવી અને કૉલેજ કેમ્પસને પ્લાસ્ટિક મુકત બનાવવાના અભિયાનના ભાગરૂપે ૯૫૦ ગ્રામ જેટલો પ્લાસ્ટિકનો કચરો ભેગો કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં પ્રોગ્રામ ઓફિસર ડૉ. દિનેશસિંહ રાજ, ડૉ. શર્મિલાબેન એસ. પટેલ તેમજ ડૉ. રોશનકુમાર ગામીત અને પ્રા. ડૉ. દિલાવરખાન પઠાણ ઉપસ્થિત રહ્યા હતા.




## નિબંધ સ્પર્ધાનું આયોજન

શ્રી રંગ નવચેતન મહિલા આર્ટ્સ કૉલેજ, વાલીયા ખાતે તા. ૨૬/૦૯/૨૦૨૪ના રોજ સ્વચ્છતા હી સેવા અંતર્ગત નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. નિબંધ સ્પર્ધાનો વિષય 'સ્વભાવ સ્વચ્છતા–સંસ્કાર સ્વચ્છતા' રાખવામાં આવ્યો હતો. આ સ્પર્ધામાં કુલ ૨૯ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં ઇન્ચાર્જ આચાર્ય ડૉ. નિયતિબેન ભટ્ટ પ્રોગ્રામ ઓફિસર ડૉ. દિનેશસિંહ રાજ, ડૉ. શર્મિલાબેન એસ. પટેલ તેમજ ડૉ. રોશનકુમાર ગામીત અને પ્રા. ડૉ. દિલાવરખાન પઠાણ ઉપસ્થિત રહ્યાં હતાં.




## વ્યાખ્યાન

શ્રી રંગ નવચેતન મહિલા આર્ટ્સ કૉલેજ, વાલીયા ખાતે તા. ૨૭/૯/૨૦૨૪ના રોજ સ્વચ્છતા હી સેવા અંતર્ગત Importance of Freedom Fighter વિષય પર પ્રોગ્રામ ઓફિસર ડૉ. શર્મિલાબેન એસ. પટેલનું વ્યાખ્યાન યોજાયું હતું. આપણા દેશની આઝાદી માટે બલિદાન આપનાર શહિદો મંગલ પાંડે, ભગતસિંહ, સુભાષચંદ્ર બોઝ ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ, સુખદેવ, મહાત્મા ગાંધીજી, જવાહરલાલ નહેરુ, મોરારજી દેસાઈ, જ્યોતિબા ફૂલે, સરોજિની નાયડુની શહાદતને યાદ કરી. ગાંધીજીના સ્વચ્છતાના આદર્શોને ચરિતાર્થ કરી સાચી ભાવાંજલિ આપવા માટે વિદ્યાર્થીઓને આહવાન કરવામાં આવ્યું હતું. દેશ આ કાર્યક્રમમાં કુલ ૮૯ વિદ્યાર્થીઓને ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં ઇન્ચાર્જ આચાર્ય ડૉ. નિયતિબેન ભટ્ટ પ્રોગ્રામ ઓફિસર ડૉ. દિનેશસિંહ રાજ, ડૉ. શર્મિલાબેન એસ પટેલ તેમજ ડૉ. રોશનકુમાર ગામીત ઉપસ્થિત રહ્યાં હતાં.






## શ્રી રંગ શિક્ષણ મહાવિદ્યાલય, બીલીમોરા.

### "Debunking Mythology" વિષય પર એક દિવસીય વેબિનાર



શ્રી રંગ શિક્ષણ મહાવિદ્યાલય, બીલીમોરામાં 'Debunking Mythology' વિષય પર તા. ૨૦/૯/૨૦૨૪ના રોજ એક દિવસીય ઓનલાઈન/ઓફલાઈન વેબિનાર યોજાયો હતો. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે શ્રી ભુપેન્દ્રભાઈ આમીન, પ્રમુખશ્રી, બીલીમોરા વિભાગ કેળવણી મંડળ, સ્ટેન્ડિગ કમિટિના ચેરમેનશ્રી ભરતભાઈ અમીન હાજર રહ્યાં હતાં. મહેમાનોનો આવકાર અને સ્વાગત બી.એડ્. કૉલેજના આચાર્યશ્રી કલ્પેશભાઈ ટંડેલ અને અધ્યાપકો દ્વારા કરવામાં આવ્યો હતો. વેબિનારના મુખ્ય વકતા તરીકે સત્તોલોજી નોન પ્રોફિટ ઓર્ગેનાઈઝેશન, કેલિફોર્નિયા, અમેરિકાના ફાઉન્ડર અને ચેરમેન શ્રી આદિત્ય સતસંગી ઓનલાઈન માધ્યમથી જોડાયા હતા. જેમણે 'Mythology debunking' વિષય સંદર્ભે રામાયણ તેમજ મહાભારતના ભૌગોલિક સ્થળો, ભૌગોલિક ઇતિહાસની સમજ આપી. તેઓએ સનાતન ધર્મ અને હિંદુ ધર્મ વિશેની પણ સુંદર રીતે માહિતી આપી. તેમણે દંતકથા એ ખરેખર ઈતિહાસ છે એ વાત પર ભાર મૂકી ઘણા પુરાવાઓ આપ્યા હતા. આ વેબિનારમાં બીલીમોરા કેળવણી મંડળ સંચાલિત કૉલેજના અધ્યાપકો, શાળાના શિક્ષકો અને આચાર્ય, વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય સંચાલિત બી.એડ કૉલેજના અધ્યાપકો, કૉલેજના તાલીમાર્થીઓ હાજર રહ્યાં હતાં. વેબીનારના કૉ-ઓર્ડિનેટર તરીકે સંસ્થાના પ્રા. ડૉ. ગાયત્રી પટેલ દ્વારા સંચાલન અને આભારવિધિ કરવામાં આવી હતી. વેબિનાર સંદર્ભે ડૉ. ગાયત્રીબેન પટેલે પ્રસંશનીય કામગીરી અદા કરી હતી. વેબીનારના ડાયરેકટર તરીકે કૉલેજના ઇન્ચાર્જ આચાર્ય ડૉ. કલ્પેશભાઈ ટંડેલની રાહબરી હેઠળ કાર્યક્રમ સંપન્ન થયો હતો. કાર્યક્રમમાં બીલીમોરા વિભાગ કેળવણી મંડળના પદાધિકારીશ્રીઓનો સુંદર સહયોગ અને સહકાર પ્રાપ્ત થયો હતો.

## સરકારી વાણિજ્ય અને વિજ્ઞાન કૉલેજ, દહેજ.

### કૉલેજ બિલ્ડીગની સાફ-સફાઈ






તા. ૨૬/૯/૨૦૨૪ના રોજ સરકારી વાણિજ્ય અને વિજ્ઞાન કૉલેજ દહેજ ખાતે NSS વિભાગ દ્વારા 'સ્વચ્છતા હી સેવા' અને સ્વભાવ સ્વચ્છતા-સંસ્કાર સ્વચ્છતા' થીમ આધારિત કૉલેજ બિલ્ડીગની સફાઈ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં વિદ્યાર્થીઓ અને અધ્યાપકો દ્વારા કૉલેજના વર્ગખંડો, વિવિધ વિભાગોની પ્રયોગશાળાઓ, લોબી, સીડીઓ, લાઈબ્રેરી અને પાર્કિંગ વિસ્તારની સાફ સફાઈ કરવામાં આવી હતી. કાર્યક્રમના અંતે NSS વિભાગ દ્વારા બધા વિદ્યાર્થીઓ અને અધ્યાપકો માટે નાસ્તાનું આયોજન કરવામાં આવેલ હતું.સમગ્ર કાર્યક્રમનું આયોજન NSS PO શ્રી.ડૉ. બળદેવભાઈ ચાવડા દ્વારા આચાર્યશ્રી ડૉ. લીના દવેના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

## સરકારી વિનયન કૉલેજ, કપરાડા.

### એન.એસ.એસ. અંતર્ગત સફાઈ કાર્યક્રમ

સરકારી વિનયન કૉલેજ, કપરાડા ખાતે તા. ૨૮/૯/૨૦૨૪ના રોજ NSS અંતર્ગત સફાઈ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જેમાં પ્રથમ અલગ અલગ આઠ ટુકડીઓ બનાવી હતી. દરેક અધ્યાપકોને કામગીરીની સોંપણી કરેલ. પ્રથમ અને બીજા નંબરની ટુકડીનું નેતૃત્વ અધ્યાપિકા ડૉ. મેઘનાબેન અને રશ્મિતાબેને કરેલ, ત્રીજા અને ચોથા નંબરની ટુકડીનુ નેતૃત્વ અધ્યાપકશ્રી દિપકભાઈ અને વિરેંદ્રભાઈએ કરેલ. પાંચમાં અને છઠ્ઠા નંબરની ટુકડીનું નેતૃત્વ અધ્યાપકશ્રી

ડૉ. પ્રફુલ્લભાઈ બી. કુરકુટિયા અને શ્રી. અનિષભાઈ સી. ગામિત અને સાત અને આઠ નંબરની ટુંકડીનું નેતૃત્વ અધ્યાપિકા જીનેલબેન આર. નાયક અને શ્રી ચંદનબેન એ. ચવધરી કરેલ. જે અનુસાર કૉલેજ કેમ્પસમાં અને કૉલેજની આજુબાજુના વિસ્તારમાં વિદ્યાર્થીઓએ મળીને સાફ સફાઈ કરીને ઘન કચરો, લીલો કચરો, પ્લાસ્ટિક કચરાને એકઠું કરી યોગ્ય નિકાલ કરવામાં આવેલ. તેમજ કૉલેજના વિવિધ વર્ગખંડો, લોબી, ગ્રંથાલય વગેરેની પણ સાફ સફાઈ કરી હતી. જેમાં કુલ ૯૦ જેટલા વિદ્યાર્થીઓએ અને ૧૨ જેટલા અધ્યાપક/કર્મચારીગણએ ભાગ લીધો હતો. કાર્યક્રમના અંતે સર્વ વિદ્યાર્થીઓને નાસ્તો કરાવવામાં આવેલ. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન કૉલેજના આચાર્યશ્રી ડૉ.ડી.એન.દેવરીના માર્ગદર્શન હેઠળ અને રાષ્ટ્રીય સેવા યોજનાના પ્રોગ્રામ ઓફિસર અનિષભાઈ સી. ગામીતે તેમજ સર્વ અધ્યાપકોના સહયોગ દ્વારા કરવામાં આવ્યો હતો.

## T. & T. V. Institute of Nursing, Surat.

### સુરતની વિનસ હોસ્પિટલ ખાતે 'ભાવાત્મક સંવાદિતા અને શરીરના ઉર્જા કેન્દ્રનો પરિચય' વિષય પર વર્કશોપ યોજાયો

સુરતની કતારગામ સ્થિત શેઠ દલીચંદ વીરચંદ શ્રોફ અશકતાશ્રમ ટ્રસ્ટ સંચાલિત વિનસ હોસ્પિટલ ખાતે ટ્રસ્ટીશ્રી અનિલ મર્ચન્ટના માર્ગદર્શન હેઠળ ટી.એન્ડ ટી.વી.ઇન્સ્ટીટયુટ ઓફ નર્સિંગ દ્વારા GNM અને B.Sc. (નર્સિંગ), પોસ્ટ બેઝિક B.Sc. (નર્સિંગ), M.Sc. (નર્સિંગ)ના વિદ્યાર્થીઓ માટે 'ભાવાત્મક' સંવાદિતામાં શરીરના ઉર્જા કેન્દ્રનો પરિચય 'અર્થાત ધ જર્ની ટુ ઇકોશનલ હાર્મની–એક્સ્પ્લોરીંગ બોડીસ એનર્જી સેન્ટર' વિષય પર માનસિક, શારીરિક અને સંવેદનાસભર વાણી, વર્તન, વ્યવહાર જેવા નાજુક કેન્દ્ર બિંદુઓની સમજણ સંદર્ભે વર્કશોપ યોજાયો હતો.

આ પ્રસંગે વડોદરાના બેનિટો લાઈફ સોલ્યુશન પ્રા.લિ.ના મેનેજિંગ ડિરેક્ટર, લાઈફકોચ, વાણીવ્યવહારના પરામર્શક, માનસશાસ્ત્રના પથદર્શક, મોટીવેટર અને ચક્રસંહિતાના લેખક જીતેન્દ્ર પટવારીએ આત્મશોધ, તનાવ, કામના સ્થળે વ્યાકુળતા, સંકોચ, બીક, ઈર્ષા, ચિંતા, ઇચ્છા મગજની ગ્રહણશકિત અને ઉર્જાના શ્રોત, તરૂણાવસ્થાની વ્યથા અને મૂંઝવણો, હોસ્પિટલ અને હોસ્ટેલ જીવનની તકલીફો, સાઈબર ગુનાઓ, વિશ્વાસઘાત અને તેની જાગૃતતા જેવા મુદ્દાઓનું તાર્કિક વિશ્લેષણ જેવા મુદ્દાઓ પર રસપ્રદ સમજ આપી હતી. તેમણે માનની અમાપ શકિત અને સમસ્યાઓના ઉકેલ તથા ધ્યાન અને મનની આંતરિક શાંતિ માટે નાના સ્વ–મેળે થતા વૈજ્ઞાનિક પ્રયોગો દ્વારા માનસિક શાંતિ, તંદુરસ્તી અને દર્દીઓની સારવાર સાથે વાર્તાલાપ તેમજ વર્તનમાં આત્મીયતા કેળવવા અંગે માર્ગદર્શન આપ્યું હતું.

સુરત સરકારી નર્સિંગ કૉલેજના પ્રિન્સિપાલ ડૉ. ઇન્દ્રાવતી રાવે મન, શરીર અને રોજબરોજની પ્રવૃત્તિના તાલમેલથી માનસિક સંતુલિત થવા જણાવ્યું હતું. સંસ્થાના આચાર્ય પ્રો. કિરણ દોમડીયાએ ભાવાત્મક સંવાદિતામાં શરીરના ઉર્જાકેન્દ્રનો સકારત્મક સરવાળો થાય તો સરળતા સદ્દભાવનામાં કેળવાય છે એમ જણાવ્યું હતું.

આ પ્રસંગે વાઈસ પ્રિન્સિપાલ જીમ્મી મોગરીયા, ડૉ. ભરત ભલાણી, વિનસ હોસ્પિટલના ડૉ. અંકિત દેસાઈ, નર્સિંગ કૉલેજના માનસિક આરોગ્ય વિભાગના વડા ડૉ તન્વી ભાટીયા, ચિત્રા કંથારીયા, અંજલિ ભડકીવાળા સહિત ફેકલ્ટીસ અને નર્સિંગના વિદ્યાર્થીઓ સહિત શહેરીજનો ઉપસ્થિત રહ્યાં હતાં.

## Smt R.P.Chauhan Arts and Smt J.K.Shah and Shri K.D.Shah Commerce College, Vyara.

### વિશ્વ આદિવાસી દિવસની ઊજવણી








શ્રી ર.ફ.દાબુ કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી આર.પી.ચૌહાણ આર્ટ્સ અને શ્રીમતી જે.કે શાહ અને શ્રી કે.ડી.શાહ કોમર્સ કૉલેજ, વ્યારા. તાપી ખાતે સાંસ્કૃતિક સમિતિના ઉપક્રમે વિશ્વ આદિવાસી દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. જેમાં સમગ્ર કૉલેજ પરિવારના સર્વે સભ્યો તથા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. ભકિતમય વાતાવરણમાં સૌ પ્રથમ આદિવાસી સમાજના કુળદેવી

દેવમોગરામાતાનું પૂજન કરી વિશ્વ આદિવાસી દિવસના કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવ્યો હતો.

આ પ્રસંગે કૉલેજના આચાર્યશ્રી ડૉ. હિતેન્દ્રસિંહ ખરવાસિયાએ આજના પવિત્ર દિવસે સર્વે વિદ્યાર્થીઓ અને તેમના માતા–પિતાઓને અભિનંદન અને શુભેચ્છા પાઠવી આદિવાસી સમાજજીવન અને સંસ્કૃતિ વર્તમાન વિશ્વને ખૂબ મોટુ માર્ગદર્શન આપે છે તથા આદિવાસી સમાજમાં રહેલા શ્રેષ્ઠ ગુણો જેવા કે સરળતા, નમ્રતા, ઉદારતા, સરળ રહેણીકરણી, સંઘર્ષમય અને સાદું જીવન, કઠોર પરિશ્રમ, સામાજિક સમરસતા આજની પેઢીને ખૂબ ઉપયોગી અને પ્રેરણાદાયક બની શકે તેમ છે. એમ જણાવી વર્તમાન પેઢીને અને વિદ્યાર્થી ભાઈ–બહેનોને આદિવાસી જીવન મુલ્યો જીવનમાં ઉતારવા અનુરોધ કર્યો હતો. કૉલેજના ઉપાચાર્યશ્રી વસંતભાઈ ગામીતે પ્રસંગોચિત ઉદ્દબોધન કરી આજના ઝડપી યુગમાં પણ આદિવાસી સમાજે આપણી લોક સંસ્કૃતિને જાળવી રાખવામાં ખૂબ મોટુ યોગદાન આપ્યું છે. ત્યારે આજની આ વર્તમાન પેઢી આપણી આદિવાસી સંસ્કૃતિનું જતન અને રક્ષણ કરે તથા રાષ્ટ્ર વિકાસમાં પોતાની શકિતનો મહત્તમ સદ્ ઉપયોગ કરે એવી લાગણી વ્યકત કરી હતી.

આ પ્રસંગે આદિવાસી સમાજના પરંપરાગત વાદ્યો અને પહેરવેશ સાથે કૉલેજના વિદ્યાર્થી ભાઈ–બહેનો દ્વારા આદિવાસી નૃત્ય અને ગાનનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમજ પર્યાવરણ જાગૃતિનો આદિવાસી સંસ્કૃતિ દ્વારા વિશ્વને જે સંદેશો મળે છે તેના ભાગરૂપે કૉલેજ કેમ્પસમાં NSS. અને NCCના ઉપક્રમે સાંસ્કૃતિક ઓળખ અને પરંપરાઓ વર્તમાન પેઢીમાં જળવાય રહે અને વર્તમાન સમાજ તથા આજની અને આવનારી યુવાપેઢી તેમાંથી ઘણું બધું શીખી શકે તેને ધ્યાનમાં રાખી આદિવાસી લોકગીતો અને આદિવાસી નૃત્યોની સ્પર્ધાનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. (૧) લોકગીત સ્પર્ધા : પ્રથમ ક્રમેઃ ગામીત ધૃતિ એમ. (એસ.વાય.બી.એ.), દ્વિતીય ક્રમે પટેલ હેત જે. (એફ.વાય.બી.એ.) તૃતીયક્રમે પટેલ રીમ્પલ જે. (ટી.વાય.બી.એ.) (૨) આદિવાસી લોકનૃત્ય સ્પર્ધા, પ્રથમ ક્રમે ગામીત સેજલ એન્ડ ગૃપ, દ્વિતીય ક્રમે ગામીત દીપિકા, નિધિ એન્ડ ગૃપ, તૃતીય ક્રમે ગામીત પ્રિયાંશી એન્ડ ગૃપ વિજેતા બન્યા હતાં. આ સ્પર્ધામાં નિર્ણાયક તરીકે ડૉ. જીજ્ઞાબેન વ્યાસ તથા સોનલબેન ચૌધરીએ સેવા આપી હતી. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષ પ્રા. ગોવિંદભાઈ દળવીએ કર્યુ હતું.

## ઉન્નત ભારત અભિયાન અંતર્ગત ઓરિએન્ટેશન કાર્યક્રમ

શ્રી ર.ફ.દાબુ કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી આર.પી.ચૌહાણ આર્ટ્સ અને શ્રીમતી જે.કે શાહ અને શ્રી કે.ડી.શાહ કોમર્સ કૉલેજ તથા બી.સી.એ. કૉલેજ ખાતે વ્યારા કૉલેજના NSS, NCC અને ઉન્નત ભારત સમિતિના ઉપક્રમે ભારત સરકારના MHRD ડિપાર્ટમેન્ટ પ્રેરિત 'ઉન્નત ભારત' અભિયાનના ઓરિએન્ટેશન કાર્યક્રમનું આયોજન સરદાર વલ્લભભાઈ રાષ્ટ્રીય પ્રોદ્યોગિક સંસ્થા, સુરતના સહયોગથી કરવામાં આવ્યું હતું.

કૉલેજના આચાર્યશ્રી ડૉ. હિતેન્દ્રસિંહ ખરવાસિયાએ સૌ પ્રથમ શબ્દ અને પુષ્પગુચ્છથી મહેમાનોનું સ્વાગત કરી ગાંધીજીના આત્મનિર્ભર 'ગ્રામ પ્રજાસત્તાક' સાથે સુમેળ સાધીને ગ્રામીણ વિકાસને લગતા વિવિધ કાર્યક્રમોને પ્રોત્સાહન આપવું, સ્થાનિક સંસાધનોને ઉપયોગ કરવો અને પર્યાવરણની કઈ રીતે માવજત કરી શકાય તેની સમજ આપી ઉન્નત ભારત કાર્યક્રમને કઈ રીતે સફળ બનાવી શકાય તેની જાણકારી આપી હતી.

આ પ્રસંગે ઉપસ્થિત SVNITના રીજીયોનલ કૉ–ઓર્ડિનેટર અને પ્રોફેસર ડૉ. કૃપેશ એ ચૌહાણે ઉન્નત ભારતનું મહત્તવ સમજાવી તેનું વિઝન, મિશન અને ઓબ્જેકટીવની જાણકારી આપી ઉન્નત ભારત અભિયાનનું કેન્દ્રીય માળખું તથા ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓની ભૂમિકા સમજાવી ઉન્નત ભારત અભિયાનથી સંસ્થાને, અધ્યાપકો તથા વિદ્યાર્થીઓને કયા કાય ફાયદાઓ થઈ શકે તથા લોકલ સ્કીલનું મહત્વ સમજાવ્યું. SVNITના કૉ–ઓર્ડિનેટર ડૉ. વિક્રમ રાઠોડે સોલાર અંતર્ગત ગ્રામ્ય રોજગારીની તકો તેમજ પી.એમ.સૂર્યઘર યોજના અને અક્ષય યોજનાનો આર્થિક લાભ કઈ રીતે લઈ શકાય તેની જાણકારી આપી પોર્ટેબલ સોલાર ડ્રાયર દ્વારા ખેતીની ઉપજની સાચવણી અને મુલ્યવર્ધનની જાણકારી આપી હતી. SVNIT માંથી ઉપસ્થિત ડૉ. પીનલ એન્જિનિયરે ડીજીટલ ઇન્ડિયા અંતર્ગત ભારતમાં આવનારી રોજગારીની તકો તથા માય સ્કીમ, ડીજીલોકોર, મેરી પંચાયત જેવી સરકારી મોબાઈલ એપ્લીકેશન તથા નેટવર્કિંગ, ગ્રામીણ શિક્ષણ, આરોગ્ય તથા ખેતી વિષયક જાણકારી આપી હતી. SVNIT ઉન્નત ભારતના મેનેજર શ્યામ રંગરેજે પ્રસંગોચિત ઉદબોધન કર્યું હતું. મીનીસ્ટ્રી ઓફ એજ્યુકેશન અંતર્ગત આઈ.આઈ.ટી. દિલ્હી દ્વારા તાપી જીલ્લામાં ઉન્નત ભારત અભિયાનની કામગીરી અર્થે ૨૫ કૉલેજોને સહભાગી બનવા માટે જણાવવામાં આવેલ હતું. જે અંતર્ગત તાપી જીલ્લાના માનનીય કલેકટરશ્રી ડૉ.વિપિન ગર્ગ , જિલ્લા શિક્ષણાધિકારી શ્રી ધારાબેન પટેલ તથા શિક્ષણ નિરીક્ષકશ્રી ગોવિંદભાઈ ગાંગોડા દ્વારા સતત માર્ગદર્શન પ્રાપ્ત થયા હતા.

આ કાર્યક્રમમાં તાપી જિલ્લામાં આવેલ જુદી જુદી ૨૫ જેટલી કૉલેજોમાંથી આચાર્યશ્રીઓ, અધ્યાપકો અને વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો અને ઉન્નત ભારત અભિયાન કાર્યક્રમ અંતર્ગત ગ્રામ્ય વિકાસ માટેના કાર્યક્રમો કરવાનો સંકલ્પ લીધો હતો. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન અને આભારવિધિ વ્યારા કૉલેજના ઉન્નત ભારત અભિયાનના કૉ–ઓર્ડિનેટર ડૉ. યજ્ઞા વ્યાસે કરી હતી.



## સરકારી વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાન કૉલેજ, કાંછલ.

### વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી નિમિત્તે 'એક પેડ મૉ કે નામ' અભિયાન



સરકારી વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાન કૉલેજમાં એન.એસ.એસ વિભાગ અંતર્ગત તા. ૨૫/૦૬/૨૦૨૪ના રોજ વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી નિમિત્તે 'એક પેડ મૉ કે નામ' અભિયાન શરૂ કરવામાં આવ્યું હતું. જેમાં NSS વિભાગના પ્રોગ્રામ ઓફિસરશ્રી અને કૉલેજના વિદ્યાર્થીઓ દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. જેમાં બોગન વેલ, જાસૂદ, ચેરી, આંબો, તુલસી વગેરે જેવા છોડ રોપવામાં આવ્યા. જેમાં કુલ ૩૮ વિદ્યાર્થીઓ હાજર રહ્યાં હતાં. કૉલેજના અધ્યાપકગણનો સહયોગ અને આચાર્યશ્રીની મંજૂરીથી કાર્યક્રમ પૂર્ણ કરવામાં આવ્યો હતો.

### 'ભારતીય સંસ્કૃતિમાં ગુરુપરંપરા અને મહત્વ' વિશે નિષ્ણાંત વ્યાખ્યાન






સરકારી વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાન કૉલેજના એન.એસ.એસ. વિભાગના ઉપક્રમે તા. ૦૭/૦૮/૨૦૨૪ના રોજ 'ગુરુવંદના કાર્યક્રમ' યોજવામાં આવ્યો. જેમાં મુખ્ય મહેમાન ડૉ. હિમાંશુભાઈ મહેતાએ (અર્થશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ, સરકારી વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાન કૉલેજ, ઉમરપાડા) ગુરુનું મહત્વ, સામાન્યથી મહાન વ્યક્તિઓના જીવનમાં ગુરુની ભૂમિકા વગેરે જેવી બાબતોને વિદ્યાર્થીઓને ઉદાહરણો દ્વારા સમજાવ્યું. જેમાં કુલ ૮૬ વિદ્યાર્થીઓ હાજર રહ્યાં હતાં. આ ઉપરાંત કૉલેજના આચાર્યશ્રી ડૉ. હેતલ એસ. ટંડેલ મેડમના માર્ગદર્શનથી આ કાર્યક્રમ પૂર્ણ કરવામાં આવ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન NSS કૉ–ઓર્ડિનેટર પ્રા. આશાબેન ઠાકરે કર્યુ હતું.

### શ્રી હનુમાન જયંતીની ઉજવણી



સરકારી, વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાન કૉલેજ તથા સરકારી શિક્ષણ મહાવિદ્યાલયના સંયુકત ઉપક્રમે અને NSS વિભાગ અંતર્ગત તા. ૨૩/૪/૨૦૨૩ના રોજ આચાર્યશ્રી ડૉ. હેતલ એસ. ટંડેલનાં માર્ગદર્શન હેઠળ 'શ્રી હનુમાન જયંતી'ની ઉજવણી કરવામાં આવી. આ કાર્યક્રમમાં સૌપ્રથમ શ્રી હનુમાનજીનું નામ લઈને 'હનુમાન ચાલીસા', 'હનુમાન સ્તુતિ' અને ભજનો ગાવામાં આવ્યા હતાં. કૉલેજના તમામ સ્ટાફમિત્રો, કલાર્ક, ગ્રંથપાલ, આચાર્ય વગેરે જોડાયા હતા. ભજન કાર્યક્રમની અંતે સૌ પ્રસાદી લઈ છૂટા પડયા હતાં.

### 'હર ઘર તિરંગા' રેલીનું આયોજન






સરકારી વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાન કૉલેજ તથા કાછલ ગ્રામ પંચાયતના સંયુક્ત ઉપક્રમે 'હર ઘર તિરંગા' રેલીનું આયોજન અને 'નશામુક્તિ ભારત' અંગે સપથ કાર્યક્રમ યોજવામાં આવ્યો. જેમાં કૉલેજના આચાર્યશ્રી ડૉ. હેતલ એસ. ટંડેલ (GES Class-I) તથા કાછલ ગામના સરપંચ શ્રીમતી કલ્પનાબેન ચૌધરી, કૉલેજના સ્ટાફગણ અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ જોડાયા હતા. સૌ પ્રથમ વિદ્યાર્થીઓએ નશામુક્તિ અંગે શપથ લીધા હતાં. જેમાં કુલ ૧૨૭ વિદ્યાર્થીઓ હાજર રહ્યાં હતાં. સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંચાલન સપ્તધારા, સામુદાયિક સેવા ધારાના સંયોજકશ્રીના સહયોગથી કાર્યક્રમ પૂર્ણ કરવામાં આવ્યો.

## NSS દિવસની ઉજવણી






રાજ્ય કક્ષાની રાષ્ટ્રીય સેવા યોજના દિવસની ઉજવણીમાં કાછલ કૉલેજના સ્વયંસેવકો ગરબા સ્પર્ધામાં દ્વિતીય અને રંગોળી સ્પર્ધામાં તૃતીય ક્રમાંકે વિજેતા બન્યા હતા. વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરત ખાતે રાજ્ય કક્ષાની રાષ્ટ્રીય સેવા યોજના દિવસની ઉજવણી નિમિત્તે જુદી જુદી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સરકારી વિનયન વાણિજ્ય અને વિજ્ઞાન કૉલેજ, કાછલના સ્વયંસેવકોએ જુદી જુદી સ્પર્ધામાં ભાગ લીધો હતો. જેમાં પ્રાચીન ગરબા સ્પર્ધામાં ટી.વાય.બી.એ.ની સ્વયંસેવિકાઓ દ્વિતીય ક્રમાંકે વિજેતા બની. રંગોળી સ્પર્ધામાં ચૌધરી ક્રિશ્ના જગદીશભાઈ તૃતીય ક્રમાંકે આવી હતી. આ ઉપરાંત ચૌધરી ધૃતિ વકતૃત્વ સ્પર્ધામાં, એક પાત્રીય અભિનયમાં પટેલ ધ્રુવ, શીઘ્ર કાવ્ય સ્પર્ધામાં પટેલ સાવન, નિબંધ સ્પર્ધામાં પટેલ અંજના, વાધ્ય સંગીત હરીફાઈમાં પટેલ નૈતિકે ભાગ લીધો હતો. ચૌધરી ક્રિશ્ના અને ગરબામાં ભાગ લીધેલ, તમામ સ્વયંસેવિકાઓને આચાર્યશ્રી ડૉ. હેતલ એસ. ટંડેલ મેડમે, પ્રોગ્રામ ઓફિસર, ડૉ. આશા ઠાકોર અને ડૉ. અંકિત પટેલે તેમજ સંસ્થા પરિવારે અભિનંદન પાઠવીને ઉજ્જવળ કારકિર્દી માટેના આર્શીવાદ આપ્યા હતા.

## વ્યાખ્યાન



સરકારી વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાન કૉલેજ કાછલના NSS વિભાગ દ્વારા NSS Orientationના ભાગ રૂપે તા. ૨૨/૦૮/૨૦૨૪ના રોજ ગાંધી કક્ષ ખાતે નિષ્ણાંત વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કાછલ ગ્રામ સરપંચ શ્રીમતી કલ્પનાબેન ચૌધરી અને ભૂતપૂર્વ સરપંચશ્રી નરેનભાઈ ચૌધરીએ 'યુવાનોમાં સામાજિક કાર્યની જરૂરિયાત' વિશે વ્યાખ્યાન આપ્યું હતું. સરકારી બી.એડ.કૉલેજ, કાંછલમાંથી ડૉ. પ્રિયંકા પટેલ 'સ્વામીજીની દ્રષ્ટિએ આજનો યુવાન' વિષય અંગે વ્યાખ્યાન આપ્યું હતું. વિદ્યાર્થીઓને બંને વ્યાખ્યાન સાંભળવાની ખૂબ જ મજા આવી હતી. કૉલેજના આચાર્યશ્રી ડૉ. હેતલબેન એસ. ટંડેલ (GES-Class-I)ની મંજૂરીથી આ કાર્યક્રમ ઉજવવામાં આવ્યો હતો. વિદ્યાર્થીઓએ ભારતીય સંસ્કૃતિ અને પરંપરાને માન આપે તથા આસપાસના આદિવાસી વિસ્તારોમાં વસતાં સામાન્ય વર્ગને ઓળખે તેવા હેતુથી આ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં કુલ ૧૧૨ વિદ્યાર્થીઓ હાજર રહ્યાં હતાં.

## વ્યાખ્યાન





સરકારી વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાન કૉલેજના NSS વિભાગ દ્વારા NSS Orientationના ભાગરૂપે નિષ્ણાંત વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું. જેમાં બારડોની આયુર્વેદિક હોસ્પિટમાં ફરજ બજાવતા મેડિકલ ઓફિસર ડૉ. પ્રીતિબેન પટેલે 'રોજિંદા જીવનમાં પોષક આહાર' અંગે સમજૂતી આપી હતી. વિદ્યાર્થીઓને સ્વાસ્થય અંગેની જાણકારી પ્રાપ્ત થાય તથા રોજિંદા જીવનમાં પોષકયુકત આહાર લેતા થાય તેવા હેતુથી આ વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કુલ ૧૦૦ વિદ્યાર્થીઓ હાજર રહ્યાં હતાં. સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને આયોજન ડૉ. અંકિત પટેલ અને પ્રા. આશાબેન ઠાકોર દ્વારા કરવામાં આવ્યું હતું.

## નિબંધ સ્પર્ધા



મહુવા તાલુકાની કાછલ કૉલેજમાં NSS અંતર્ગત NSS Orientationના ભાગરૂપે તા. ૨૪/૮/૨૦૨૪ના રોજ નેશનલ યુથ ડે નિમિત્તે નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં તમામ પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. કૉલેજના આચાર્યશ્રી ડૉ. હેતલ એસ.ટંડેલ (GES-Class-I)ની મંજૂરીથી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓ સ્વામી વિવેકાનંદજીના વિચારોનું મહત્વ સમજે તથા વિદ્યાથીઓની લેખનકળા વિકસે તેવા હેતુથી આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કુલ ૪૬ વિદ્યાર્થીઓ હાજર રહ્યાં હતાં. નિર્ણાયક તરીકેની ભૂમિકા ડૉ. ધનસુખ પટેલે નિભાવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રા. આશાબેન ઠાકોર દ્વારા કરવામાં આવ્યું હતું.

## શિક્ષણમંત્રીના હસ્તે 'શ્રેષ્ઠ NSS કૉલેજ'નું બહુમાન

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય સુરતમાં કાર્યરત NSS વિભાગ દ્વારા તા. ૧૭/૦૮/૨૦૨૪ના રોજ એક દિવસીય પ્રોગ્રામ ઓફિસરની કાર્યશાળા યોજવામાં આવી હતી. જે માનનીય શિક્ષણમંત્રી (રાજ્યકક્ષા) શ્રી પ્રફુલભાઈ પાનશેરીયા, કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા અને કુલસચિવશ્રી આર.સી.ગઢવીની ઉપસ્થિતિમાં કાર્યશાળા યોજાઈ હતી. જેમાં કૉલેજના NSS પ્રોગ્રામ ઓફિસર તરીકે ડૉ. અંકિત પટેલ હાજર રહ્યા હતા. વિશ્વવિદ્યાલયની ૧૦ શ્રેષ્ઠ NSS કૉલેજમાં સરકારી વિનયન વાણિજ્ય અને વિજ્ઞાન કૉલેજ, કાછલને શિક્ષણમંત્રીશ્રી પ્રફુલ્લભાઈ પાનશેરીયાના હસ્તે 'શ્રેષ્ઠ NSS કૉલેજ' તરીકેનું સન્માનપત્ર એનાયત કરવામાં આવ્યું હતું. શૈક્ષણિક વર્ષ ૨૦૨૩–૨૪ દરમ્યાન રાષ્ટ્રીય સેવા યોજનાના પ્રોગ્રામ ઓફિસર ડૉ. પદ્મા તડવી અને પ્રા. આશા ઠાકોર દ્વારા વિશ્વવિદ્યાલય કક્ષાએ રાષ્ટ્રીય સેવામાં શ્રેષ્ઠ કામગીરી બદલ આ સન્માન મેળવ્યું છે તથા કૉલેજના આચાર્યશ્રી ડૉ. હેતલ એસ. ટંડેલના સૂચનો અને માર્ગદર્શનથી NSS યુનિય કાર્ય સફળતાપૂર્વક પૂર્ણ કરેલ છે અને કાછલ કૉલેજને ગૌરવવંતી બનાવી છે. આ પ્રસંગે સમગ્ર કૉલેજ ગૌરવ અને આનંદની લાગણી અનુભવે છે.





## સફાઈ અભિયાન





સરકારી વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાન કૉલેજ, કાછલમાં કાર્યરત NSS વિભાગ દ્વારા અને કાછલ ગ્રામ પંચાયત સંયુક્ત ઉપક્રમે તા. ૨૩/૯/૨૦૨૪ના રોજ 'સફાઈ અભિયાન''માં જોડાયા. જેમાં NSSના સ્વયંસેવકો, કાછલ ગામની આંગણવાડીમાં ફરજ બજાવતાં મુખ્યસેવિકા જયનાબેન પટેલ, મહુવા–૧ના CDPO શ્રીમતી હિરલ બી. ભુસારા, તથા સરપંચ કલ્પનાબેન ચૌધરીએ સ્વચ્છતાના સંદેશા ફેલાવવાની અપીલ કરી હતી. ત્યારબાદ NSSના સ્વયંસેવકો દ્વારા ગામની સફાઈ કરવામાં આવી હતી. કાર્યક્રમની મંજૂરી કૉલેજના આચાર્યશ્રી ડૉ. હેતલ એસ. ટંડેલે આપી હતી. વિદ્યાર્થીઓ શ્રમદાનનું મહત્વ સમજે તથા સ્વચ્છ ભારત મિશનનો હેતુ સ્પષ્ટ થાય એવા હેતુથી કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંચાલન NSSના પ્રોગ્રામ ઓફિસર ડૉ. આશા ઠાકોર અને ડૉ. અંકિત પટેલ તથા કાછલ ગામના સરપંચ શ્રીમતી કલ્પનાબેન ચૌધરીના સહયોગથી પૂર્ણ કરવામાં આવ્યો.

## પોષણ સપ્તાહની ઉજવણી






સરકારી વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાન કૉલેજ, કાછલમાં કાર્યરત NSS વિભાગ દ્વારા અને કાછલ ગ્રામ પંચાયત સંયુક્ત ઉપક્રમે તા. ૨૩/૯/૨૦૨૪ના રોજ 'પોષણ સપ્તાહ'ની ઉજવણી કરી 'સફાઈ અભિયાન'માં જોડાયા. જેમાં NSSના સ્વયંસેવકોને કાછલ ગામની આંગણવાડીમાં મહુવા–૧ના CDPO શ્રીમતી હિરલ બી. ભુસારાએ વિદ્યાર્થીઓને પોષણ સપ્તાહની ઉજવણી કેમ કરવામાં આવે છે? તથા સમાજ પોષણ હશે તો રાષ્ટ્ર પણ પોષણ બનશે. એવા વિચારો વિદ્યાર્થીઓ સમક્ષ વાગોળ્યા હતા. તથા આંગણવાડીમાં કાર્યરત મુખ્યસેવિકા જયનાબેન પટેલે પણ વિદ્યાર્થીઓને અપીલ કરી હતી કે, સુપોષિત ભારત બને તે હેતુથી આપ સૌએ આપની આસપાસ સુપોષિત આહાર અને સ્વચ્છતાના સંદેશા ફેલાવજો. તથા સરપંચ કલ્પનાબેન ચૌધરી મેડમે પણ વિદ્યાર્થીઓને પોષણ આહાર અંગેની સમજૂતી આપી હતી. ત્યારબાદ NSSના સ્વયંસેવકો દ્વારા ગામની સફાઈ કરવામાં આવી હતી. જેમાં ગામનો ચોરો, આંગણવાડીનો આસપાસનો વિસ્તાર અને ગામના અન્ય ભાગોની સફાઈ કરવામાં આવી હતી. આમ, NSSના સ્વયંસેવકોએ 'પોષણ સપ્તાહ'ની ઉજવણીમાં અને સફાઈ અભિયાનમાં ભાગ લીધો હતો. કાર્યક્રમની મંજૂરી કૉલેજના આચાર્ય ડૉ. હેતલ એસ. ટંડેલે આપી હતી. સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંચાલન NSSના પ્રોગ્રામ ઓફિસર ડૉ. આશા ઠાકોર અને ડૉ. અંકિત પટેલ તથા કાછલ ગામના સરપંચ શ્રીમતી કલ્પનાબેન ચૌધરીના સહયોગથી પૂર્ણ કરવામાં આવ્યો.

## 'સ્વચ્છતા એ જ સેવા' થીમ





સરકારી વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાન કૉલેજ, કાછલમાં કાર્યરત NSS વિભાગ દ્વારા 'સ્વચ્છતા એ જ સેવા ' થીમ પર તા. ૨૧/૯/૨૦૨૪ થી તા. ૨૫/૯/૨૦૨૪ સુધી સફાઈ અભિયાનની ઝુંબેશ ચલાવી હતી જેમાં તમામ સ્વયંસેવકોએ પહેલા પોતાના વર્ગખંડની ત્યારબાદ કૉલેજના અંદરના કેમ્પસની, બહારના કેમ્પસની, બાગની, કૉલેજની બહારના ભાગમાં, સામે આવેલી દુકાનો તરફ વગેરે જગ્યાઓએ સફાઈ કરવામાં આવી હતી. સવારે ૧૦ થી ૧૨ વાગ્યા સુધી વિદ્યાર્થીઓએ શ્રમદાનમાં ફાળો આપ્યો હતો. તેમજ કેમ્પસની સફાઈ પણ કરી હતી. કૉલેજના આચાર્યશ્રી એવા ડૉ. હેતલ એસ. ટંડેલે પણ વિદ્યાર્થીઓને આ સેવાકાર્ય કરવા માટે પ્રોત્સાહિત કર્યા હતાં. સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંચાલન NSS પ્રોગ્રામ ઓફિસર ડૉ. અંકિત પટેલ, પ્રા. આશા આર. ઠાકોર અને કૉલેજના તમામ સ્ટાફગણના સહયોગ દ્વારા પૂર્ણ થયો હતો.

## વિશ્વવિદ્યાલય મધ્યસ્થ ગ્રંથાલય

### Footfall : Dt. 01-09-2024 to 30-09-2024

| Detail | Description | Sep.-2024 | |
|---|---|---|---|
| User | Visitors | 4517 | |
| | Internet Lab User | 77 | |
| Registered Members | Senate/Syndicate Members, Deans Professor and Lecturers, PG Teacher in Affiliated Colleges, University Visiting Teachers, Principals, Lecturers of Collage, Asst, Librarian | 1 | |
| | UG/PG Students | 283 | |
| | Research Scholars | 2 | |
| | Non Teaching Staff | 1 | |
| | Visitors | 3 | |
| | Online User | - | |
| | Total | | 4884 |

Sources: Dr. Jitesh Topiwala, Tech. Assistant, Circulation Section.

### Circulation Section

| Month | Book Issue | Book Return |
|---|---|---|
| September-2024 | 739 | 784 |

Sources: Dr. Jitesh Topiwala, Tech. Assistant, Circulation Section.

### પીએચ.ડી. સંશોધનાર્થી – પ્રકાશિત કરેલ રિસર્ચ પેપર અને કોન્ફરન્સ/સેમિનાર: ખરાઈ પ્રમાણપત્ર (દિનાંક ૧૬–૩–૨૦૨૨ થી પ્રારંભ)

| No. | Month | Nos. of Certificate |
|---|---|---|
| 1 | September-2024 | 03 |

Sources : Ms. Mitali Patel, Jr. Cleark, Circulation Section.

### Details of Ph.D./M.Phil. Plagiarism Detection Certificate Issue

| No. | Month | Nos. of Certificate |
|---|---|---|
| 1 | September-2024 | 02 |

Sources: Dr. Jitesh Topiwala, Tech. Assistant, Classification Section.

### Details of Ph.D./M.Phil. CD Verification Certificate Issue

| No. | Month | Nos. of Certificate |
|---|---|---|
| 1 | September-2024 | 01 |

Sources: Pintu I. Patel, Jr. Library Assistant, Acquisition Section.

**Editor: Dr. Parul R. Patel**
I/c. Librarian, Veer Narmad South Gujarat University, Surat.

**Co-Editor: Dr. Bharat Thakor**
Assistant Professor, Department of Gujarati, Veer Narmad South Gujarat University,Surat.

**Publisher : Dr. R. C. Gadhvi**
Registrar, Veer Narmad South Gujarat University, Surat.

**Type and Design by: Shri Pintu I. Patel**
Jr. Library Assistant, Veer Narmad South Gujarat University, Surat.

'દક્ષિણાયન' સરનામુ : તંત્રી, દક્ષિણાયન, વિશ્વવિદ્યાલય ગ્રંથાલય, વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, ઉધના–મગદલ્લા રોડ, સુરત–૩૯૫૦૦૭ e-mail: dakshinayan@vnsgu.ac.in

This e-NEWSLETTER IS ALSO AVAILABLE ON THE LIBRARY AT WEBSITE www.vnsgu.ac.in